# બાઈબલ અભ્યાસ

ભાગ ૬



## બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ

-રેવ. પરમાનંદ આઈ. ચૌહાણ

# બાઇબલ-અભ્યાસ

## (બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ)

## ભાગ ૬ ઠ્ઠો

લેખક

**રેવ. જયાનંદ આઈ. ચૌહાન** એમ.એ. (જર્નાલિઝમ) યુ.એસ.એ.

કનાન, ખડાયતા કૉલોની પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

– પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન –

**ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

પ્રકાશક
ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

બાઇબલ–અભ્યાસ

ભાગ ૬ ઠ્ઠો

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૧૯૮૭
નકલ ૨,૦૦૦

કીમત રૂ. ૪·૦૦

મુદ્રક
કાંતિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય
રતનપોળ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

## બે શબ્દો કહી લઉં—

આ 'બાઇબલ—અભ્યાસ' નો ભાગ ૬ ઠ્ઠો આપ સૌની સેવામાં ધરતાં આનંદ અનુભવું છું. લોકોએ પ્રશ્નો પૂછ્યા, મેં એના આવડે એવા ઉત્તરો આપ્યા – 'ખ્રિસ્તીબંધુ' દ્વારા. એ પ્રશ્નોત્તરી ક્રમશઃ ૧૯૭૫ થી ચાલતી આવી છે. કદાચ ૧૯૪૬ થી કહુ તોય સાચું. એનો આ સુધારાવધારાવાળો સંગ્રહ.

જાણકારીનો દાવો કરવાની ધૃષ્ટતા નથી. આ તો હું લાભ્યો તેમાં બીજાંને ભાગીદાર બનાવું એ જ ભાવના છે. ત્યારે ૧૯૪૨ ની સાલ ચાલતી હતી. મનમાં બાઇબલના ખુલાસા, ઇત્યાદિ સંબંધીના ઘણા ઘણા પ્રશ્નો મનમાં હતા. મેં ઘણા મિત્રોને પૂછ્યું–લખ્યું. ખાસ કોઈએ રસ દર્શાવ્યો નહિ. પણ પછી પરમપિતા પરમેશ્વરે ક્રમશઃ પ્રકાશ આપવા માંડ્યો.

એવાં કંઈક વર્ષોનાં અંગત બાઇબલ-અભ્યાસ, અને એ માટે કંઈક રાત્રિઓનાં જાગરણ, મથામણ, ઘૂંટણો પર પ્રાર્થના ! એ બધાંનો લાભ બીજાંને પણ મળે તો કેવું સારું ! એટલે મારી જેમ બીજાંના પ્રશ્નો – મૂંઝવણોમાં સહાય બનવા આ પ્રશ્નોત્તરી શરૂ થઈ.

અને બાઇબલ-પ્રેમીઓએ તો હર્ષઘેલાં બનીને આ પ્રયાસને વધાવી લીધો : પત્રો લખ્યા, જાતે મળ્યા, આભાર અને આનંદ વ્યક્ત કર્યા. ખરું કહું ? મારી ઉપર મૂકેલાં આ ભાવના અને ભરોસા માટે મેં છૂપો ક્ષોભ અનુભવ્યો. આનંદ તો થયો જ. તમે સૌનો કેટલો આભાર માનું ?

આ કટારોને 'ખ્રિસ્તીબંધુ'નાં તંત્રીશ્રી શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાને ઉદાર ભાવે તથા ધીરજથી માસિકમાં સ્થાન આપી ઉત્તેજન આપ્યું માટે એમનો પણ આભાર.

છેલ્લે, પ્રભુ પવિત્ર આત્માએ સહાય અને સમજબુદ્ધિ આપી એ માટે, અને તેમનાં અદ્ભુત વચન (બાઇબલ) માટે ત્રૈક ઈશ્વરનો આભાર.

**— જયાનંદ આઈ. ચૌહાન**

# વિષયાનુક્રમણિકા

| | | |
|---|---|---|
| | | પૃષ્ઠ |
| ૧. | "ઊંઘેલા સંતોનાં ઘણાં શરીર ઊઠયાં" | ૧ |
| ૨. | સિત્તેર કે બોતેર શિષ્યો મોકલ્યા ? | ૬ |
| ૩. | મૃત્યુ બધાને માટે છે ? | ૮ |
| ૪. | ફારગતી પછી લગ્ન થઈ શકે ? | ૧૧ |
| ૫. | પગ ઢાંકવા ! | ૧૩ |
| ૬. | સીર્તસ ! | ૧૪ |
| ૭. | યુરાકયુલોન ! | ૧૫ |
| ૮. | ૨ શમુએલ ૨:૨૭. | ૧૬ |
| ૯. | ૨ શમુએલ ૩:૯. | ૧૬ |
| ૧૦. | પુંમૈથુનીઓ ! | ૧૭ |
| ૧૧. | પ્રાર્થના માત્ર ખાનગી ઓરડીમાં જ થઈ શકે ? | ૧૭ |
| ૧૨. | "બાઇબલ" એટલે શું ? | ૧૯ |
| ૧૩. | પીતરને સ્વર્ગમાં તથા પૃથ્વી પર બાંધવા-છોડવાની સત્તા છે ? | ૨૦ |
| ૧૪. | બાઇબલમાં વારંવાર આવતા 'અધિકારીઓ' અને 'સત્તાધારીઓ' કોણ ? | ૨૨ |
| ૧૫. | કેટલા ઇઝરાયલીઓ મિસરમાંથી નીકળ્યા ? | ૨૪ |
| ૧૬. | ઈસુ ખ્રિસ્ત કે ખ્રિસ્ત ઈસુ ? | ૨૮ |
| ૧૭. | પ્રકટીકરણની સાત મંડળીઓ હાલ હયાત છે ? | ૩૦ |
| ૧૮. | ઈશ્વર એક ? – કે બે ? | ૩૧ |
| ૧૯. | અયૂબનો બનાવ ક્યારે બન્યો ? | ૩૨ |
| ૨૦. | પ્રભુ ઈસુ સ્વર્ગથી આવેલા અને ઈશ્વરપુત્ર હતા તેની શી ખાતરી ? | ૩૩ |
| ૨૧. | "તારા પોતાના ટાંકામાંથી પાણી પી," એટલે શું ! | ૩૭ |

પૃષ્ઠ


૨૨. 'ફળ' એટલે શું ? ૩૮
૨૩. "અઝાઝેલ માટેનો બકરો" એટલે શું ? ૩૯
૨૪. ઈસુને પવિત્ર આત્મા મળ્યો,
અને ઈસુએ પવિત્ર આત્મા મોકલ્યો તે વિષે. ૪૨
૨૫. 'સાન્હેદ્રિન' એટલે શું ? ૪૩
૨૬. બદામડીનો ફણગો ! ૪૫
૨૭. પ્રબોધકોના પુત્રો ! ૪૬
૨૮. "તેને ભયના રાજાની હજૂરમાં લાવવામાં આવશે." ૪૭
૨૯. એલ્યાલ ! ૪૮
૩૦. તામ્મૂઝ ! ૪૮
૩૧. ખોળો ખંખેરી નાખવો ! ૪૯
૩૨. માહેર-શાલાલ-હાશ-બાઝ ! ૫૦
૩૩. શું પ્રભુની ઇચ્છા પ્રમાણેની જ પ્રાર્થના સાંભળવામાં આવે છે ? ૫૧
૩૪. સર્વ ઈસુને નામે ક્યારે ઘૂંટણે પડશે, અને
દરેક જીભ ક્યારે કબૂલ કરશે કે 'ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે' ? ૫૨
૩૫. જો ઈશ્વર દુષ્ટતા જોઈ શકતા નથી,
તો શેતાન કેવી રીતે તેમની હજૂરમાં જાય ? ૫૩
૩૬. ઈશ્વરની પ્રતિમામાં સંતોષ ! ૫૬
૩૭. મૃત્યુ પછી સુવાર્તા સાંભળવાની તક મળે ખરી ? ૫૮
૩૮. અબ્રાહમનાં સંતાન આકાશના તારાઓ અને
રેતીના કણ જેટલાં હતાં ખરાં ? ૬૦
૩૯. "ઈશ્વરનું રાજ્ય" અને "આકાશનું રાજ્ય"
એ બે એક જ કે અલગ અલગ ? ૬૨
૪૦. સાત મંડળીઓનાં નામનો અર્થ શો ? ૬૫
૪૧. બાઇબલમાં આપેલા ત્રણ પ્રકારના દિવસોનો શો અર્થ થાય છે ? ૬૫
૪૨. હિબ્રૂ ૬ : ૧-૨નો શો અર્થ થાય ? ૬૬

પૃષ્ઠ
૪૩. ફિલિપી ૩:૧૭-૨૦માં જણાવેલા બધા ખ્રિસ્તીઓ તારણ પામશે? ૬૭
૪૪. પીતરના પહેલા પત્રના ૧:૪માં આપેલા 'વતન'નો અર્થ શો? ૬૮
૪૫. ઘંટી કે ગધેડાઘંટી? ૬૯
૪૬. સાપ ધૂળ ખાય છે? ૭૦
૪૭. પ્રકટીકરણના બે સાક્ષીઓ કોણ? ૭૨
૪૮. સાત વર્ષના વિપત્તિકાળમાં પૃથ્વી પર પવિત્ર આત્મા હશે?
અને ખ્રિસ્તને અનુસરનારા લોકો હશે? ૭૫
૪૯. શા માટે પ્રભુ મૂસાને મારી નાખવા ઇચ્છે છે? ૭૬
૫૦. ગેથસેમાનેમાં પિતાના હાથે પ્યાલો અને પ્રભુ ઈસુનું કષ્ટ! ૮૧
૫૧. માનવીના દુ:ખમાં ઈશ્વર ભાગ લે ખરા? ૮૬

# ૧ "ઊંઘેલા સંતોનાં ઘણાં શરીર ઊઠયાં"

**પ્રશ્ન :** માથ્થી ૨૭ : ૫૨, ૫૩ માં આપ્યું છે : "......ને કબરો ઊઘડી ગઈ, ને ઊંઘેલા સંતોનાં ઘણાં શરીર ઊઠયાં, ને તેના પાછા ઊઠયા પછી તેઓ કબરોમાંથી નીકળીને પવિત્ર નગરમાં ગયાં, ને ઘણાઓને દેખાયાં." આમાં બેત્રણ પ્રશ્નો છે તે મહેરબાની કરીને સમજાવશો: ઈસુના મૃત્યુ સમયે શરીરો ઊઠયાં, અને ત્રીજા દિવસે પ્રભુ ઈસુના પુનરુત્થાન સમયે આ ઊઠેલા સંતો શહેરમાં ગયા, તો ત્યાં સુધી કબરમાં જ રહ્યા ? આ ઊઠેલા સંતો પાછળથી પાછા મરી ગયા ? કે તેઓ સ્વર્ગે કાયમ માટે ગયા ?

**જવાબ :** દોઢેક વર્ષ ઉપર ત્રણ જણે આ પ્રશ્નો પૂછ્યા હતા. છેલ્લા પૂછનારે તા. ૨૧–૭–૮૪ રોજ પૂછ્યો છે, પણ આ પ્રશ્નોના જવાબ આજ સુધી મેં નથી આપ્યા, કેમ કે એ પ્રશ્નો અઘરા છે, અને ખ્રિસ્તી મંડળીમાં ભલભલા અભ્યાસકો જુદી જુદી માન્યતાઓ ધરાવે છે; તેમ જ બાઇબલમાં આપેલી આ બે કલમો પ્રત્યેકને પૂર્ણ સંતોષ થાય તેવી અને તેટલી સ્પષ્ટ આપવામાં આવી નથી.

પ્રથમ તો અહીં આ બે કલમોનો પાઠ જુદાં જુદાં અંગ્રેજી બાઇબલોમાં થોડા થોડા ફેરફાર સાથે આપવામાં આવ્યો છે તે રજૂ કરું છું. એમાં જે સૂક્ષ્મ તફાવત છે તેનો ભેદ તમારે પારખી લેવાનો છે : મેં અંગ્રેજીમાંનો પાઠ બંધબેસતી રીતે ગુજરાતીમાં મૂકયો છે.

**(a) અધિકારયુક્ત (ઓથોરાઇઝ્ડ) આવૃત્તિ અથવા કિંગ જેમ્સ આવૃત્તિ :** "કબરો ઊઘડી ગઈ, અને ઊંઘી ગયેલા સંતોનાં ઘણાં શરીર ઊઠયાં, અને **તેના પુનરુત્થાન પછી કબરમાંથી બહાર આવ્યાં,** અને પવિત્ર નગરમાં ગયાં, અને ઘણાને દેખાયાં." અહીં ઈસુના પુનરુત્થાન પછી તેઓ કબરમાંથી બહાર આવ્યાં.

(b) ગૂડ ન્યૂઝ બાઇબલ : "કબરો ઊઘડી ગઈ, અને ઈશ્વરનાં ઘણાં માણસો જેઓ મરી ગયાં હતાં તેઓને સજીવન કરવામાં આવ્યાં. તેઓ કબરમાંથી બહાર આવ્યાં, અને ઈસુના પુનરુત્થાન પછી, તેઓ પવિત્ર નગરમાં ગયાં, ત્યાં ઘણા લોકોએ તેમને દીઠાં." અહીં ઈસુના પુનરુત્થાન પહેલાં તેઓ કબરમાંથી બહાર આવ્યાં.

(c) ન્યૂ ઇંગ્લિશ બાઇબલ - NEB : "કબરો ઊઘડી ગઈ, અને પ્રભુના ઘણા લોકોને ઊંઘમાંથી સજીવન કરવામાં આવ્યાં; અને તેઓ કબરોમાંથી (ઈસુના) પુનરુત્થાન પછી બહાર નીકળી આવીને પવિત્ર નગરમાં ગયાં, ત્યાં ઘણાંઓએ તેમને જોયાં."

(d) રીવાઇઝ્ડ સ્ટાન્ડર્ડ આવૃત્તિ - RSV : લગભગ ઉપર (c) પ્રમાણે.

આ (c) અને (d) માં બહુ ચતુરાઈથી પાઠ આપ્યો છે. એમનું કહેવું એ છે કે ઈસુના પુનરુત્થાન પછી તેઓ કબરમાંથી બહાર આવ્યાં, અને પવિત્ર નગરમાં ગયાં.

(e) ન્યૂ જેરુશાલેમ બાઇબલ : "કબરો ઊઘડી ગઈ, અને ઊંઘી ગયેલા ઘણા સંતોનાં શરીરોને સજીવન કરવામાં આવ્યાં. તેઓ કબરમાંથી બહાર આવ્યાં, અને ઈસુના પુનરુત્થાન પછી તેઓ પવિત્ર નગરમાં ગયાં, અને ઘણા લોકોને દેખાયાં." આમાં (b) પ્રમાણે સંતો ઈસુના પુનરુત્થાન પહેલાં કબરમાંથી બહાર આવ્યા.

(f) રોમન કૅથોલિક ગુજરાતી : "કબરો ઊઘડી ગઈ, અને ચિરનિદ્રામાં પોઢેલા ઘણા સંતોનાં શરીરો બેઠાં થયાં; ઈસુના પુનરુત્થાન પછી પોતાની કબરોમાંથી બહાર આવીને તેમણે પુણ્ય-નગરીમાં પ્રવેશ કરી ઘણાને દર્શન દીધાં."

(g) આપણી ગુજરાતી આવૃત્તિ : (અંદર જોઈ લેશો.)

ઈસુના ઊઠ્યા પછી તેઓ કબરમાંથી નીકળીને પવિત્ર નગરમાં ગયાં, ને ઘણાઓને દેખાયાં.

હવે આ બે કલમો સંબંધીની જુદી જુદી માન્યતાઓની ચર્ચા રજૂ કરું છું:

**પહેલી માન્યતા :** કેટલાક માને છે કે અહીં ખરેખરું પુનરુત્થાન થયું જ નથી, પણ ઈશ્વરે આ પ્રસંગે કેટલાંક શરીરોને કબરોમાંથી ઉઠાડીને ઘણાઓને બતાવ્યાં. પછી પાછાં તેઓ, ત્રીજા દિવસ બાદ કબરોમાં પાછાં જતાં રહ્યાં. (એફ. ડબ્લ્યુ. ગ્રોશેઈડ, ઇત્યાદિ). આ માન્યતાની સામે બાઇબલના બે શબ્દો બળવો કરે છે : "ઊઠ્યાં" અથવા "ઉઠાડવામાં આવ્યાં," અને "તેઓ નીકળીને પવિત્ર નગરમાં ગયાં."

**બીજી માન્યતા :** આ "ઘણા સંતો" પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાન વખતે કે એ પછી ઊઠ્યા,—ઈસુના મૃત્યુ વખતે નહિ. આ માન્યતાવાળા લોકો મૂળ ગ્રીક પાઠમાં 'અલ્પવિરામ' સહેજ પાછળ ઠેલે છે; એટલે આવો તરજુમો થાય : "ને કબરો ઊઘડી ગઈ, ને તેના પાછા ઊઠ્યા પછી ઊંઘેલા સંતોનાં ઘણાં શરીર ઊઠ્યાં, ને કબરમાંથી નીકળીને પવિત્ર નગરમાં ગયાં." પણ આ માન્યતા ટકી શકે તેમ નથી; કારણ, બાઇબલનો પાઠ સ્પષ્ટ છે કે..."ઈસુએ પ્રાણ છોડયો" ત્યારે આ બનાવ બન્યો. બીજું કે પ્રભુ ઈસુના મૃત્યુ સમયે જે બીજા ચમત્કારિક બનાવો બન્યા—ધરતી કાંપી, ખડકો ફાટી ગયા, અને મંદિરનો પડદો ફાટી ગયો; તો આ એ બધાની સાથે નોંધેલો બનાવ ત્રણ દિવસ પછી કેમ બને?—એટલે કે કબરોમાંથી સંતોનું ઊઠવું

**ત્રીજી માન્યતા :** સજીવન થયેલા આ સંતોને અમર શરીર અથવા પુનરુત્થાનનું શરીર મળ્યું નહોતું, પણ જેમ લાજરસ, યાઇરસની દીકરી, અને નાઈન નગરની વિધવા સ્ત્રીના પુત્રને અસલ ભૌતિક

શરીરો જ પાછાં મળ્યાં હતાં, તેમ આ સંતોને પણ અસલ ભૌતિક શરીરો જ મળ્યાં હતાં. એટલે લાજરસ, વગેરેની જેમ આ સંતો પણ પાછા મરી ગયા. તેઓ મહિમાવાન શરીરે સ્વર્ગે ગયા નહોતા.

તેઓની દલીલ છે કે **"ઊંઘેલા સંતોનાં ઘણાં શરીર ઊઠયાં."** એટલે કે આ સંતો પુનરુત્થાન પામ્યા એમ નહિ, પણ માત્ર જે શરીરો મૃત્યુ પામ્યાં હતાં, તે શરીરો જ અસલ ભૌતિક રૂપમાં જ ઊઠયાં, દાટયાં હતાં તે જ શરીરો ઊઠયાં—પુનરુત્થાનનાં મહિમાવંતાં શરીરો નહિ. કલમમાં પાઠ શરીરો વિષે છે. "શરીરો ઊઠયાં, ...તેઓ કબરોમાંથી નીકળીને પવિત્ર નગરમાં **ગયાં**, ને ઘણાઓને **દેખાયાં.**" પણ આ દલીલ વાજબી નથી. કાંઈ આત્મા (અથવા સંતો) વગરનાં એ ખોળિયાં બધાં ફર્યાં એમ તો નહિ જ. સંતો ઊઠયા, ફર્યા, દેખાયા.

તેઓ બીજી એક દલીલ કરે છે કે ઊઠેલા સંતોનાં શરીરો યરુશાલેમમાં ગયાં, પણ સ્વર્ગમાં નહિ. આ દલીલ પણ તર્કબદ્ધ નથી. પ્રભુ ઈસુ પણ ઊઠયા પછી યરુશાલેમમાં બંધબારણે મળેલા શિષ્યો પાસે આવ્યા હતા, પણ ૪૦ દિવસ પછી તે સ્વર્ગે ગયા. એમ, ઊઠેલા સંતો યરુશાલેમ ગયા, એટલે તેઓ સ્વર્ગે નહિ ગયા હોય એમ તો નહિ જ. હા, જો એ માત્ર લાજરસની જેમ ભૌતિક શરીરોમાં જ ઊઠયા હોય તો સ્વર્ગે ન જઈ શકે, કારણ, એ મહિમાવંત પુનરુત્થાન નહોતું. પણ એ મહિમાવાન પુનરુત્થાન નહોતું, અને માત્ર ભૌતિક શરીરો જ પાછાં ઊઠયાં હતાં એવું કશું જ સ્પષ્ટ પાઠમાં લખ્યું નથી.

**ચોથી માન્યતા :** આ ખરેખરું પુનરુત્થાન હતું, અને મહિવંતાં શરીરોમાં તેઓ ઊઠયા હતા, અને જેમ પ્રભુ ઈસુ પુનરુત્થાન પછી ૪૦ દિવસ પૃથ્વી પર રહ્યા, ઘણાંને દર્શન દીધાં, અને પછી સ્વર્ગગમન કર્યું, તેમ આ સંતો ઊઠયા, ઘણાંને દર્શન દીધાં, અને પ્રભુ ઈસુના પુનરુત્થાન પછી સ્વર્ગે સિધાવ્યા.

૧ કોરીંથી ૧૫ : ૨૦–૨૩ માં આપ્યું છે કે પુનરુત્થાનો અનુક્રમ પ્રમાણે છે. એમાં ખ્રિસ્ત પ્રથમફળ છે, અને તેમના પાછા આવવાને સમયે ખ્રિસ્તના લોકોનું પુનરુત્થાન થશે, જેમાં મંડળી અને જૂના કરારના સંતો હશે (જુઓ, પુનરુત્થાનો વિષેનું લેખકનું પુસ્તક). પણ આ **'પ્રથમફળ'** વિષે—પ્રથમફળના પર્વ વિષે લેવી ૨૩ : ૯–૧૪ માં આપવામાં આવ્યું છે. એ પ્રભુ ઈસુના (પ્રથમફળરૂપ) પુનરુત્થાનની પૂર્વછાયા છે. તેમાં એક પૂળી લેવાની હતી, ને તે વડે યહોવા આગળ આરતી ઉતારવાની હતી. છૂટા છૂટા છોડની એ બાંધેલી પૂળી હતી. એટલે પ્રભુ ઈસુ અને જૂના કરારના આ અમુક સંતો જે પુનરુત્થાન પામ્યા, તેઓ મૂએલાંમાથી ઊઠનાર પ્રથમફળ છે. અને ખ્રિસ્તના પાપનિવારક અને અસરકારક મૃત્યુને લીધે જ આ સંતો પુનરુત્થાન પામ્યા. એટલે આ બનાવ પ્રે. કૃ. ૨૬ : ૨૩ અને ૧ કોરીંથી ૧૫ : ૨૦–૨૩ વિરુદ્ધ નથી.

આ જૂના કરારના અમુક સંતો હતા, પણ તેમાં દાઉદ નથી. કારણ, પ્રે. કૃ. ૨ : ૨૯ માં પીતર પોતાના ભાષણમાં દાઉદ વિષે કહે છે : “ ભાઈઓ, આપણા પૂર્વજ દાઉદ વિષે હું તમને ખુલ્લી રીતે કહી શકું છું કે તે મરણ પામ્યો છે, અને દટાયો પણ છે, અને તેની કબર આજ સુધી આપણે અહીં છે.” એટલે કે પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી દશ દિવસ પછી, પવિત્ર આત્મા આવ્યાને સમયે, પીતર ભાષણ કરે છે ત્યાં સુધી દાઉદ ઊઠેલો નથી. (વળી, જુઓ પ્રે. કૃ. ૨ : ૩૪.)

તેઓ (ઊઠેલા સંતો) યરુશાલેમમાં ગયા, અને એ પછી સ્વર્ગે સિધાવ્યા; ત્યાં સુધી તેઓ ક્યાં રહ્યા હશે તે વિષે બાઇબલમાં કશું આપ્યું નથી; જેમ ઉત્થાન પછી પ્રભુ ઈસુ ૪૦ દિવસ સુધી ક્યાં રહ્યા તે આપ્યું નથી તેમ.

# ૨ સિત્તેર કે બોતેર શિષ્યો મોકલ્યા ?

**પ્રશ્ન :** આપણા ગુજરાતી બાઇબલમાં લૂક ૧૦ : ૧માં લખ્યું છે કે "પ્રભુએ બીજા **સિત્તેર** શિષ્યોને ઠરાવ્યા" અને "બબ્બેને પોતાની આગળ મોકલ્યા." જ્યારે રોમન કૅથોલિક '**સંપૂર્ણ** બાઇબલ'માં એ જ કલમમાં લખ્યું છે "બીજા બોતેર શિષ્યોને નીમીને...અગાઉથી મોકલી આપ્યા." તો કયું ખરું? "સિત્તેર" કે "બોતેર"? કંઈ ભૂલ તો નથી ને?

**જવાબ :** આપણા ગુજરાતી બાઇબલમાં લૂક ૧૦ : ૧ માં "**સિત્તેર**" છે, જ્યારે રોમન કૅથોલિક 'સંપૂર્ણ બાઇબલ' માં "**બોતેર**" છે; એટલું જ નહિ, પણ બાઇબલ સોસાયટીના હિંદી બાઇબલમાં તેમ જ મરાઠી બાઇબલમાં **બોતેર** છે. વળી, ન્યૂ ઇંગ્લિશ બાઇબલ (**NEB**) માં, ગૂડ ન્યૂઝ બાઇબલમાં, જેરુશાલેમ બાઇબલમાં ૭૨ ની સંખ્યા છે; જ્યારે કિંગ જેમ્સ (**AV**) આવૃત્તિમાં, રીવાઇઝ્ડ સ્ટાન્ડર્ડ આવૃત્તિ (**RSV**) માં, અને લિવિંગ બાઇબલમાં ૭૦ નો આંકડો છે. મૂળ સંખ્યા કેટલી હશે તે નક્કી કરવું મુશ્કેલ છે, એ આપણે આ બધા પરથી જોઈ શકીએ છીએ.

હિંદીમાં નીચે ફૂટનોટમાં આપ્યું છે "**કુછ પ્રાચીન પ્રતિયોંમે**, '**સત્તર**'—એટલે કે 'સિત્તેર'. ગૂડ ન્યૂઝમાં પણ એવો જ ખુલાસો ફૂટનોટમાં આપ્યો છે.

નવો કરાર મૂળમાં ગ્રીક ભાષામાં લખવામાં આવ્યો, અને બરુમાંથી બનાવેલા 'પાપીરસ'ના નાના નાના કકડાઓ ઉપર એ અસલ લખાયો હતો. અને શાસ્ત્રીઓ વારંવાર એની હસ્તનકલો બનાવ્યા જ કરતા. આવી હસ્તપ્રતોની (ઈ. સ. ૨૫૦ ની આસપાસ લખાયેલી હસ્ત-

પ્રતોનો) બે નકલ હાલમાં પણ જોવા મળે છે. એમાંની એક પ્રતમાં "O," લખેલું છે, જેનો અર્થ '૭૦' થાય છે, જ્યારે બીજી પ્રત માત્ર વીસેક વર્ષ પર જ મળી આવી છે તેમાં "OB" લખ્યું છે, જેનો અર્થ '૭૨' થાય છે. (ગ્રીકમાં દરેક અક્ષરને અમુક સંખ્યાની સંજ્ઞા તરીકે વાપરતા હતા, તે પ્રમાણે). એ પછીની મળી આવેલી નકલો આ બે સંખ્યા વચ્ચે અર્ધી અર્ધી વહેંચાયેલી છે. એમાંથી એક ભૂલભરેલી સંખ્યા છે; પણ કઈ ભૂલભરેલી છે તે કોણ કહી શકે!

બાઇબલમાં અન્યત્ર વપરાયેલી સંખ્યાઓ અને સંજોગો પરથી કેટલીક સાચી તારવી શકાય. મૂસાએ ૭૦ વડીલો નીમ્યા હતા (ગણના ૧૧ : ૧૬, ૨૪), અને તે સિત્તેર ઉપર પવિત્ર આત્મા ઊતર્યો. પણ ગણના ૧૧ : ૨૬માં આપ્યું છે કે "પણ છાવણીમાં બે પુરુષ રહી ગયા હતા,......અને તેઓના ઉપર આત્મા ઊતર્યો." આમ કુલ ૭૨ જણ પર આત્મા ઊતર્યો, અને તેઓ પ્રબોધ કરવા લાગ્યા.

વળી, ઉત્પત્તિ ૧૦ માં પ્રજાઓની નામાવળી આપેલી છે, એને "૭૦ પ્રજાઓની યાદી" કહેવામાં આવતી; જ્યારે બીજા કેટલાક રાબ્બીઓ એને "૭૦ પ્રજાઓની યાદી" કહેતા. પ્રભુ ઈસુના સમયમાં યહૂદીઓની વરિષ્ઠ ન્યાયસભા 'સાન્હેદ્રીન'માં ૭૦ સભ્યો બેસતા. એમ, ઘણાં બધાં એવાં મંડળોમાં ૭૦ સભ્યો રખાતા.

ઇઝરાયલ લોકો સિનાઇના રણમાં થઈને મુસાફરી કરતા હતા, ત્યારે તેઓ એલિમ નામના સ્થળે આવ્યા, જ્યાં "**બાર** પાણીના ઝરા અને **સિત્તેર** ખજૂરીનાં ઝાડ હતાં." આ પરથી કેટલાક કહે છે કે પ્રભુ ઈસુએ **બાર** શિષ્યોને પસંદ કર્યા, અને બીજા **સિત્તેરને** પણ પસંદ કર્યા. પણ આવા તર્કને સત્ય સમજવામાં કોઈ સ્થાન નથી.

# ૩ મૃત્યુ બધાને માટે છે?

**પ્રશ્ન :** બાઇબલ એમ જણાવે છે કે એકેએક મનુષ્યે એક વાર મરવાનું છે જ. હિબ્રૂ ૯ : ૨૭માં લખ્યું છે: "જેમ માણસોને એક જ વાર મરવાનું, અને ત્યાર પછી તેમનો ન્યાય થાય એવું નિર્માણ થયેલું છે;......" તો પછી હનોખ અને એલિયા જીવતા સ્વર્ગે ગયા તેમના વિષે શું ?

**જવાબ :** ઘણી વખતે કલમનો થોડોક ભાગ લઇને વિચિત્ર અર્થઘટન કરવામાં આવે છે તેવું જ અહીં બન્યું છે. કયા સંદર્ભમાં અમુક વાક્ય લખાયું છે તે આગળપાછળનું અનુસંધાન જોઈએ તો જ સાચો અર્થ સમજી શકાય. 'બધાં જ માણસે એક વાર મરવું જ પડે' એવું કોઈ સૈદ્ધાંતિક સત્ય અહીં આપવામાં આવ્યું નથી, પણ એક સામાન્ય, દરરોજ બનતી વ્યાવહારિક વાત અહીં રજૂ કરી છે; નહિ કે એક સનાતન સત્ય.

આ બાઇબલપાઠનું કહેવું આટલું જ છે : જેમ સામાન્ય રીતે માણસ એક વખત મરે છે, (અને ફરી ફરી મરતો નથી) તેમ ખ્રિસ્ત પણ "પોતાના બલિદાનથી પાપને દૂર કરવા માટે **એક જ વખત** પ્રગટ થયો,......ખ્રિસ્તે ઘણાંઓનાં પાપ માથે લેવા સારુ **એક જ વાર** બલિદાન આપ્યું......" પાપ માથે લેવા બીજી વાર આવવાની જરૂર રહેતી નથી. પાપ દૂર કરવા માટે ખ્રિસ્તના આ એક જ વખત આવવા વિષેના સનાતન સત્ય વિષેની વાત આ બાઇબલ-પાઠમાં મુખ્ય વાત છે; જ્યારે માણસે એક વાર મરવાની વાત તો ઉદાહરણ તરીકે આપી છે, એમાં કોઈ સિદ્ધાંત આપ્યો નથી. આ સંદર્ભ સમજી લેવો જરૂરી છે.

હનોખ અને એલિયા મૃત્યુ ચાખ્યા વગર સ્વર્ગે ગયા એ વાત સાચી છે, અને બાઇબલે એ સત્ય હકીકતની નોંધણી પણ કરી છે. એ બે જણે હવે મરવાની જરૂર નથી. કેટલાક બાઇબલ-અભ્યાસકો પ્રકટીકરણ ૧૧ : ૩–૧૨માં યરુશાલેમમાં તાટ પહેરીને ૧૨૬૦ દિવસ (સાડાત્રણ વર્ષ) સુધી પ્રબોધ કરશે ને પછી મારી નંખાશે, તે પછી જીવતા થશે; એ બે પ્રબોધકો તો આ હનોખ અને એલિયા હશે, એમ જણાવે છે, અને આખરે તેઓ મૃત્યુને ચાખશે. તેઓ મર્યા વગર સ્વર્ગે ગયેલા માટે જ તેઓ આવશે અને મરશે, એમ માનવું તે વાજબી અર્થઘટન નથી. ધારો કે હનોખ અને એલિયા પૃથ્વી પર પાછા આવ્યા ! તો તેઓ કેવી રીતે આવ્યા ? ફરી જન્મ લઇને ? ના, બાઇબલ (હિંદુધર્મ જેમ) પુનર્જન્મમાં માનતું નથી. તો શું તેઓ સ્વર્ગેથી સીધા યરુશાલેમમાં ઊતરી પડ્યા ? એ વાત પણ ગળે ઊતરે તેવી નથી; કારણ, એક વખત સ્વર્ગમાં મહિમાવંત શરીર પામ્યા પછી કોઈ પણ વ્યક્તિ ભૌતિક શરીર ધારણ કરતી નથી, અને જો ભૌતિક શરીર ના હોય, તો તેઓ ૧૨૬૦ દિવસ પછી મરી શકે જ નહિ. કારણ, મહિમાવંત શરીરો માટે મરણ છે જ નહિ.

એટલે આ બે સંતો (પ્રબોધકો) હનોખ અને એલિયા જ હોય, એમ માની લેવાની જરૂર નથી. બાઇબલ પોતે એ બે જણની ઓળખ આપતું નથી, તો આપણે મિથ્યા તર્ક કરવા નકામા છે.

ખ્રિસ્ત પોતે પાછા આવવાના છે, પણ પુનરુત્થાનમાં તેઓ જે મહિમાવંત શરીર પામ્યા, એ જ મહિમાવંત શરીરમાં જ તે પાછા આવશે. પણ એ મહિમાવંત શરીર મરી શકે નહિ, અને ખ્રિસ્તે પોતાના પુનરાગમનમાં મરવાનું છે જ નહિ.

બાઇબલનું બીજું એક સત્ય પણ અહીં આપણે યાદ રાખવાનું છે : પ્રભુ ઈસુ પોતાની મંડળીને લેવા માટે ગગનમાં આવશે ત્યારે ખ્રિસ્તમાં મરી ગયેલાં ઊઠશે એ ખરું, પણ બીજાં હજારો જેઓ પ્રભુ

ઈસુનાં હશે, અને તે વખતે જીવતાં હશે, તેઓ મૃત્યુને ચાખ્યા વગર, આંખના પલકારામાં ભૌતિક શરીરોમાંથી આત્મિક અથવા મહિમાવંતાં શરીરોમાં રૂપાંતર પામશે, અને પછી ગગનમાં ઊંચકાઈ જશે. "અને ખ્રિસ્તમાં જેઓ મૂએલાં છે તેઓ પ્રથમ ઊઠશે; પછી આપણામાંનાં જેઓ જીવતાં રહેનારાં છીએ, તેઓ ગગનમાં પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળાંમાં તણાઈ જઈશું" (૧ થેસ્સા. ૪ : ૧૬, ૧૭). વળી, ફિલિપી ૩ : ૨૧ પણ એ જ વાત કહે છે : "......તે પ્રમાણે આપણી અધમાવસ્થામાંનાં શરીરનું એવું રૂપાંતર કરશે કે તે તેના (ખ્રિસ્તના) મહિમાવાન શરીરના જેવું થાય." આ બધાનો અર્થ એ થયો કે પ્રભુ ઈસુના પુનરાગમન સમયે જે બધા પ્રભુના લોકો જીવતા હશે, તેઓ મૃત્યુમાંથી પસાર થયા વગર જ, મહિમાવંત શરીરો ધારણ કરીને ગગનમાં ચઢી જશે. તેઓ મૃત્યુ ચાખશે નહિ. એટલે હિબ્રૂ ૯ : ૨૭ ની વાત : "માણસોને એક જ વાર મરવાનું" એમ બનતું નથી.

આ ઉપરાંત, પ્રભુ ઈસુના પોતાના જ શબ્દો કેવા સ્પષ્ટ છે! 'ઈસુએ તેને (માર્થાને) કહ્યું કે, પુનરુત્થાન તથા જીવન હું છું; જે મારા પર વિશ્વાસ કરે છે તે જોકે મરી જાય, તોપણ જીવતો થશે; અને જે કોઈ જીવે છે, અને મારા પર વિશ્વાસ રાખે છે, **તે કદી મરશે નહિ જ;...**" (યોહાન ૧૧ : ૨૫, ૨૬). હા, પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણાં પાપ માટે અસહ્ય દુ:ખ વેઠીને, મૃત્યુ વેઠી, મૃત્યુનો ડંખ તોડીને, સજીવન થયા; એટલે હવે બધાંને મૃત્યુ ચાખવાનું નથી; અમુક જણ મૃત્યુમાં પોઢ્યા વગર જીવતાજીવ સ્વર્ગે જશે, એટલે જ હિબ્રૂ ૯ : ૨૭ ની વાત "માણસોને એક જ વાર મરવાનું" એ સનાતન સત્ય નથી, અને હનોખ તથા એલિયાએ ફરી મરવા આવવાની જરૂર રહેતી નથી.

# ૪ ફારગતી પછી લગ્ન થઈ શકે?

**પ્રશ્ન:** ફારગતી થઈ હોય એવી વ્યક્તિઓનાં ફરી લગ્ન થઈ શકે? કેટલાક કહે છે કે થઈ શકે. તો એવાં લગ્ન મંદિરમાં થઈ શકે કે માંડવા નીચે કરવાં જોઈએ? માથ્થી ૧૯ : ૯ નો શો અર્થ થાય?

**જવાબ :** ઉત્પત્તિકાળે ઈશ્વરે આદમ અને હવાને બનાવ્યાં ત્યારે ઈશ્વરે સ્પષ્ટ કહ્યું કે "તેઓ એક દેહ થશે." દુનિયાની ભાષામાં આ 'એક દેહ' શબ્દોનો પડઘો પડે છે : ગુજરાતીમાં સ્ત્રીને 'અર્ધાંગના' (અધુંં શરીર યા અર્ધો દેહ); અંગ્રેજીમાં 'બેટર હાફ' (હાફ એટલે અર્ધું); આને લઈને લગ્નની ક્રિયામાં હોય છે : "ઈશ્વરે જેને જોડ્યું છે તેને કોઈ માણસ જુદું પાડે નહિ."

એ પ્રમાણે પ્રભુ ઈસુના શબ્દો તપાસીએ : માથ્થી ૫ : ૩૨ "પણ હું તમને કહું છું **કે વ્યભિચારના કારણ વગર** જે કોઈ પોતાની સ્ત્રીને મૂકી દે, તે તેની પાસે વ્યભિચાર કરાવે છે; અને જે કોઈ તે મૂકી દીધેલીની જોડે લગ્ન કરે છે, તે પણ વ્યભિચાર કરે છે." વળી એવું જ માથ્થી ૧૯ : ૯ માં પણ છે : "અને હું તમને કહું છું કે, **વ્યભિચારના કારણ વગર** જે કોઈ પોતાની સ્ત્રીને મૂકી દઈને બીજીને પરણે, તે વ્યભિચાર કરે છે; અને તે મૂકી દીધેલીની જોડે જે પરણે તે પણ વ્યભિચાર કરે છે." આ બંને વિધાનમાં પ્રભુ ઈસુ એક વાતની સ્પષ્ટ છૂટ મૂકે છે : વ્યભિચારને કારણે ફારગતી થઈ શકે. પતિ–પત્નીમાંથી કોઈપણ એક જણ વ્યભિચાર આચરે, તો સામી વ્યક્તિ ફારગતી લઈ શકે. એમ ફારગતી મેળવવામાં કોઈ પાપ નથી. પતિ–પત્ની **એક દેહ** હતાં, તેમાંથી એક જણે 'એક દેહનો' છેડો ફાડીને બીજા 'દેહ' સાથે સંબંધ કર્યો, એટલે ભાગ પડ્યા જ. એટલે એમાં ફારગતી(છૂટાછેડા) ને અવકાશ રહે છે.

આ બે જણામાં વ્યભિચાર કરનાર પાત્ર **દોષિત** છે, અને એ એમાંની બીજી વ્યક્તિ **નિર્દોષ** પાત્ર છે. પ્રભુ ઈસુના શબ્દો પ્રમાણે આ **દોષિત પાત્ર** બીજે લગ્ન કરે (!) તો તે બે જણાં વ્યભિચારમાં જીવે છે, પણ 'એક દેહ'માંનું **નિર્દોષ પાત્ર** બીજે લગ્ન કરી શકે છે. કોઈપણ અધિકારયુક્ત લગ્ન કરાવનાર વ્યક્તિ કોઈ સંકોચ વગર એ લગ્ન કરાવી શકે.

મંદિરમાં એવું લગ્ન થઈ શકે ? હા, કેમ નહિ ? જે બે વ્યક્તિઓને તમે 'પિતા, પુત્ર અને પવિત્ર આત્મા'ને નામે જોડી શકો છો, તેમને મંદિરમાં નહિ જોડવાનું કોઈ કારણ ખરું ? જો એ ખામીભર્યું જોડાણ હોત, તો તમે એને 'પિતા, પુત્ર, અને પવિત્ર આત્મા'ને નામે જોડી શકત નહિ ! યાદ રાખીએ કે "મંદિર કરતાં અહીં એક મોટો છે"– ત્રિએક ઈશ્વર ! એ ત્રિએક ઈશ્વરને નામે આ યુગલ જોડી શકાય એ બરાબર; પણ એને મંદિરમાં ના જોડી શકાય ! આ કેવો ભયંકર વિચાર છે ! ત્રિએક ઈશ્વર કરતાં મંદિર ચઢે ?

બીજી વાત : મંડળીના આ જમાનામાં 'મંદિર'ને કોઈ સ્થાન નથી. યરુશાલેમના મંદિરની વાત જુદી છે. પ્રભુએ એનું માપ, નકશો આપ્યાં હતાં; કઈ જમીનમાં બાંધવું તે પણ જણાવ્યું હતું; અને ત્યાં પ્રભુનો વાસો રહેશે એ પણ જણાવ્યુ હતું. [જુઓ, લેખકનું પુસ્તક "બાઇબલ–અભ્યાસ", ભાગ ૫ મો, તેનું પૃષ્ઠ ૧૫, પ્રશ્ન ૭મો : "આપણાં પ્રભુમંદિરો (દેવળો) પવિત્ર સ્થળો છે ?"] પણ આપણાં મંડળીના જમાનામાં મંદિરો તો માત્ર ભક્તિ–ભજન માટે આપણે બાંધેલાં મકાનો છે. ઈશ્વરની ખાસ વિશિષ્ઠ હાજરી એમાં નથી; એટલે બહારની જમીન, મંડપનો અંદરનો ભાગ, કે મંદિરનો અંદરનો ભાગ, ઈશ્વરની નજરે સરખાં જ છે. એટલે આવાં લગ્ન મંડપમાં થાય, અને મંદિરમાં ન થાય, એ ખામી ભરેલી વિચારસરણી છે; બાઇબલને એનું અનુમોદન નથી, કે ઈશ્વર એવા ભેદભાવ માન્ય રાખતા નથી. અમુક મંડળી કે

મંડળીઓની 'રૂઢિ' કે 'રીતરિવાજ' એ તદ્દન અલગ વાત છે. એટલે નિર્દોષ પાત્રનું લગ્ન અધિકારયુક્ત વ્યક્તિ, મંદિરમાં કરી શકે છે.

એક ધ્યાનમાં રાખવાની વાત: 'એફિડેવિટ' કે 'જ્યુડિશ્યલ સેપરેશન' એ ફારગતી નથી. એવાનાં લગ્ન થઈ શકે નહિ. પણ એમાંનું એક પાત્ર બીજા કોઈની સાથે કોઈક રીતે ગોઠવાઈ જાય, અથવા મૃત્યુ પામે, તો બીજું પાત્ર રીતસરની ફારગતી મેળવીને રીતસરનું લગ્ન કરી શકે. (દોષિત પાત્રને ઉપરનો નિયમ લાગુ પડે છે.)

## ૫ પગ ઢાંકવા !

બાઇબલમાં બે જગાએ આ રૂઢિપ્રયોગ વાપરવામાં આવ્યો છે. મૂળ હિબ્રૂ ભાષાના રૂઢિપ્રયોગને માત્ર શાબ્દિક તરજુમા દ્વારા આ બે જગાએ ઉતારવામાં આવ્યો છે:

(૧) **ન્યાયાધીશો ૩ : ૨૪** "અને તેઓએ કહ્યું, બેશક, શીતળ ઓરડીમાં તે પોતાના પગ ઢાંકતો હશે." મોઆબના રાજા એગ્લોનને એની પોતાની શીતળ ઓરડીમાં એકલો બેઠો હતો, ત્યારે એહૂદે એને મારી નાખ્યો. રાજા બહાર ન નીકળ્યો, અને બહુ વાર થઈ, એટલે રાજાના હજૂરીઆઓએ ધાર્યું કે તે અંદર "પોતાના પગ ઢાંકતો હશે." મોટા ભાગના લોકો આ શબ્દોનો એવો અર્થ કરે છે કે એગ્લોન રાજા શીતળ ઓરડીમાં સૂઈ ગયો હશે, અને ચાદર કે એવું કંઈક એણે ઓઢ્યું હશે કે એ વડે પગને ઢાંક્યા હશે. પણ "પગ ઢાંકવા" એ હિબ્રૂ રૂઢિપ્રયોગ હતો, અને એનો અર્થ થાય છે કે **"તે હાજતે (અથવા 'જાજરૂ') ગયો હશે."**

(૨) એ જ પ્રમાણે **૧ શમુએલ ૨૪ : ૩** શાઉલ રાજા દાઉદની પાછળ પડ્યો હતો, અને દાઉદને શોધવા શાઉલ રાજા એન-ગેદીના

વગડામાં ફરતો હતો, તે વખતની આ બીના છે: "અને તે માર્ગે મેંઢવાડાઓ પાસે આવ્યો, ત્યાં એક ગુફા હતી. અને શાઉલ **પોતાના પગ ઢાંકવા** તેમાં ગયો." આ કલમનો ખુલાસો પણ મોટા ભાગના લોકો એમ કરે છે કે શાઉલ ઊંઘી જવા, અથવા આરામ કરવા આ ગુફામાં આવ્યો હતો, અને તે વખતે દાઉદે શાઉલના ઝભ્ભાની કોર કાપી લીધી હતી. પણ આ કલમમાં પણ પોતાના પગ ઢાંકવા શાઉલ, એ ગુફામાં ગયો, એનો અર્થ એ જ થાય છે કે શાઉલ આ ગુફામાં હાજતે (અથવા જાજરૂ) જવા માટે ગયો હતો.

આ બંને કલમો વિષે ઑથોરાઇઝ્ડ (કિંગ જેમ્સ) આવૃત્તિ સિવાયની બધી આવૃત્તિઓમાં જોશો તો આ અર્થ સ્પષ્ટ થશે. (એન.આઇ.વી.; ગૂડ ન્યૂઝ; આર.એસ.વી.; એન.ઈ.બી.; વળી રોમન કૅથોલિક "સંપૂર્ણ બાઇબલ.")

## ૬ સીર્તસ!

પ્રેરિતોનાં કૃત્યો ૨૭:૧૭ "અને **સીર્તસ** ઉપર અથડાઈ પડવાની બીકથી સઢસામાન ઉતાર્યા, અને એમના એમ તણાવા લાગ્યા." સંત પાઉલ રોમ જઈ રહ્યો હતો એ સમયે એનું વહાણભંગ થયું, તે બનાવ વિષે અહીં આપ્યું છે. તેઓ આ વખતે ભૂમધ્ય (મેડિટરેનિયન) સમુદ્રમાં ક્રીતના ટાપુ પાસે થઈને જતા હતા, ત્યારે કૌદા ટાપુ પાસે જ ભયંકર પવનમાં વહાણ સપડાયું. ભૂમધ્ય સમુદ્રના આ વિસ્તારમાં "સીર્તસ"માં ફસાવાનો ભય દરેક વહાણવટીઓને રહેતો. આ 'સીર્તસ' શું છે? ઉત્તર આફ્રિકાના ઉત્તર કાંઠે, અને લિબિયાના વિસ્તારમાં આ 'સીર્તસ'નું જોખમ વધારે હતું.

'સીર્તસ' એટલે 'સરકતી રેતી.' એ ગ્રીક શબ્દ સીધો જ અહીં ગુજરાતીમાં મૂક્યો છે. અંગ્રેજીમાં સીર્તસને 'ક્વિકસેન્ડ' કહે છે. ગુજરાતની આપણી ભોગાવો નદીમાં કેટલેક ઠેકાણે આવી 'સરકતી રેતી' આવેલી છે. એ રેતીએ ઘણાના ભોગ લીધા છે, તેથી એને ભોગાવો નદી નામ મળ્યું છે. આવી સરકતી રેતીમાં માણસ, જાનવર, કે વહાણ કે એવું કંઈ દાખલ થાય, એટલે નીચેની રેતી સરકવા માંડે, અને બહાર નીકળવા માટેના બધા પ્રયત્નો ઊલટા અંદર વધુ અને વધુ ખુપાવે. આખરે વ્યક્તિની ઉપર આ રેતી ફરી વળે. વહાણ પણ એમાં ગરક થઈ જાય. ઉપર કહ્યું તેમ, ભૂમધ્ય સમુદ્રના આ વિસ્તારમાં અને ઉત્તર આફ્રિકાના કંઠાર પ્રદેશમાં આવી સરકતી રેતીનું જોખમ છે. તોફાની પવન તેમના વહાણને આવી 'સીર્તસ' અથવા 'સરકતી રેતી'માં ઘસડી લઈ જાય એની તેઓની બીક હતી.

'સીર્તસ મેજર' સીરેનાઇકા પાસે આવેલું હતું (આજે સીરેનાઇકા 'સીદ્રાના અખાત' તરીકે ઓળખાય છે. પાઉલનું વહાણ અહીં અથડાઈ પડે એવો સંભવ હતો. 'સીર્તસ માઇન' આજે 'કેબ્સના અખાત' તરીકે ઓળખાતા વિસ્તાર પાસે આવેલું હતું.

## ૭ યુરાકયુલોન !

પ્રે. કૃ. ૨૭ : ૧૪ "પણ થોડી વાર પછી તે તરફથી **યુરાકયુલોન** નામનો તોફાની પવન છૂટયો" આગલી વાતમાં જોયું એ જ પ્રસંગ છે. ક્રીત ટાપુના કૌદા બંદર પાસે પાઉલનું વહાણ આંધીમાં સપડાઈ ગયું હતું. 'યુરાકયુલોન' એ ગ્રીક શબ્દ છે. ઈશાન ખૂણા તરફથી આવતો આ તોફાની પવન આજે પણ એ વિસ્તારમાં તોફાન જગવે છે. આ ગ્રીક શબ્દ 'યુરાકયુલોન' એ ગુજરાતીમાં આપણે 'ઈશાની આંધી' કહી શકીએ.

## ૮ ૨ શમુએલ ૨ : ૨૭.

ગુજરાતી બાઇબલમાં વિચિત્ર તરજુમાને લીધે અર્થ તદ્દન ઊલટો થઈ જાય છે. હાલ આ પ્રમાણેનો પાઠ છે : "યોઆબે કહ્યું કે જીવતા દેવના સમ, જો તું બોલ્યો ન હોત, તો નક્કી સવારે લોકો ચાલ્યા ગયા હોત, ને પ્રત્યેક માણસ પોતાના ભાઈની પાછળ લાગત નહિ." એટલે હાલ એવો અર્થ નીકળે છે કે "તું બોલ્યો ન હોત, તો સવારે લોકો ચાલ્યા ગયા હોત; પણ તું બોલ્યો, એટલે હવે સવારે લોકો ચાલ્યા નહિ જાય." પણ ખરો પાઠ આ પ્રમાણે જોઈએ : "જો તું બોલ્યો ન હોત, તો આ લોકોએ છેક સવાર સુધી પોતાના ભાઈઓનો પીછો પકડે રાખ્યો હોત." એટલે કે તું બોલ્યો એટલે હવે લોકો પોતાના ભાઈઓનો પીછો નહિ પકડે,—અટકી જશે. અને એ બરાબર છે.

## ૯ ૨ શમુએલ ૩ : ૯.

જરા ગૂંચવાડાભર્યા તરજુમાને લઈને આ કલમ સમજતાં જરા વાર લાગે છે. હાલ પાઠ આમ છે : "જો, જેમ યહોવાએ દાઉદ આગળ સમ ખાધા છે તેમ જ જો હું તેને ન કરું, તો દેવ આબ્નેરને તેવું ને તે કરતાં પણ વધારે વિતાવે;" આબ્નેર પોતે અહીં બોલે છે. એને જરા સ્પષ્ટ કરવા આમ મૂકી શકાય : "જો, જેમ યહોવાએ દાઉદ આગળ સમ ખાધા છે કે 'હું શાઉલના કુટુંબના હાથમાંથી રાજ્ય લઈ લઈશ, અને તારું રાજ્યાસન ઇઝરાયલ પર અને યહૂદિયા પર, દાનથી તે બેરશેબા સુધી સ્થાપીશ', તેમ જો હું ન કરું, તો ઈશ્વર મારી સાથે કડકમાં કડક રીતે વર્તો."

## ૧૦ પુંમૈથુનીઓ !

બાઇબલમાં અનેક ઠેકાણે વપરાયેલો આ શબ્દ ગુજરાતી શબ્દકોશોમાં ક્યાંયે જોવા મળતો નથી; પણ આ બનાવેલો શબ્દ યોગ્ય છે. દા. ત., 'પુંકેસર' એટલે ફૂલની અંદરનો નરબીજવાળો રેસો એમાં 'પું' અક્ષર 'નર' તરીકે ઓળખાવનારો છે. 'પુંલિંગ' એ વ્યાકરણમાં નરજાતિ દર્શાવનાર શબ્દ છે. એમાં 'પું' અક્ષર તે લિંગભેદ બતાવે છે, અને 'સ્ત્રીલિંગ'થી ઊલટો છે. એમ 'પુંમૈથુનીઓ' શબ્દને છૂટો પાડીએ તો આમ થાય : 'પું' એટલે 'નર' અથવા 'પુરુષ'; 'મૈથુન' એટલે 'શરીર-સંભોગ' અને 'પુંમૈથુનીઓ' એટલે પુરુષ પુરુષ વચ્ચેનો શરીરસંભોગ, અથવા સજાતીય સંભોગ. એ શબ્દને ટૅક્નિકલ શબ્દ ગણીએ, તો સ્ત્રીનો અન્ય સ્ત્રી સાથેનો શરીરસંબંધ, એમ કદાચ ગણી લઈ શકાય. અંગ્રેજીમાં 'હોમોસેક્સ્યુઅલ' શબ્દ બંને જાતિના (નર અને નારીના) પોતપોતાની જાતિ પ્રત્યેના આકર્ષણ તથા શરીરસંભોગ, માટે વપરાય છે તેમ. પહેલો તિમોથી ૧ : ૧૦ માં ગુજરાતીમાં 'પુંમૈથુનીઓ' અને હિંદી બાઇબલમાં 'પુરુષગામીઓ' વાપર્યું છે. મરાઠીમાં 'પુંમૈથુનીઓ' અને સંપૂર્ણ બાઇબલમાં 'પુરુષભોગીઓ' વાપર્યું છે. સદોમના આ પાપ (ઉત્પત્તિ ૧૯ : ૪–૫) ઉપરથી અંગ્રેજીમાં એ પાપનું નામ **'સડોમી'** પાડ્યું છે.

## ૧૧ પ્રાર્થના માત્ર ખાનગી ઓરડીમાં જ થઈ શકે ?

**પ્રશ્ન :** માથ્થી ૬ : ૬ સમજાવશો. એમાં પ્રાર્થના વિષે પ્રભુ ઈસુએ આમ શીખવ્યું છે : "પણ જ્યારે તું પ્રાર્થના કરે, ત્યારે

તારી ઓરડીમાં પેસ, ને તારું બારણું બંધ કરીને ગુપ્તમાંના તારા બાપની પ્રાર્થના કર, ને ગુપ્તમાં જોનાર તારો બાપ તને બદલો આપશે.'' એનો અર્થ શું એવો થાય કે પ્રાર્થના ફક્ત ખાનગી ઓરડીમાં બંધબારણે જ થાય ?

**જવાબ :** પ્રભુ ઈસુ અહીં કયા સ્થળે પ્રાર્થના થાય, અને કયા સ્થળે ન થાય, એ વિષે નથી શીખવતા; પણ પ્રાર્થનામાં ડોળ–આડંબર કે માત્ર દેખાવ ત્યાગવા વિષે શીખવે છે. બીજાંઓ આપણને પ્રાર્થના કરતા જુએ, બીજાંઓ આપણી પ્રાર્થના વખાણે, અને એમ આપણને ધાર્મિક ગણે, એવા હેતુઓથી દૂર રહેવા વિષે પ્રભુ ઈસુ શીખવે છે. જાહેર પ્રાર્થના જાહેરમાં થાય—પણ એમાં લોકોથી વખાણ પામવાની ભાવનાથી દૂર રહેવું.

છઠ્ઠી કલમ સમજવા પાંચમી કલમ લાભરૂપ થાય છે : "અને જ્યારે તમે પ્રાર્થના કરો છો ત્યારે ઢોંગીઓના જેવા ન થાઓ; કેમ કે માણસો તેઓને જુએ, માટે સભાસ્થાનોમાં તથા રસ્તાઓનાં નાકાંઓ પર ઊભા રહીને પ્રાર્થના કરવાનું તેમને પસંદ છે. હું તમને ખચીત કહું છું કે તેઓ પોતાનો બદલો પામી ચૂકયા છે" (માથ્થી ૬ : ૫).

આ કલમોમાં પ્રભુ ઈસુ વ્યક્તિની અંગત પ્રાર્થના વિષે કહે છે. બની શકે તો ખાનગી, એકાંત સ્થળ ખાનગી પ્રાર્થના માટે હોય તો સારું. પણ નાનાં ઘરોમાં એ અશકય છે. એવાં સ્થળોના અભાવમાં મનની ભીતરી ઓરડી બંધ કરી, ઈશ્વરપિતાની સાથે એકતાર બની પ્રાર્થના કરવી.

# ૧૨ 'બાઇબલ' એટલે શું ?

**પ્રશ્ન :** 'બાઇબલ' શબ્દ ક્યાંથી આવ્યો ? કેવી રીતે આવ્યો ? અને એનો અર્થ શો થાય છે ?

**જવાબ :** 'બાઇબલ' શબ્દનો અર્થ એના સામાન્ય અર્થમાં 'ગ્રંથોનો ગ્રંથ' અથવા ચૂડામણિ યા શિરોમણિ ગ્રંથ. એ શબ્દ ઈશ્વરનાં વચનોની અપાર એકતા સૂચવે છે. મિસરની નાઈલ નદીના મુખત્રિકોણ (ડેલ્ટા) વિસ્તારમાં પાપીરસ નામથી ઓળખાતાં બરુ યા રાડાં થતાં હતાં, તેમાંથી લખવાની તખ્તી બનાવવામાં આવતી. આ 'પાપીરસ' શબ્દ પરથી અંગ્રેજી શબ્દ 'પેપર' (કાગળ) બન્યો છે. આ 'પાપીરસ'ને 'બિબ્લોસ' નામ પણ આપવામાં આવ્યું હતું, ને એ પરથી 'બાઇબલ' શબ્દ ઊતરી આવ્યો છે. જૂના કરારમાં ગેબલ શહેરનું નામ આવે છે, એ શહેર બિબ્લોસ તરીકે જાણીતું છે. ઈ. સ. ૧૯૫૪માં આ ફિનિશિયન બંદરી શહેર બિબ્લોસનાં ખંડેર જોવા હું ગયો હતો. પુરાણા સમયમાં મિસરથી વહાણો દ્વારા આ પાપીરસ યા બિબ્લોસ અહીં બિબ્લોસમાં લવાતાં અને બિબ્લોસ શહેરમાં પાપીરસ રાડાંમાંથી લખવાની તખ્તીઓ અને લપેટા (ઓળિયાં) બનાવવામાં આવતાં, અને દેશપરદેશ વહાણો દ્વારા એ માલ અહીંથી ચઢતો; એટલે બિબ્લોસ (પાપીરસ) રાડાં પરથી આ શહેરનું નામ બિબ્લોસ પડયું હતું.

ગ્રીક શબ્દ 'બિબ્લિઓન' પરથી લૅટિનમાં 'બિબ્લિયા' થયું અને પુરાણા ફ્રેન્ચ પરથી અંગ્રેજીમાં 'બાઇબલ' શબ્દ આવ્યો, અને એ જ રૂપમાં ગુજરાતીમાં એનો પ્રવેશ થયો. ગ્રીકમાં 'બિબ્લોસ' એટલે પુસ્તક અને 'બિબ્લિયોન' એટલે નાનું પુસ્તક શબ્દો પ્રચલિત થયા હતા. ઈ. સ.ની બીજી સદી સુધીમાં ગ્રીક ખ્રિસ્તીઓ પોતાના ધર્મશાસ્ત્રને 'બિબ્લિયા'

(=પુસ્તકો) તરીકે સંબોધતા હતા. પણ એ નામ લૅટિનમાં આવ્યું ત્યારે એકવચન તરીકે વપરાવા લાગ્યું. (લૅટિન 'બિબ્લિયા' એકવચન) અને ઉપર જોઈ ગયા તેમ લૅટિનમાંથી પુરાણા ફ્રેન્ચમાં અને ત્યાંથી અંગ્રેજીમાં 'બાઇબલ' શબ્દ બન્યો.

જૂના કરારમાં અને એપોક્રિફામાં પવિત્ર શાસ્ત્રોને 'પુસ્તકો' તરીકે ગણાવ્યાં છે (દાનિ. ૯ : ૨ માં હિબ્રૂના) ગ્રીક સપ્તતિ તરજુમામાં 'બિબ્લોય' કહ્યાં છે : ગુજરાતીમાં '[પવિત્ર] શાસ્ત્ર' લખ્યું છે.) (જુઓ ૧ મક્કાબી ૧૨ : ૯).

અંગ્રેજી 'બાઇબલ' શબ્દ ગુજરાતીમાં પણ પ્રચલિત બની ગયો. ખરું જોતાં ગુજરાતી બાઇબલો ઉપર 'પવિત્ર શાસ્ત્ર' ન લખતાં 'પવિત્ર બાઇબલ' એમ લખવું યા છાપવું વધારે સારું છે. બધા ધર્મોનાં ધર્મપુસ્તકોને 'શાસ્ત્ર' યા 'પવિત્ર શાસ્ત્ર' કહે છે. એટલે જ ખ્રિસ્તી ધર્મ-પુસ્તક માટે વિશ્વભરમાં ટેક્નિકલ શબ્દ બની ગયેલો શબ્દ 'બાઇબલ' જ વપરાવું જોઈએ—પવિત્ર બાઇબલ.

## ૧૩ પીતરને સ્વર્ગમાં તથા પૃથ્વી પર બાંધવા-છોડવાની સત્તા છે?

**પ્રશ્ન :** માથ્થી ૧૬ : ૧૯ માં આમ લખેલું છે : "આકાશના રાજ્યની કૂંચીઓ હું તને આપીશ, ને પૃથ્વી પર તું જે કંઈ બાંધશે, તે આકાશમાં બંધાશે; અને પૃથ્વી પર તું જે કંઈ છોડશે, તે આકાશમાં પણ છોડાશે." એટલે રોમન કૅથોલિકો માને છે તેમ પીતરને સ્વર્ગ અને પૃથ્વી પર બાંધવા તથા છોડવાની સત્તા કે અધિકાર છે!

**જવાબ :** ઘણા લાંબા સમયથી ઘણા બધાએ આ પ્રશ્ન મને પૂછ્યા કર્યો છે. જવાબ તો બહુ વહેલો આપી શક્યો હોત, પણ મારા

જવાબની સંપૂર્ણ ચકાસણી અને ખાતરી કર્યા પછી જ આજે જવાબ રજૂ કરું છું. વિલંબ માટે ક્ષમા.

**"આકાશના રાજ્યની ચાવીઓ":** મંડળીની ચાવીઓ (કૂંચીઓ) નહિ, પણ 'આકાશના રાજ્યની કૂંચીઓ (ચાવીઓ)'. અગાઉ **ખ્રિસ્તીબંધુ**ના એક અંકમાં 'મંડળી' અને 'આકાશના રાજ્યનો' તફાવત આપણે જોઈ ગયા છીએ. 'મંડળી' એ નવો જન્મ પામેલાંનું મંડળ છે, જ્યારે 'આકાશનું રાજ્ય' એ ખ્રિસ્તી સમાજ છે, જેમાં (માથ્થી ૧૩ નાં દૃષ્ટાંતો પ્રમાણે) ભલું અને ભૂંડું ભેળસેળ થયેલું છે. 'કૂંચીઓ' બાઇબલમાં સત્તા અને અધિકાર દર્શાવવા વાપરેલો શબ્દ છે (યશાયા ૨૨ : ૨૨. પ્રકટી. ૧ : ૧૮). આકાશના રાજ્યનું દ્વાર ખુલ્લું કરવાને પીતરને આપવામાં આવી છે. શરૂઆતની મંડળીનો ઇતિહાસ જોતાં એ સાબિત કરી શકાય છે:

પીતરે પચાસમાને દિવસે (પ્રે. કૃ. ૨ : ૧૪; ૩૮–૪૨) **યહૂદીઓની** આગળ 'આકાશના રાજ્યનું દ્વાર' (ખ્રિસ્તમાં આવવાની તક) ઉઘાડ્યું, અને ત્રણેક હજાર જેટલા યહૂદીઓએ અંદર પ્રવેશ મેળવ્યો. એ પછી પીતરે **સમરૂનીઓ માટે** એ દ્વાર ઉઘાડ્યું અને ઘણા બધા સમરૂનીઓ પવિત્ર આત્મા પામ્યા (પ્રે. કૃ. ૮ : ૧૪–૧૭). એ પછી પીતરે **વિદેશીઓ** માટે કર્નેલિયસના ઘરમાં આકાશના રાજ્યનું દ્વાર ખુલ્લું કર્યું (પ્રે. કૃ. ૧૦ : ૩૪–૪૬). આમ જુદે જુદે તબક્કે ત્રણ જાતિઓ (યહૂદીઓ, સમરૂનીઓ અને વિદેશીઓ) ને માટે દ્વાર ખુલ્લું કર્યું. પચાસમાને દિવસે જે પવિત્ર આત્મા ઊતર્યો, એ જ પવિત્ર આત્મા સમરૂનીઓને તેમ જ વિદેશીઓને પણ આપવામાં આવ્યો. પીતરને આપવામાં આવેલી 'કૂંચી' આ રીતે વપરાઈ. એ સિવાય બીજી કોઈ સત્તા કે અધિકાર પીતરને આપવામાં આવ્યાં નહોતાં (પ્રે. કૃ. ૧૫ : ૭–૧૧).

બીજી એક અગત્યની વાત સમજી લેવાની છે તે આ છે: 'બાંધવાની અને છોડવાની' સત્તા માત્ર પીતરને આપવામાં આવી નહોતી, પણ બધા પ્રેરિતોને આપવામાં આવી હતી. પ્રભુ ઈસુએ બધા શિષ્યોને (જે બધા પાછળથી પ્રેરિતો કહેવાયા, તેઓને) આ અધિકાર આપ્યો. "હું તમને ખચીત કહું છું કે જે કંઈ **તમે** પૃથ્વી પર બાંધશો, તે આકાશમાં બંધાશે, અને જે કંઈ તમે પૃથ્વી પર છોડશો, તે આકાશમાં છોડાશે" (માથ્થી ૧૮ : ૧૮). આમ, આ સત્તા બધા પ્રેરિતોને આપવામાં આવી. પીતર, બધાનો આગેવાન હતો, એટલે એ બધાના વતી આગેવાન પીતરના હાથમાં જાણે કે મૂકી, નહિ કે પીતરને કોઈ આગવી સત્તા નહોતી આપી, અને એ પણ સાચું કે તે જમાનાની કે આ જમાનાની કોઈ પણ મંડળી (એટલે કે સંપ્રદાય)ને કોઈ ખાસ આગવી સત્તા નથી.

ત્રીજી એક અગત્યની વાત સમજી લેવાની છે તે આ: કોઈ ને સ્વર્ગમાં લેવાની કે નર્કમાં નાખવાની સત્તા કે કૂંચી કોઈપણ માણસને આપવામાં આવી નથી,—ચાય તે પીતર હોય, અન્ય કોઈ પ્રેરિત હોય કે આ જમાનાનો કોઈ સમસ્ત મંડળીનો સત્તાધારી હોય. પ્રભુ ઈસુ પોતે એ વાત સ્પષ્ટ કરે છે: "અને મરણ તથા હાડેસની કૂંચીઓ મારી પાસે છે" (પ્રકટી. ૧ : ૧૮).

## ૧૪ બાઇબલમાં વારંવાર આવતા 'અધિકારીઓ' અને 'સત્તાધારીઓ' કોણ?

**પ્રશ્ન** : બાઇબલમાં—અને ખાસકરીને—નવા કરારમાં વારંવાર આવતા 'અધિકારીઓ', 'સત્તાધારીઓ', 'આ અંધકારરૂપી જગતના સત્તાધારીઓ' એ બધા કોણ? નવો કરાર કોના વિષે કહે છે?

**જવાબ :** પ્રશ્ન પૂછનારે બાઇબલનાં ઘણાં અવતરણો ટાંકીને એ બધા વિષે પૂછ્યું છે. એમાંનાં કેટલાંક અવતરણ નીચે આપીને હું એ વિષે સમજાવીશ.

(૧) **એફેસી ૬ : ૧૦–૧૨** "કેમ કે આપણું આ યુદ્ધ, રક્ત તથા માંસની સામે નથી, પણ **અધિપતિઓની** સામે, **અધિકારીઓની** સામે, આ અંધકારરૂપી જગતના **સત્તાધારીઓની** સામે, આકાશી સ્થાનોમાં **દુષ્ટતાનાં આત્મિક લશ્કરોની** સામે છે." આમાં મોટા ટાઇપમાં મૂકેલા શબ્દો શેતાનનાં લશ્કરોના અધિપતિઓ, અધિકારીઓ અને સત્તાધારીઓ સૂચવે છે. અહીં માણસોના અધિકારીઓ કે સત્તાધારીઓની વાત નથી. કારણ, બાઇબલપાઠ સ્પષ્ટ કરે છે કે "આપણું આ યુદ્ધ રક્ત તથા માંસની સામે નથી"; એટલે કે રક્ત તથા માંસનાં બનેલાં માણસોની સામે નથી, પણ રક્ત તથા માંસ ન હોય, અને માત્ર આત્મિક શરીરો હોય એવાં શેતાનનાં અણદીઠ લશ્કરોના અધિપતિઓ તથા અધિકારીઓ છે તેઓ, અને એ શેતાનના અપદૂતોની સામે આપણું યુદ્ધ છે.

(૨) **કલોસી ૧ : ૧૬.** એમાં અધિપતિઓ, અધિકારીઓ આપ્યા છે તે સ્વર્ગીય દૂતોના તેમ જ શેતાનના અપદૂતોના અધિપતિઓ અને અધિકારીઓની વાત છે.

(૩) **કલોસી ૨ : ૧૦, ૧૫.** 'સર્વ રાજ્ય તથા અધિકાર' એ પણ આત્મિક બળો અને સત્તાઓ વિષે છે.—તે સ્વર્ગનાં હોય કે શેતાનનાંયે હોય.

(૪) **એફેસી ૩ : ૧૦.** "સ્વર્ગીય સ્થાનોમાં અધિપતિઓને તથા અધિકારીઓને..." આ શબ્દો પણ ઉપર પ્રમાણે જ વપરાયા છે.

આ ઉપરાંત જુઓ રોમન ૮ : ૩૮. ૧ કોરીંથી ૧૫ : ૨૪ વગેરે.

## ૧૫ કેટલા ઇઝરાયલીઓ મિસરમાંથી નીકળ્યા?

**પ્રશ્ન :** યોસેફ અને તેમના ભાઈઓ કુટુંબસહ મિસરમાં આવ્યા. અને તેમના વંશજો ૪૦૦ વર્ષ સુધી મિસરમાં રહ્યા. પણ જ્યારે મોશે (મૂસા) તેમને મિસરમાંથી બહાર કાઢી લાવ્યો ત્યારે 'પચ્ચીસ લાખ' જેટલાં માણસો હતાં. "તો મારું માનવું છે કે યોસેફ અને તેના ભાઈઓ મળી બાર ભાઈઓની વંશવૃદ્ધિ ૪૦૦ વર્ષમાં લગભગ પચ્ચીસ લાખ થાય નહિ.... મારી ગણતરીએ લગભગ એક લાખ જ થાય છે. તો મહેરબાની કરીને મને આનો યોગ્ય જવાબ આપશો."

**જવાબ :** પ્રશ્ન વ્યાજબી છે. વસતીગણતરીનો આંક કોઈપણ જમાના કરતાં અત્યારે સૌથી ઊંચો છે. ભારત–પાકીસ્તાન ૧૯૪૭માં જુદાં પડયાં ત્યારે ભારતની વસતી આશરે ૩૭ કરોડની હતી. અને માત્ર ૩૮ વર્ષમાં લગભગ ૭૫ કરોડની થઈ ગઈ છે. એને વસતીવિસ્ફોટ (પોપ્યુલેશન એકસ્પ્લોઝન) કહે છે. અને આ વસતી-વિસ્ફોટ પ્રમાણે ઈ. સ. ૨૦૦૦ની સાલમાં ભારતની વસતી ૧૦૦ કરોડની થશે એમ ગણાય છે.

પણ ઇઝરાયલના આ ચારસો વર્ષના વસતીવધારાને તોલે એ ન આવે. યાકોબ જ્યારે મિસરમાં આવ્યો ત્યારે કુલ ૮૦ ઇઝરાયલીઓ (મોશેની પત્નીને ગણતાં) મિસરમાં થતાં હતાં (આ ૮૦ની સંખ્યા માટે જુઓ મારું પુસ્તક : **"બાઇબલ–અભ્યાસ, ભાગ ૫ મો,** પૃ. ૧૦૦–૧૦૨. **પ્રશ્ન :** "યાકૂબના કુટુંબનાં કેટલાં માણસ મિસરમાં ગયાં.") એંસીમાંથી વધીને ૪૦૦ વર્ષમાં લગભગ ૨૫ લાખ ઇઝરાયલીઓ થયાં અને મોશેની આગેવાની નીચે તેઓ બધાં મિસર

છોડીને ચાલી નીકળ્યાં. આપણે પ્રથમ તો બાઇબલમાં એ આંકડા તપાસી લઈએ.

(૧) **નિર્ગ. ૧૨ : ૩૭** "અને ઇઝરાયલપુત્રો રામસેસથી સુક્કોથ આવ્યા. તેઓ બાળકો સિવાય સુમારે **છ લાખ પાયદળ પુરુષો હતા.**"

(૨) **નિર્ગ. ૩૮ : ૨૬** "વીસ વર્ષના તથા તેથી વધારે વયના જે માણસો ગણતરીમાં દાખલ થયા, એટલે છ લાખ ત્રણ હજાર પાંચસે ને પચાસ......"

(૩) **ગણના ૧ : ૧-૩** "અને ઇઝરાયલપુત્રો મિસર દેશમાંથી નીકળ્યા ત્યાર પછી બીજા વર્ષના બીજા માસને પહેલે દિવસે સિનાઈના અરણ્યમાં મુલાકાતમંડપમાં યહોવાએ મોશેને કહ્યું કે ઇઝરાયલપુત્રોની આખી જમાતનાં કુળો પ્રમાણે તથા તેમના બાપદાદાનાં કુટુંબો પ્રમાણે તથા તેઓનાં નામની સંખ્યા પ્રમાણે, પ્રત્યેક પુરુષની માથાદીઠ ગણતરી કર. વીસ વર્ષના ને તેથી વધારે ઉંમરના ઇઝરાયલમાંના **જેટલા લડાઈમાં જવાને શક્તિમાન છે તેમની ગણના,** તેમનાં સૈન્યો પ્રમાણે, તું તથા હારુન કરો."

(૪) **ગણના ૧ : ૪૫-૪૬** "અને ઇઝરાયલપુત્રોમાંના જે સર્વની ગણના તેઓના બાપોનાં ઘર પ્રમાણે થઈ, એટલે **વીસ તથા તેથી વધારે વર્ષની ઉંમરના જેટલા લડાઈમાં જવાને શક્તિમાન હતા, તેઓની ગણના** છ લાખ ત્રણ હજાર પાંચસો ને પચાસની થઈ."

પણ આ ૬,૦૩,૫૫૦ તો માત્ર અગિયાર કુળનં હતા. લેવીનું કુળ મુલાકાતમંડપની સેવા માટે અલાહિદું રખાયેલું હતું. ગણના ૧ : ૪૭ આ પ્રમાણે જણાવે છે : "પણ તેઓ મધ્યે લેવીઓની તેઓના બાપોનાં કુળ પ્રમાણે ગણના કરવામાં આવી નહિ. કેમ કે યહોવાએ મૂસાને કહ્યું, કેવળ લેવીના કુળની ગણના તું ન કર, ને ઇઝરાયલ-

પુત્રોમાં તેઓની કુલ સંખ્યા તું ન કાઢ." એટલે ઉપર જોઈ ગયા તેમાં લેવી કુળના યુદ્ધમાં જઈ શકે તેવા લોકોની ગણતરી થઈ નથી. હવે લેવી કુળના એવા આશરે ૪૦,૦૦૦ ગણો (કેમ કે બીજાં અગિયાર કુળોમાં પ્રત્યેકમાં સરેરાશ ૫૦,૦૦૦ હતા), તો ૬,૦૩,૫૫૦, વત્તા ૪૦,૦૦૦ મળીને કુલ ૬,૪૩,૫૫૦ થાય.

આ બધા ઉપરથી જોઈ શકીએ છીએ કે લડાઈમાં લડી શકે એવા વીસ વર્ષ અને ઉપરના પુરુષો છ લાખ તેંતાળીસ હજાર પાંચસો પચાસ (૬,૪૩,૫૫૦) હતા, એ વાત તો નક્કી થઈ. હવે એ ઉપરથી ઇઝરાયલની કુલ વસતી ગણી કાઢવાની બે પ્રચલિત રીતો છે :

(क) વીસ અને તેથી વધારે ઉંમરના લડાઈમાં લડી શકે તેવા પુરુષોની જેટલી સંખ્યા હોય, તેટલી જ સંખ્યા બાકીના પુરુષોની ગણી લેવાની. એટલે ૬,૪૩,૫૫૦ × ૨ = ૧૨,૮૭,૧૦૦ (બાર લાખ સત્યાસી હજાર એકસો). એટલે જ સ્ત્રીઓ અને નાનાં બાળકોની સંખ્યા ગણી લેવાની. એટલે ૧૨,૮૭,૧૦૦=૨૫,૭૪,૨૦૦ (૨૫ લાખ, ૭૪ હજાર, ૨૦૦ બસો) એટલે લગભગ ૨૬ લાખ જેટલી થઈ. કુલ વસતી હવે બીજી રીતે જોઈએ :

(ख) યુદ્ધમાં જનારા વીસ વર્ષ અથવા ઉપરના તલવારિયા ૬,૪૩,૫૫૦ છે. એ કુટુંબો પ્રમાણે એટલી જ સ્ત્રીઓ પણ ગણી લો. એટલે ૬,૪૩,૫૫૦ × ૨ = ૧૨,૮૭,૧૦૦ (બાર લાખ, સત્યાસી હજાર, એકસો પુરુષ + સ્ત્રીઓ થયાં. હવે પ્રત્યેક કુટુંબનાં બે જ બાળકો ગણો (જોકે તે સમયે એક કુટુંબમાં અનેક બાળક હતાં; છતાં બે જ ગણો) તો ૬,૪૩,૫૫૦ કુટુંબનાં (પતિ–પત્નીનાં) ૬,૪૩,૫૫૦ × ૨ = ૧૨,૮૭,૧૦૦ બાળકો થયાં. આમ ૧૨,૮૭,૧૦૦ પુરુષ + સ્ત્રીઓ અને વત્તા ૧૨,૮૭,૧૦૦ બાળકો (જેમાં વીસથી નીચેનાં બાળકો બધાં આવી જાય) એટલે કુલ ૨૫,૭૪,૨૦૦ (પચીસ લાખ,

ચુંવોતેર હજાર, બસો)ની વસતી થઈ. એટલે મિસરમાંથી નીકળેલાં ઇઝરાયલીઓની સંખ્યા ૨૫ લાખ જેટલી હતી, એમાં નવાઈ નહિ.

(ग) વસતીગણતરીનો એક અજાયબ અને ઈશ્વરયોજિત મુદ્દો ધ્યાનમાં લઈએ : દુનિયાભરમાં અને દરેક દેશમાં પુરુષ અને સ્ત્રીઓની સંખ્યા દર ૧૦૦૦ પુરુષે ૯૩૫ કે ૯૬૦ કે ૯૭૦ની રહે છે. વસતીનો એ એક અટલ નિયમ છે, અને એ ઈશ્વરયોજિત છે. (ઉત્ક્રાંતિવાદ પાસે એને માટે કોઈ ખુલાસો નથી). આ ગણતરી પ્રમાણે ૧૨ લાખ પુરુષોએ કદાચ ૪૮,૦૦૦ સ્ત્રીઓ ઓછી હોય ! પણ બાકીનાં ૧૨ લાખનાં એમની સમતુલા જળવાઈ રહે. બીજું, આપણે છોકરાંઓની સંખ્યાગણતરી પહેલેથી જ ઓછી લીધી છે. જૂના કરારમાં જોતાં માલૂમ પડશે કે એક એક કુટુંબમાં ફક્ત બબ્બે જ બાળક નહોતાં, પણ વધારે હતાં. એટલે ૨૫ લાખની સમતુલા જળવાઈ રહે એ સમજાય એવી વાત છે.

આ ઇઝરાયલીઓનો વસતીવેગ કેમ આટલો ઝડપી હતો ? એનો તો હું શો ખુલાસો આપું ? ઈશ્વરની પોતાની ઇચ્છા અને એમના આયોજનનો ખુલાસો માણસ કેવી રીતે આપી શકે ? હું અહીં એના ઇશારારૂપ કલમો જ માત્ર નોંધું છું :

**નિર્ગમન ૧ : ૬, ૭** "પછી યૂસફ તથા તેના સર્વ ભાઈઓ તથા તે પેઢીનાં સર્વ માણસો મરી ગયાં. અને ઇઝરાયલપુત્રો સફળ થઈને ઘણા જ વધ્યા, ને વિસ્તાર પામીને અતિ સમર્થ થયા. અને તેઓથી દેશ ભરપૂર થઈ ગયો."

**નિર્ગ. ૧ : ૮–૧૦** "તેણે (નવા રાજાએ) પોતાના લોકોને કહ્યું કે જુઓ, ઇઝરાયલપુત્રોના લોક આપણા કરતાં ઝાઝા તથા બળવાન છે; માટે ચાલો, આપણે તેઓ પ્રત્યે ચતુરાઈથી વર્તીએ; નહિ તો તેઓ વધી જશે, ને કોઈ લડાઈ જાગે ત્યારે એવું બને કે તેઓ

આપણા શત્રુઓની સાથે મળીને આપણી સામે લડે, ને દેશમાંથી નીકળી જાય."

**નિર્ગ ૧ : ૨૦** "એ માટે ઈશ્વરે દાઈઓનું ભલું કર્યું, અને લોક વધીને ઘણા સમર્થ થયા." (વળી જુઓ કલમ ૨૧.)

**ઉત્પત્તિ ૧૫ : ૫** "અને તેણે (ઈશ્વરે) તેને (અબ્રાહમને) બહાર લઈ જઈને કહ્યું, કે હવે તું આકાશની ગમ જો, ને તું તારાઓ ગણી શકે, તો ગણ : અને તેણે તેને કહ્યું, કે તેટલાં તારાં સંતાન થશે."

આ પહેલી વસતીગણતરી પછી ૩૮ વર્ષે બીજી ગણતરી થઈ (ગણના ૨૬) તેમાં યુદ્ધમાં જનારની ગણતરી ૬,૦૧,૭૩૦ (કલમ ૫૧) થઈ. (એમાં લેવી કુળ ગણ્યું નથી). પહેલી ગણતરી કરતાં બીજીમાં ૧૮૨૦ ઓછા થયા. મિસરમાંથી નીકળેલાઓમાંથી ફક્ત યહોશુઆ અને કાલેબ સિવાયના બાકીના બધા જ મરી પરવાર્યા હતા.

## ૧૬ ઈસુ ખ્રિસ્ત કે ખ્રિસ્ત ઈસુ ?

**પ્રશ્ન :** નવા કરારમાં, ખાસકરીને સંત પાઉલના પત્રમાં કોઈ વાર 'ઈસુ ખ્રિસ્ત' લખ્યું છે, અને કોઈ જગાએ 'ખ્રિસ્ત ઈસુ' લખેલું છે. તો એ બે વચ્ચે શો સંબંધ છે ?

**જવાબ :** 'ઈસુ' એ અંગત નામ છે. "તું તેનું નામ 'ઈસુ' પાડશે." (માથ્થી ૧ : ૨૧).

'ઈસુ' એ 'યહોશુઆ' પરથી ટૂંકું બનેલું નામ છે. યહોશુઆ એટલે "યાહવે (યહોવા) તારણ (મુક્તિ) છે." અને યહોશુઆ ઉપરથી 'યશુઆ' (યેશુઆ, જોશુઆ) હજીયે ટૂંકું રૂપ થયું. અને એનો અર્થ પણ 'યહોવા (=પ્રભુ) તારણ અથવા મુક્તિ છે', એટલે કે "તારનાર

છે." અને 'યશુઆ' પરથી 'ઈસુ' નામ બન્યું છે, અને એનો અર્થ પણ યહોવા તારણ (મુક્તિ), યા તારનાર છે. (માથ્થી ૧ : ૨૧).

અને 'ખ્રિસ્ત' એ 'ખિતાબ' કે ઇલકાબ છે. 'ખ્રિસ્ત' એ ગ્રીક 'ખ્રિસ્તોસ'નું ગુજરાતી રૂપ છે, અને હિબ્રૂમાં 'મસીહ' છે. અને એ બંનેનો અર્થ 'અભિષિક્ત' છે (યોહાન ૧ : ૩૫, ૪૦, ૪૧. લૂક ૨ : ૨૫, ૨૬). પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઈશ્વરપિતાના 'અભિષિક્ત' છે. ગુજરાતી બાઇબલમાં અભિષિક્ત શબ્દ વારંવાર વપરાયો છે. (ખ્રિસ્તનો અભિષેક ક્યારે થયો એ વિષે આપણે અગાઉ જોઈ ગયા છીએ.)

પાઉલના પત્રોમાં મોટે ભાગે અંગત નામ પ્રથમ આવે છે, એટલે કે 'ઈસુ ખ્રિસ્ત' વધારે વપરાયું છે. પણ પાઉલ જ્યારે આપણા પ્રભુના ખિતાબ તરીકે જ બોલતા હોય છે, ત્યારે તે "ખ્રિસ્ત ઈસુ" લખે છે. સંત પાઉલ એકલું અંગત નામ તો ભાગ્યે જ વાપરે છે. હા, એકલું ખિતાબી નામ 'ખ્રિસ્ત' છૂટથી વાપરે છે. ભાર કઈ વાત પર મૂકવો છે એ પ્રમાણે પાઉલ શબ્દો (નામ અને ખિતાબ) વાપરે છે.

'મસીહ' અથવા 'ખ્રિસ્ત'ના ખિતાબમાં પ્રભુ ઈસુનો ત્રણ પદવીઓ માટે અભિષેક થયો છે : પ્રબોધક, યાજક અને રાજા. પૃથ્વી પરના જીવનકાળ દરમિયાન તેઓ **'પ્રબોધક'** હતા. પ્રબોધક ઈશ્વર વતી માણસોની આગળ બોલે છે, અને જેમ કેટલાક પ્રબોધકોને પ્રાણ આપવો પડ્યો તેમ તે પ્રાણ પણ આપે છે. ('ઈશ્વરનો ખરો હલવાન'– એ વાતને આપણે અહીં અડતા નથી.) અત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત **'પ્રમુખ યાજક'**ની પદવીમાં કામગીરી કરી રહ્યા છે. યાજક લોકોની વતી ઈશ્વરની આગળ પ્રાર્થના અને મધ્યસ્થી કરે છે. પ્રભુ ઈસુ પિતાને 'જમણે હાથે' બેસીને આપણા વતી મધ્યસ્થી અને વકીલાત કરે છે. અને પ્રભુ ઈસુ ભવિષ્યમાં **'રાજા'**ની પદવીમાં આવશે, અને ન્યાય કરશે તથા રાજ્ય પણ કરશે.

# ૧૭ પ્રકટીકરણની સાત મંડળીઓ હાલ હયાત છે?

**પ્રશ્ન :** પ્રકટીકરણ ૧ થી ૩ અધ્યાયોમાં જે સાત મંડળીઓ વિષે આપેલું છે, એ મંડળીઓ આજે હયાત છે?

**જવાબ :** એ સાત મંડળીઓનાં નામ :

(૧) એફેસસ (૨) સ્મર્ના (૩) પેર્ગામમ (૪) થુઆતૈરા (૫) સાર્દિસ (૬) ફિલાદેલ્ફીઆ અને (૭) લાઓદીકીઆ. પ્રકટીકરણનું પુસ્તક ઈ. સ. ૯૫ માં લખાયું ત્યારે આ મંડળીઓ હતી.

આજે **એફેસસ** શહેરનો માત્ર ભંગાર પડયો છે. હાલ એની નજદીક એક નાનું તુર્કી ગામ છે. એનું નામ છે આયાસલુક. ત્યાં હાલ કોઈ ખ્રિસ્તી મંડળી નથી.

**સ્મર્ના :** એફેસસથી ૪૦ માઈલ દૂર આવેલું હતું. હાલ એને **ઈઝમીર** નામે ઓળખવામાં આવે છે. ત્યાં હાલ બે લાખની વસતી છે. એમાં ત્રીજા ભાગના ખ્રિસ્તીઓ છે. બાકી મોટા ભાગ મુસ્લિમો છે. (ગ્રીક અને આર્મિનિયન ખ્રિસ્તીઓ છે.)

**પેર્ગામમ :** શહેર ભંગાર હાલતમાં છે. ત્યાં કોઈ ખ્રિસ્તી મંડળી નથી.

**થુઆતૈરા :** ત્યાં પણ ખ્રિસ્તી મંડળી નથી.

**સાર્દિસ :** ત્યાં લાંબા સમય સુધી ખ્રિસ્તીઓ હતા ખરા,– ખ્રિસ્તીઓની નાની વસાહત હતી, પણ એ બધા હવે 'વિધર્મી' બની ગયા છે. શહેરના ભંગારમાં **આર્તિમિસ** દેવીનું મંદિર અને ખ્રિસ્તી પ્રભુમંદિર ભંગાર હાલતમાં જોવા મળે છે.

**ફિલાદેલ્ફીઆ :** એ શહેરનું આજનું નામ છે—'અલાશેહેર', એટલે કે અલ્લાનું શહેર. ત્યાં હાલમાં ખ્રિસ્તી મંડળી છે.

**લાઓદીકીઆ :** ઈ. સ. ચોથી સદી સુધી ત્યાં દૃઢ ખ્રિસ્તી મંડળી હતી. ઈ. સ. ૧૩મી સદીમાં શહેર નાશ પામ્યું. અત્યારે તો મૂળ શહેરનું ખંડિયેર જોવા મળે છે. અત્યારે પાસે બંધાયેલા ગામને **ડેનિઝલી** તરીકે ઓળખવામાં આવે છે. ત્યાં કોઈ ખ્રિસ્તી મંડળી નથી.

## ૧૮ ઈશ્વર એક ? – કે બે ?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુ, ઈશ્વરપિતાના જમણા હાથે હાલ બેઠા છે, એમ આપણે 'વિશ્વાસનામા'માં બોલીએ છીએ. અને બાઇબલમાં પણ એમ જ છે. તો એ લેખે બે ઈશ્વર ન થાય ?

**જવાબ :** (બીજો, ત્રીજો અને હવે પછીનો ચોથો પ્રશ્ન એક જ વ્યક્તિએ પૂછેલા પ્રશ્નો છે. અગાઉ સીધા કે આડકતરા એમના લગભગ દશ–અગિયાર પ્રશ્નોના જવાબ અપાઈ ગયા છે.)

ઈશ્વરને માણસ જેવા હાથ નથી હોતા. પૃથ્વી ઉપર કામ કરવા, પકડવા, જમવા વગેરે માટે માણસને પશુની જેમ 'હાથ' હોય છે. ઈશ્વર તો શબ્દથી સઘળું કરી શકે છે. એમને હાથ–પગ ઇત્યાદિ શરીર હોતું નથી. એમને આત્મિક શરીર છે. "જમણો હાથ" માત્ર સૌથી મહત્ત્વનું સ્થાન દર્શાવે છે. આજ્ઞાંકિતપણામાં પાર ઊતરેલા પ્રભુ ઈસુ પ્રિય પુત્ર છે. પણ બાઇબલ શીખવે છે તેમ પિતા, પુત્ર અને પવિત્ર આત્મા ઈશ્વરત્વમાં ત્રણ વ્યક્તિઓ (વ્યક્ત કરે તે વ્યક્તિ) છે; પણ ત્રણે મળીને એક જ ઈશ્વર છે. ત્રિએકપણું આ બાઇબલનું અને પ્રભુ ઈસુનું શિક્ષણ છે. પણ માનવી ભેજું કદીયે એ સમજાવી શકે નહિ.

# ૧૯ અયૂબનો બનાવ ક્યારે બન્યો ?

**પ્રશ્ન :** અયૂબના પુસ્તકમાં બનેલી વાત ક્યારે બની ? એ કયો સમય ગણાય ? અયૂબના દુઃખનો ગાળો કેટલો લાંબો હશે ?

**જવાબ :** કેટલાક અભ્યાસીઓ એમ કહે છે કે એ તો માત્ર કાલ્પનિક વાર્તા બોધ લેવા માટે બનાવેલી છે; એવું કદી બન્યું નથી. પણ બાઇબલમાં અયૂબને ઐતિહાસિક વ્યક્તિ ગણાવી છે (હઝકી. ૧૪ : ૧૪, ૨૦). અયૂબના પુસ્તકમાં જ નોંધાયેલી કેટલીક વિગતો કયા કાળમાં બન્યું હશે તે આડકતરી રીતે દર્શાવે છે.

અયૂબનું પુસ્તક ક્યારે લખાયું તે આપણે જોવાના નથી, પણ પુસ્તકમાં નોંધેલો બનાવ ક્યારે બન્યો તે જોવાના છીએ. પુસ્તકમાંની જ માહિતી દર્શાવે છે કે આશરે ઈ. પૂર્વે ૨૦૦૦ની આસપાસના સમયમાં આ બનાવ બન્યો, કે જરાક એની અગાઉ આ બનાવ બન્યો હશે. નીચેની બાબતો પરથી એ સૂચિત થાય છે :

(૧) એ સમયે આયુષ્ય લાંબું હતું. અયૂબ લાંબું જીવ્યો. એની વિપત્તિના સમય પછી તે બીજાં ૧૪૦ વર્ષ જીવ્યો (૪૨ : ૧૬). એટલે અયૂબ સહેજેય બધાં મળીને ૩૦૦ કરતાં વધારે વર્ષ જીવ્યો હશે.

(૨) અબ્રાહમ, ઇસહાક વગેરેના સમયમાં અને તે અગાઉ, કુટુંબની મિલકત ઢોરઢાંકમાં ગણાતી હતી; અને અયૂબની મિલકત પણ ઢોરઢાંકમાં જ હતી (૧ : ૩).

(૩) પિતૃઓના પ્રકારનું અયૂબનું પણ જીવન હતું.

(૪) પિતૃઓના સમયમાં યાજકો નહોતા, પણ ઘરનો મુખ્ય પુરુષ યાજક કે ધર્મગુરુ ગણાતો. એટલે જ અયૂબ કુટુંબ વતી યજ્ઞ

વગેરે ચઢાવતો હતો. અને કુટુંબનાં સર્વ વતી પાપ–માફીની પ્રાર્થના પણ કરતો (૧ : ૫).

(૫) અયૂબની આખી વાતમાં ક્યાંયે નીચેની કોઈ બાબતનો ઉલ્લેખ કે અણસાર આવતો જ નથી : જેમ કે, ઇઝરાયલ પ્રજા, યરુશાલેમ, મુલાકાત-મંડપ યા મંદિર, યાજક યા લેવી, નિયમશાસ્ત્ર, સાબ્બાથ કે દશ આજ્ઞાઓ ઇત્યાદિ. એ બધું બતાવે છે કે પુસ્તકનો બનાવ મૂસા (મોશે)ના સમય અગાઉ (આ. ઈ. પૂર્વે ૧૫૦૦) બન્યો.

(૬) વળી બનાવ કનાન કે પાલેસ્તાઈન (ઇઝરાયલ)માં નથી બન્યો, કે બાબિલ, આસ્શૂર કે મિસરમાં નથી બન્યો; પણ ઉસ દેશમાં બન્યો. એ પણ પિતૃઓનો સમકક્ષ સમય દર્શાવે છે.

(૭) પુસ્તકમાં આપેલાં અન્ય ભૌગોલિક સ્થળો પણ એ જ સમય સૂચવે છે.

## ૨૦ પ્રભુ ઈસુ સ્વર્ગથી આવેલા અને ઈશ્વરપુત્ર હતા તેની શી ખાતરી ?

**પ્રશ્ન :** દુનિયામાં ઘણા બધા આવ્યા અને પોતે ઈશ્વર છે, અથવા ઈશ્વર તરફથી મોકલાયેલા છે, એમ ઘણા જણના દાવા છે. વળી એવા કેટલાકે જુદા જુદા ધર્મો પણ સ્થાપ્યા છે. તો જેઓ ખ્રિસ્તી નથી તેવાની આગળ ઈસુ ખ્રિસ્ત એકલા જ જગતના તારણહાર છે ને સ્વર્ગથી આવ્યા હતા, તે કેવી રીતે સમજાવી શકાય ?

**જવાબ :** આ વિષય પર, તેમ જ પ્રભુ ઈસુનો ચમત્કારિક જન્મ, તેમનું મૃત્યુ, અને ચમત્કારિક પુનરુત્થાન, વગેરે વિષયો પર એક પુસ્તક તૈયાર કરી રહ્યો છું, જે (ઈશ્વરેચ્છા હોય તો) એએક

વર્ષ પછી જાહેરમાં ગુજરાતીમાં તેમ જ અંગ્રેજીમાં મુકાશે. "બાઇબલ અને વિજ્ઞાન"ની શ્રેણીના મારા સંદેશાઓમાં એક સંદેશો આ વિષે પણ આપું છું. એટલે હાલ પૂરતો તો એમાંથી જ થોડુંક અહીં રજૂ કરીશ.

પ્રભુ ઈસુ એકલા જ તારનાર છે, અને ખુદ સ્વર્ગેથી આવ્યા હતા, એ ચર્ચાનો વિષય બનાવવો બહુ લાભદાયી નથી. ઊંડી શ્રદ્ધાથી તેમનો સ્વીકાર કરવાથી જ સાચેસાચ સત્ય જોવા તથા અનુભવવા મળે છે.

પ્રભુ ઈસુએ એમ્મૌસ જતા પેલા બે શિષ્યોને કેવો ઠપકો આપ્યો હતો ! અને "પછી મૂસાથી તથા બધા પ્રબોધકોથી માંડીને તેણે **બધા** ધર્મલેખોમાંથી **પોતાના સંબંધીની** વાતોનો ખુલાસો કરી બતાવ્યો" (લૂક ૨૪ : ૨૭). વળી જુઓ, લૂક ૨૪ : ૪૪ "...કે મૂસાના **નિયમશાસ્ત્રમાં** તથા **પ્રબોધકોનાં** પુસ્તકોમાં તથા **ગીતશાસ્ત્રમાં મારા સંબંધી જે લખેલું છે** તે બધું પૂરું થવું જોઈએ." બીજા આવી ગયેલા અન્ય ધર્મસ્થાપકોમાંથી કોઈનાયે વિષે અગાઉથી પૃથ્વીના લોકોને કંઈ જ જાણ કરવામાં આવી નથી; ફક્ત પ્રભુ ઈસુ વિષે જ સેંકડો ભવિષ્યવાણીઓ બાઇબલનાં પાનાં પર આપેલી છે, ને તેયે પ્રભુ ઈસુના આવ્યા અગાઉ સેંકડો વર્ષો અગાઉ એ લખવામાં આવી હતી.

ભારતમાં અન્ય કોઈ દેશનો મહાપુરુષ આવનાર હોય, તો તે ક્યારે આવશે, ક્યાં ક્યાં ફરશે, ઇત્યાદિ કાર્યક્રમ અગાઉથી છાપાં, રેડિયો અને ટી. વી. ઉપર જાહેર કરવામાં આવે છે; એટલું જ નહિ, પણ એ મહાપુરુષના ખરાપણાની ખાતરી માટે એમનાં બધાં અધિકારયુક્ત ઓળખપત્રો તપાસી જોવામાં આવે છે. આવું કોઈ અન્ય ધર્મસ્થાપકો માટે કરી શકાય તેમ નથી. ફક્ત ઈસુ ખ્રિસ્તના આવવાનો ઝીણો ઝીણો કાર્યક્રમ જૂના કરારમાં સેંકડો વર્ષો અગાઉથી માણસોને ભવિષ્ય-વાણીઓના રૂપમાં જાહેર કરવામાં આવ્યો હતો, અને એવી જ ભવિષ્ય-વાણીઓ એમનાં અધિકારરૂપ ઓળખપત્રો બની રહે છે.

પ્રભુ ઈસુના પહેલી વખતે આવવા સંબંધીનાં ભવિષ્યકથનો બધાં આપણે અહીં ઉતારી શકીએ તેમ નથી. ફક્ત ટૂંકમાં જ કહીએ તો જૂના કરારમાં પ્રભુ ઈસુ વિષે ઓછામાં ઓછી ૩૩૩ ભવિષ્યવાણીઓ છે. એમાંની ૧૦૯ પ્રભુ ઈસુના પ્રથમ આગમન વખતે પૂરી થઈ હતી; અને બીજી ૧૨૪ એમના પુનરાગમન વખતે પૂરી થશે. વિજ્ઞાનની એક શાખા છે જે "લૉ ઑફ કમ્પાઉન્ડ પ્રૉબેબિલિટી" (મિશ્ર શકયતા—કે મિશ્ર સંભાવનાનો નિયમ). "આ લૉ ઑફ કમ્પાઉન્ડ પ્રૉબેબિલિટી"નું શાસ્ત્ર દાખલો આપે છે કે એક ટાઇપરાઇટર લઈ તેમાં લાંબું —ખૂબ લાંબું કાગળ દાખલ કરીએ, પછી એક વાંદરાને ટાઇપરાઇટર આગળ એક સ્ટૂલ પર બેસાડીએ. એ વાંદરો ટાઇપરાઇટરની જુદી જુદી કળો પર હાથ (કે પગ?) માર્યા કરે! અને એમ મારતાં મારતાં અકસ્માત તેનાથી એક આખું વાકય (ધારો કે યોહાન ૩ : ૧૬) ટાઇપ થઈ જાય! તો એમ બનવા માટે 'લૉ ઑફ કમ્પાઉન્ડ પ્રૉબેબિલિટી' પ્રમાણે કરોડોના કરોડો ચાન્સમાં એક જ ચાન્સ લાગે!

વિજ્ઞાનના આ નિયમ પ્રમાણે કોઈ એક વ્યક્તિ કે બનાવ વિષે એક ભવિષ્યવાણી હોય તો એ ભવિષ્યવાણી આકસ્મિક પૂરી થવામાં શકયતાના બે ચાન્સમાંથી એક જ ચાન્સ છે. અને જો એવી અગમવાણીઓ દશ હોય, તો તે બધી જ ખરી પડવા માટે ૧૦૨૪ ચાન્સમાંથી એક જ ચાન્સ હોય છે. અને જયારે ૧૦૯ અગમવાણીઓ એક જ વ્યક્તિ માટે હોય (જેમ જૂના કરારમાં પ્રભુ ઈસુ માટે છે તેમ) તો તો એ ૧૦૯ ભવિષ્યવાણીઓ એક જ વ્યક્તિમાં જ પૂરી થવા માટે ૮૭ ઉપર ૨૮ મીંડાં ચઢાવો (૮૭ કરોડ × દશ કરોડ × દશ કરોડ) એટલા ચાન્સમાં માત્ર એક જ ચાન્સ સંભવી શકે! એટલે કે **અશકય!** પણ એક જ વ્યક્તિમાં એ બધી ૧૦૯ ભવિષ્યવાણીઓ પૂરી થઈ! એ તો બાઇબલ સાચું છે; અને ઈસુ એ જ તારનાર છે, એની સાબિતી છે!

બાઇબલની વાત માનવા તૈયાર નહિ એવા કેટલાક લોકો એમ કહેતા હોય છે કે પ્રભુ ઈસુએ મારીમચડીને એ બધી અગમવાણીઓ પૂરી કરી! એટલે કે તે પોતે એવી રીતે વર્ત્યા અને સંજોગો ઊભા કર્યા કે જૂના કરારની ૧૦૯ અગમવાણીઓ એમનામાં પૂરી થાય. તો પ્રભુ ઈસુ બેથલેહેમમાં જનમવાના છે એવી ભવિષ્યવાણી (મિખાહ ૫ : ૨) પ્રભુ ઈસુ પોતે કેવી રીતે પૂરી કરી શકે? એ તો બાળક તરીકે જનમવાના હતા, અને એ માટેના સંજોગોને પ્રભુ ઈસુ પોતે કેવી રીતે વળાંક આપી શકે? પણ એ ભવિષ્યકથન પ્રમાણે જ પ્રભુ ઈસુ બેથલેહેમમાં જન્મ્યા! એ જ પુરવાર કરે છે કે ઈશ્વરપિતા પાસેથી આવનાર તારનાર પ્રભુ ઈસુ જ હતા. બીજું એક ભવિષ્યકથન લઈએ : ગીતશાસ્ત્ર ૨૨ : ૧૮ "તેઓ માંહોમાંહે મારાં લૂગડાં વહેંચી લે છે; અને મારા ઝભ્ભાને માટે તેઓ ચિઠ્ઠી નાખે છે" દાઉદ ભક્તના સંબંધમાં તો આવું કદી બન્યું નથી; એ તો પવિત્ર આત્માએ ભક્ત દાઉદ પાસે પ્રભુ ઈસુ માટે જ ભવિષ્યકથન લખાવ્યું. રોમન સિપાઈઓએ ઝભ્ભા માટે ચિઠ્ઠી નાખી, અને ઈસુનાં લૂગડાંની વહેંચણી કરી લીધી, ત્યારે પ્રભુ ઈસુ તો ક્રૂસ પર હતા; અને રોમન સિપાઈઓ એવી રીતે વર્તે એવા સંજોગો પ્રભુ ઈસુ કેવી રીતે ઊભા કરી શકે? પણ આ ભવિષ્યવાણીરૂપ એમનું પ્રમાણપત્ર સાચું પડ્યું!

બીજા કેટલાક તો એમ કહે છે કે ઈસુ ખ્રિસ્ત પૃથ્વી પર પહેલી વખત આવી ગયા પછી, જૂનો કરાર લખાયો, અને આવી આવી ભવિષ્યવાણીઓ એમાં ઉમેરવામાં આવી. આ તો મૂર્ખની માન્યતા છે, કારણ, જૂના કરારનું છેલ્લામાં છેલ્લું પુસ્તક પણ પ્રભુ ઈસુના પ્રથમ આગમન અગાઉ ૪૦૦ વર્ષ પૂર્વે લખાઈ ચૂક્યું હતું. એ તો તે વખતના ઇતિહાસકારોનાં લખાણો દ્વારા પુરવાર થાય છે. વળી જૂનો કરાર હિબ્રૂ ભાષામાં હતો, તેનો ગ્રીક ભાષામાં તરજુમો કરવામાં આવ્યો. તે પ્રભુ ઈસુના જન્મ અગાઉ લગભગ દોઢસો

વર્ષ પૂર્વે, અને આજના જૂના કરારમાં જે કંઈ છે તે અક્ષરશઃ ઈસુના જન્મ પહેલાંના જૂના કરારમાં હતું, તે ઐતિહાસિક સત્ય છે. પેલી બધી ભવિષ્યવાણીઓ પણ અગાઉથી હતી જ. આ સત્યનો કોઈ નકાર કરી શકે તેમ નથી. મૃત સરોવર પાસેથી કુમરાનની ખીણમાંથી જૂના કરારનાં મળી આવેલાં ચર્મપત્રો પણ એ જ પુરવાર કરે છે. હા, પ્રભુ ઈસુ ખ્રિસ્ત એકલા જ સ્વર્ગથી પૃથ્વી પર આવ્યા, અને જગતના તારનાર બન્યા.

## ૨૧ "તારા પોતાના ટાંકામાંથી પાણી પી," એટલે શું ?

**પ્રશ્ન :** શ્રી. મોરારજીભાઈ દેસાઈ લખે છે કે તંદુરસ્તીને માટે તે પોતે પોતાનો પેશાબ પીએ છે. પેશાબને તે 'જીવનનું જળ' ગણે છે. અને વળી લખે છે કે "બાઇબલમાં પણ પોતાના ટાંકામાંથી પાણી પી" એમ લખ્યું છે. આ પોતાનું ટાંકું એટલે પોતાનો પેશાબ? આની ઉપર પ્રકાશ પાડશો તો આભાર.

**જવાબ :** 'પેશાબ' : પર્શિયન ભાષા પ્રમાણે 'પેશ' એટલે આપવું અથવા ધરવું; અને 'આબ' એટલે પાણી. પોતાનો પેશાબ પોતે પીવો તે આરોગ્યશાસ્ત્ર પ્રમાણે કેટલું હિતાવહ છે એ તો આરોગ્યશાસ્ત્રના નિષ્ણાતો જાણે. બાકી બાઇબલમાં પોતાનો પેશાબ લેવા માટે કોઈ પણ ઉલ્લેખ નથી.

આજથી આશરે ચોવીસ–પચ્ચીસ વર્ષ પહેલાં અમદાવાદમાં આખા ભારતના વૈદોની એક કૉન્ફરન્સ–સભા ભરાઈ હતી, અને એક દિવસ એમાં પોતાનો પેશાબ પીવા વિષે ચર્ચા થઈ હતી. ઉત્તર ભારતના એક વૈદ એક સવારે, કોઈના ચીંધ્યા મારી પાસે આવ્યા હતા, ને

મને કહ્યું કે "અમારે ચર્ચા ચાલે છે કે બાઇબલમાં પણ પોતાનો પેશાબ પીવા વિષે લખ્યું છે તે સાચું છે કે કેમ ?" એટલે મેં બહુ સ્પષ્ટ ખુલાસો કર્યો કે બાઇબલમાં એવું ક્યાંએ લખ્યું નથી. અને જે કલમની ઘણા બધા ગેરસમજૂતી કરે છે તે કલમ વિષે પણ સમજાવ્યું. કૉન્ફરન્સમાં એક ધર્મગુરુનો અધિકારયુક્ત અભિપ્રાય તે રજૂ કરી શકે એટલા માટે એ વૈદે મારો આ આખો અભિપ્રાય ટાઇપ કરી આપવા કહ્યું. મેં તે ટાઇપ કરીને આપ્યો.

જે કલમનો ગેરઅર્થ થાય છે તે આ છે : નીતિવચન ૫ : ૧૫ "તારા પોતાના ટાંકામાંથી પાણી પી, તારા પોતાના ઝરામાંથી વહેતું પાણી પી." એ કલમ એમ કહેવા માગે છે કે પરસ્ત્રી પાસે જવા કરતાં તારી પોતાની પત્નીથી આનંદ માન. એ પછીની ૧૬, ૧૭, ૧૮, ૧૯ વગેરે કલમ વાંચવાથી એ અર્થ સ્પષ્ટ થઈ જશે.

## ૨૨ 'ફળ' એટલે શું ?

**પ્રશ્ન :** ખ્રિસ્તની સાથે રહેવાથી ખ્રિસ્તી માણસમાં જે ફળ દેખાવાં જોઈએ તે વિષે સમજાવશો ?

**જવાબ :** ગલાતીઓના પત્ર ૫ : ૨૨, ૨૩ માં પવિત્ર આત્મા માણસમાં વાસો કરે છે, એટલે જે ફળ (એકવચન વાપર્યું છે. એક દાડમમાં અનેક કળીઓ હોય તેમ) લાગે છે તે આ : "પવિત્ર આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું, નમ્રતા તથા સંયમ છે." જ્યારે યોહાન ૧૫ : ૨, ૪, ૫ કલમોમાં 'ફળ' અને 'વધારે ફળ આવે' વગેરે શબ્દો છે તેના બહુધા અર્થ સાક્ષી અને જીવન દ્વારા ઘણાં બધાંને ખ્રિસ્તની પાસે

લાવવા વિષે છે. જે ખ્રિસ્તમાં રહેતો નથી તે બીજાઓને પ્રભુ ઈસુ પાસે લાવી શકે તેવું સામર્થ્ય (ખ્રિસ્તનો સહાયક આત્મા) તેની પાસે નથી. "તેને વધારે ફળ આવે માટે તે તેને શુદ્ધ કરે છે" (૧૫ : ૨). અસલ ગ્રીક પ્રમાણે 'શુદ્ધ કરવું' એટલે 'છાંટી નાખવું', ડાળી પરનો અન્ય ભાર ઓછો કરવો. એમ જે પોતાનો નકાર વધારે કરે છે, અને જેને ખ્રિસ્ત પોતે દુનિયાનાં વાનાં (બોજો)થી છાંટી નાખે છે, ઓછાં કરી નાખે છે, તે વધુ ફળ ખ્રિસ્તને માટે લાવી શકે છે.

## ૨૩ "અઝાઝેલ માટેનો બકરો" એટલે શું ?

**પ્રશ્ન :** બાઇબલમાં લેવીયના પુસ્તકના ૧૬ મા અધ્યાયમાં ૭ મી કલમથી ૧૦ મી કલમમાં એક બકરાને અઝાઝેલને માટે અરણ્યમાં છૂટો મૂકવામાં આવતો હતો. તો આ અઝાઝેલ એ શું કોઈ પ્રભુની સમકક્ષ એવો અન્ય કોઈ દેવ છે કે શું ? તો બાઇબલમાં તો એક જ ઈશ્વરને માનવો એમ કહ્યું છે તેનું શું ? એ જરા સમજાવશો ?

**જવાબ :** જૂના કરારમાં પ્રભુનાં જે પર્વો આપવામાં આવ્યાં છે, તેમાં **'પ્રાયશ્ચિત્તનો દિવસ'** એ પણ એક પર્વ છે. એ પર્વ વર્ષમાં એક વખત આવતું; અને તે દિવસે પ્રમુખ યાજક આખી ઇઝરાયલ પ્રજા માટે પ્રાયશ્ચિત્ત કરતો. પ્રાયશ્ચિત્ત માટે એક બળદને કાપીને દયાસન પર છાંટવામાં આવતું. વળી બે બકરા લેવામાં આવતા : ચિઠ્ઠીઓ નાખીને પસંદગી કરાતી : એક પ્રભુને માટે અને બીજો અઝાઝેલને માટે. પ્રભુને માટેના બકરાને કાપીને ઇઝરાયલ પ્રજાનાં સમસ્ત પાપોના પ્રાયશ્ચિત્ત માટે તેનું રક્ત દયાસન ઉપર અને સામી બાજુ છાંટવામાં આવતું.

એ પછી અઝાઝેલ માટેનો બકરો લેવામાં આવતો. પ્રમુખ યાજક ઇઝરાયલ પ્રજાનાં આખા વર્ષનાં પાપ કબૂલ કરીને એ બકરાના શિર ઉપર મૂકતો, અને ઠરાવેલા માણસ મારફતે એને દૂર અરણ્યમાં છોડી દેવામાં આવતો. કલમ ૧૬ : ૨૨ માં લખ્યું છે : "અને બકરો તેઓના સર્વ અન્યાય પોતાને શિર ધરીને ઉજ્જડ પ્રદેશમાં લઈ જશે; અને રાનમાં તે બકરાને છોડી દેવો." વળી, જુઓ ૧૬ : ૭–૧૦. અઝાઝેલ માટેની ચિઠ્ઠી જે બકરા પર પડે, તેને અઝાઝેલને માટે અરણ્યમાં મોકલી દેવામાં આવે—બધો વિધિ પતાવ્યા પછી.

આ 'અઝાઝેલ' શું છે તે અંગે બાઇબલ-અભ્યાસીઓએ જાતજાતના તર્કો કર્યા છે. અંગ્રેજીમાં 'અઝાઝેલ'ને બદલે **'Scapegoat'** (સ્કેપગોટ) શબ્દ વાપર્યો છે. એનો અર્થ "હોળીનું નાળિયેર" જેવો થાય છે—બીજાનાં પાપ માટે જેને સજા ભોગવવાની થાય તે બકરો, અથવા જેને માથે બીજાનાં પાપ પડે છે તે. નીચે અભ્યાસીઓના જુદા જુદા અભિપ્રાય રજૂ કરું છું:

(૧) કેટલાક કહે છે કે બકરાનું નામ 'અઝાઝેલ' પાડવામાં આવતું. પણ કલમ ૧૦ અને ૨૬ સ્પષ્ટ જણાવે છે કે "અઝાઝેલ સારુ" મોકલવામાં આવે.

(૨) બીજા કેટલાક માને છે કે અરણ્યમાં કોઈ સ્થળ હતું જેને 'અઝાઝેલ' નામ આપવામાં આવેલું, અને ત્યાં આ બકરાને છોડી દેવામાં આવતો. બીજા કેટલાક કહે છે કે એ નામનો અર્થ જ 'અરણ્યનાં સ્થળ' થાય છે.

પ્રભુ ઈસુના સમયમાં આ બકરાને માથે ઇઝરાયલીઓનાં પાપ ચઢાવીને પર્વત ઉપર તેને લઈ જઈ નીચે ખીણમાં નાખી દેવામાં આવતો. એ ઉપરથી કેટલાક યહૂદીઓ એમ માને છે કે જે સ્થળેથી

આ બકરાને નીચે ફેંકી દેવામાં આવતો તે સ્થળને 'અઝાઝેલ' નામ આપવામાં આવ્યું હતું.

(૩) ઘણા માને છે કે 'અઝાઝેલ' એ કોઈ જીવંત વ્યક્તિ છે: કોઈ આત્મા, દુષ્ટાત્મા અથવા શેતાન પોતે. તેઓ એ અર્થ તારવે છે કે આ જીવંત વ્યક્તિ (આત્મા, દુષ્ટાત્મા કે શેતાન) ઇઝરાયલ પ્રજાને હેરાન ન કરે, ને ફાંદામાં ન નાખે, માટે પ્રભુ વર્ષમાં એક વાર આવો —લોકોનાં પાપથી લદાયેલો બકરો, તેને મોકલી આપે છે. ઇઝરાયલ લોકો પર તે આત્મા કે શેતાન હક્ક ન કરે, માટે પ્રભુ તેને લાંચ મોકલી આપે છે! પણ આ માન્યતા બાઇબલ-આધારિત નથી.

ઇઝરાયલ લોકોનાં પાપ બલિદાનો અને યજ્ઞાર્પણો દ્વારા માફ કરાતાં, અને યજ્ઞનું લોહી દયાસન પર છંટાતું. આ દયાસન તો આવનાર ઈશ્વરના હલવાનની ઉપમારૂપ અથવા પૂર્વછાયારૂપ હતું.

'અઝાઝેલ' શબ્દનો અર્થ હિબ્રૂ ભાષા પ્રમાણે, "સંપૂર્ણ દૂર કરાવું" થાય છે. અરબીમાં પણ 'અઝાલા' એટલે 'દૂર કરાવું' થાય છે. ગુજરાતીમાં મૂળ હિબ્રૂ શબ્દ 'અઝાઝેલ' એમનો એમ રહેવા દેવાને લીધે આ ચિત્રવિચિત્ર અર્થો નીકળે છે. અંગ્રેજીમાં પણ કેટલીક આવૃત્તિઓમાં પણ એ જ પરિસ્થિતિ છે. ઈશ્વર આપણાં પાપ સદાને માટે સંપૂર્ણપણે દૂર—અતિ દૂર કરી દે છે. "પૂર્વ જેટલું પશ્ચિમથી દૂર છે, તેટલાં તેણે આપણાં ઉલ્લંઘન આપણાથી દૂર કર્યાં છે" (ગી. શા. ૧૦૩ : ૧૨). એ જ અર્થ અહીં પણ છે. બે બકરા—એક પ્રભુને માટે, ને બીજો અઝાઝેલને માટે—એનો અર્થ આટલો જ છે કે—એક પ્રભુને માટે અને બીજો "સંપૂર્ણ દૂર કરી દેવા માટે."

# ૨૪ ઈસુને પવિત્ર આત્મા મળ્યો, અને ઈસુએ પવિત્ર આત્મા મોકલ્યો તે વિષે.

**પ્રશ્ન :** પ્રભુ ઈસુ યોહાનથી બાપ્તિસ્મા પામ્યા ત્યારે તરત જ પવિત્ર આત્માથી તેમને વેષ્ટિત કરવામાં આવ્યા હતા (જુઓ લૂક ૩ : ૨૨. ૪ : ૧. યોહાન ૧ : ૩૩). તો પછી યોહાન ૭ : ૩૯ માં એમ કેમ લખ્યું છે કે "ઈસુને હજી મહિમાવાન કરવામાં આવ્યા નહોતા, માટે પવિત્ર આત્મા હજી આપવામાં આવ્યો નહોતો ?" ખુલાસો આપશો.

**જવાબ :** જવાબ સાદો છે. પ્રશ્નકારની સમજફેરને લઈ ને આ પ્રશ્ન ઊભો થયો છે. પ્રભુ ઈસુ બાપ્તિસ્મા વખતે પવિત્ર આત્માથી વેષ્ટિત થયા, એટલું જ નહિ, પણ પવિત્ર આત્માથી જ તેઓ માતાને પેટે ગર્ભ રહ્યા હતા. પણ યોહાન ૭ : ૩૯ માં જે લખ્યું છે તે તો લોકોને જે પવિત્ર આત્મા મળવાનો હતો તે વિષેની વાત છે. યોહાન ૭ : ૩૭–૩૯માં આપ્યું છે તેમ, "પર્વને છેલ્લે તથા મોટે દિવસે પ્રભુ ઈસુએ મોટા અવાજથી પોકાર્યું હતું કે "...જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે, તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે.' " આ તો પવિત્ર આત્મા વિષેનું ભવિષ્યકથન હતું કે ભવિષ્યમાં પવિત્ર આત્મા આવશે, ત્યારે વિશ્વાસ કરનારાઓના જીવનમાં પવિત્ર આત્મા છલકાશે. એ પછી લેખક યોહાન પ્રેરિત ખુલાસો પણ (૩૯મી કલમમાં) કરે છે કે પ્રભુ ઈસુ હજી મૃત્યુ પામ્યા નથી, પુનરુત્થાન પામ્યા નથી, ને સ્વર્ગે ચઢ્યા નથી, એટલે 'સંબોધક' પવિત્ર આત્મા (યોહાન ૧૪ : ૧૬, ૧૭ પ્રમાણે) ઉપરથી મોકલવામાં આવ્યો નથી. પણ પચાસમાને દિને પવિત્ર આત્મા ઊતર્યો.

અહીં એક ટૂંકી વધારાની વાત કહી દઉં : "હવે પર્વને છેલ્લે તથા મોટે દિવસે ઈસુએ ઊભા રહીને ઘાંટો પાડતાં કહ્યું કે 'જો કોઈ

તરસ્યો હોય, તો તે મારી પાસે આવીને પીએ.' પછી 'પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે,' " એ વાત કરી. કેમ ? એ પર્વ તે માંડવાપર્વ. પ્રભુ ઈસુના પૃથ્વી પર આવ્યા પહેલાં આઠસો વર્ષથી એક પરંપરાગત પ્રણાલિકા ચાલતી આવતી હતી. યરુશાલેમમાં માંડવાપર્વ દરમિયાન દરરોજ યાજકો મંદિરેથી નીકળી, પહાડી રસ્તો કાપીને શિલોઆમના કુંડે જતા. અને મંદિરનાં સુવર્ણપાત્રોમાં આ કુંડમાંથી પાણી ભરીને, મંદિરે લાવતા. પછી મંદિરના આંગણામાં યહૂદીઓની જે મોટી માનવમેદની એકત્ર થઈ હોય તેઓના દેખતાં, સુવર્ણપાત્રમાંના પાણીને ઈશ્વરને અર્પણ તરીકે રેડી દેતા. પાણી રેડાતું હોય તે સમયે આંગણામાં ઊભેલા યહૂદીઓ યશાયા ૧૨ : ૩ લલકારતા : "ત્યારે તમે આનંદ સહિત તારણના ઝરાઓમાંથી પાણી ભરશો." આવા એક પ્રસંગે પ્રભુ ઈસુએ જોરથી પોકાર્યું કે "જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે આવીને પીએ." પ્રભુ ઈસુ જ **"તારણનો ઝરો"** હતા.

## ૨૫ 'સાન્હેડ્રિન' એટલે શું ?

**પ્રશ્ન :** સુવાર્તાઓમાં 'સાન્હેડ્રિન' બહુ પરિચિત શબ્દ શું છે ? પ્રભુ ઈસુને ન્યાયચુકાદા માટે આ સાન્હેડ્રિન આગળ લાવવામાં કેમ આવ્યા ? એની સત્તા કેટલી હતી ? વગેરે સમજાવશો.

**જવાબ :** સાન્હેડ્રિન યહૂદીઓની 'સુપ્રીમ કોર્ટ' હતી. 'સાન્હેડ્રિન' ગ્રીક શબ્દ છે. અને એનો અર્થ 'સભા' થાય છે. એ ન્યાય ચૂકવનાર સભા હતી, અને સાથે સાથે કાયદા ઘડનારી સભા પણ હતી. કાયદા ઘડવા, એમનો અમલ કરાવવો, અને ન્યાય તોળવો એ બધું એનું જ કામ હતું. એનું હિબ્રૂ નામ હતું, – 'બેતદિન–હાગાદલ' (=હાઇકોર્ટની

વડી કાઉન્સિલ). એમાં સિત્તેર સભ્યો અને એક વડો યાજક મળી એકોતેર જણ બેસતા. આ વડી સાન્હેદ્રિન યરુશાલેમમાં મળતી.

એ વડી અદાલતની નીચે બીજી કેટલીક ઊતરતી કક્ષાની સાન્હેદ્રિન હતી, અને એમાં કુલ ૨૩ સભ્યો બેસતા. એમાંની બે સાન્હેદ્રિન યરુશાલેમમાં બેસતી, અને એવી અન્ય સાન્હેદ્રિનો દેશનાં મોટાં મોટાં શહેરોમાં બેસતી અને ન્યાય ચલાવતી. એનાથીયે ઊતરતી એટલે કે ત્રીજી કક્ષાની સાન્હેદ્રિનો ગામડાંઓમાં બેસતી. એ ગામડાંની કચેરીઓ ગણાતી અને એમાં ત્રણ ત્રણ સભ્યો બેસતા.

ઈસ્વીસન પૂર્વે ૫૫ માં ગોબિનિયસે આખા યહૂદી પ્રદેશને એવી રીતે વિભાગી નાખ્યો કે પાંચ સાન્હેદ્રિનો એ બધા પર સત્તા ચલાવે, અને ચુકાદા આપે. આમાંની યહૂદિયા પ્રદેશ માટેની ત્રણ સાન્હેદ્રિનો યરુશાલેમમાં, ગઝારામાં અને યરેખોમાં હતી.

બીજાં દશ વર્ષ પછી રોમન કૈસરે મહાન હેરોદને રાજા નીમ્યો, અને બધી સત્તા એને સોંપી. અગાઉ એક સમયે એ હેરોદનો જ ખૂનનો કેસ સાન્હેદ્રિનમાં ચાલ્યો હતો. હેરોદ રાજા નિમાતાં એણે પહેલું કામ એ કર્યું કે સાન્હેદ્રિનના બધા સભ્યોને મારી નાખ્યા.

એ પછી જે સાન્હેદ્રિન નીમવામાં આવી તેના સભ્યો લગભગ હેરોદના વળના કે એનું 'હા' ભણનારા હતા. પણ હેરોદના અને તેના પછી ગાદીએ આવેલા આર્ખેલાઉસના મૃત્યુ બાદ જે સાન્હેદ્રિન સત્તાધારી બની, તે તો જૂના વડા યાજકની તેમ જ ધાર્મિક આગેવાનો(વડીલો)ની બનેલી હતી, અને તેનું સંચાલન વડા યાજક હસ્તક થતું. આમાં સાદુકીપંથી યહૂદીઓનું વર્ચસ્વ હતું. આમ તો સાન્હેદ્રિન એ જ સુપ્રીમ કોર્ટ હતી, પણ મૃત્યુદંડનો અધિકાર તેઓની પાસે નહોતો. એ અધિકાર તો રોમન ગવર્નરને હસ્તક જ હતો. રોમન ગવર્નર માન્ય રાખે તો જ મૃત્યુદંડનું સાન્હેદ્રિને આપેલું ફરમાન માન્ય બનતું.

બધા જ ફોજદારી ગુનાઓ અંગે અને ખાસકરીને મૃત્યુદંડના કેસોમાં, યહૂદી કચેરીના કાયદા ઘણા કડક હતા. ઘણા પ્રકારનાં જુદાં જુદાં કારણોસર મૃત્યુદંડ આપી શકાતો, જેમ કે, ચેતવણી છતાં સાબ્બાથભંગ, જાદુ, મૂર્તિપૂજા, જૂઠા પયગંબર હોવું, ખૂન કરવું, હઠીલા અને બંડખોર પુત્ર હોવું, ઈશ્વરનિંદા કરવી, ઇત્યાદિ કારણોસર મૃત્યુદંડ ફરમાવવામાં આવતો.

યહૂદી કાયદામાં ગુનાના પ્રકાર પ્રમાણે ચાર પ્રકારના મૃત્યુદંડ દેવાતા: પથ્થરે મારવું, અગ્નિમાં બાળવું, ફાંસો દેવો અને માથું કાપી નાખવું. હિબ્રૂ કાયદામાં વધસ્તંભનો મૃત્યુદંડ નહોતો. એ તો રોમન સજા હતી. (લેખકકૃત : "વધસ્તંભની વાટે" પૃષ્ઠ ૫૬–૫૭)

## ૨૬ બદામડીનો ફણગો !

(યર્મિયા ૧ : ૧૧, ૧૨) અગિયારમી કલમમાં પ્રભુ યર્મિયાને પૂછે છે : "હે યર્મિયા, તું શું જુએ છે ?" એનો જવાબ તે આપે છે, **"હું બદામડીનો ફણગો જોઉં છું."** ત્યારે ૧૨મી કલમમાં પ્રભુ યર્મિયાને કહે છે : "તેં બરાબર જોયું છે, કેમ કે મારું વચન સંપૂર્ણ કરવા સંબંધી **'હું જાગ્રત છું.'**"

પૂર્વના ઘણા પ્રદેશોમાં શિયાળામાં બધી વનસ્પતિ જાણે મરી ગઈ હોય, વનરાજીમાં કોઈ જીવ કે ચૈતન્ય ન હોય, તેવું સર્વત્ર લાગે છે. એનામાં વસંત આવતાં સૌથી પહેલો ફણગો બદામડીને ફૂટે છે; સૌથી પહેલું ચૈતન્ય બદામડીને ફૂટેલા મોર અથવા ફૂલો પરથી દેખાઈ આવે છે. બદામડીને તે સમયે પાંદડાં ફૂટતાં નથી, પણ આછી ગુલાબી ઝાંયવાળાં શ્વેત ફૂલોથી આખી બદામડી છવાઈ જાય છે. એ પછી જ બીજી વનસ્પતિમાં ચૈતન્ય આવતું લાગે છે. આમ, સૌથી પહેલી

બદામડી મોરે છે, તેથી હિબ્રૂ ભાષામાં એનું નામ **'શાકેદ'** પાડયું છે. 'શાકેદ' એટલે **'જાગ્રત'** વૃક્ષ થાય છે.

બારમી કલમમાં આ 'શાકેદ' શબ્દના ઉચ્ચાર તેમ જ અર્થવાળો શબ્દ પ્રભુ હિબ્રૂ ભાષામાં વાપરે છે: "મારું વચન સંપૂર્ણ કરવા સંબંધી હું **'જાગ્રત'** (હિબ્રૂ : **શોકેદ**) છું." ઈશ્વર 'શોકેદ' છે, એટલે કે જાગ્રત છે; આમ, 'શાકેદ' અને 'શોકેદ' શબ્દો વાપરવાથી ઝડઝમકનો શબ્દાલંકાર વાપરી ભાષામાધુર્ય, અને વિશેષ તો અર્થમાધુર્ય ઊભું કરે છે. બદામડીનો ફણગો ઈશ્વરની મનોસ્થિતિનો રૂપક બની જાય છે. ગુજરાતી તરજુમામાં આ ઝડઝમક અલંકાર જાળવી શકાતો નથી.

ઇઝરાયલના પ્રદેશમાં બદામડીને જાન્યુઆરીની આખરમાં મોર આવે છે, અને ફણગા ફૂટે છે. એ વખતે પાંદડાં હોતાં નથી. બદામો માર્ચમાં લાગે છે.

મૂસાના ભાઈ હારુન યાજકની સૂકી લાકડી બદામડીની હતી. બીજાઓની અગિયાર લાકડીઓ ભેગી એને પણ મુલાકાતમંડપમાં રાતે મૂકવામાં આવી હતી. બીજી સવારે હારુનની બદામડીની સૂકી લાકડીને ફૂલો આવ્યાં હતાં, અને પાકી બદામો લાગી હતી (ગણના ૧૭:૮). એમાં ખ્રિસ્તના તેમ જ તે પરથી આપણા પુનરુત્થાનની ઉપમા અને આગાહી હતી.

## ૨૭ પ્રબોધકોના પુત્રો !

(૨ રાજા ૨:૩, ૫, ૧૫. ૪:૧. ૬:૧. ૯:૧. વગેરે). આ શબ્દપ્રયોગ જૂના કરારમાં વારંવાર વપરાયો છે. જોકે શબ્દ છે 'પ્રબોધકોના પુત્રો', પણ એ બધા પ્રબોધકોના દીકરા નહોતા, પણ પ્રબોધકોની સેવા માટે,

અને છેવટે ઈશ્વરની સેવા માટે, એ માટેની તાલીમ આપનારી શાળાઓમાં ભણતા જુવાનો હતા. આજની ઈશ્વરવિદ્યાશાળાઓ કે બાઇબલ સેમિનરીઓ જેવી કંઈક અંશે એ સંસ્થાઓ કે વ્યવસ્થાઓ હતી. એની શરૂઆત કરનાર શમુએલ પ્રબોધક હતો. એના જીવનકાળ દરમિયાન સૌથી પહેલી આવી શાળા રામાહમાં (૧ શમુ. ૧૯:૧૯, ૨૦) સ્થપાઈ. એ પછી બીજાં સ્થળોએ પણ એવી શાળાઓ સ્થપાઈ; જેમ કે બેથેલ (૨ રાજા ૨:૩), યરેખો (૨ રાજા ૨:૫), ગિલ્ગાલ (૨ રાજા ૪:૩૮). ૨ રાજા ૬:૧ માં પણ આવી શાળા જણાવી છે, પણ સ્થળનું નામ આપવામાં આવ્યું નથી. જૂના કરારના સમય સુધી આવી 'પ્રબોધક શાળાઓ' ચાલતી હતી.

## ૨૮ "તેને ભયના રાજાની હજૂરમાં લાવવામાં આવશે."

(અયૂબ ૧૮:૧૪ क). (હિબ્રૂ : બાલાહા [હ]) – ઘસાઈ ગયેલું; જીર્ણ થઈ ગયેલું; લાશ થઈ ગયેલું). આ કલમમાં જણાવેલો "ભયનો રાજા" એટલે 'મૃત્યુ' થાય છે. હિંદુ માન્યતા પ્રમાણેના 'યમરાજા'નો અહીં ઉલ્લેખ નથી. (જોકે રોમન કૅથોલિક તરજુમામાં 'યમરાજા' વાપર્યું છે. 'યમરાજા' એ હિંદુ ઈશ્વરવિદ્યાનો શબ્દ છે; યહૂદી કે ખ્રિસ્તી ઈશ્વરવિદ્યામાં એવી માન્યતાને કોઈ સ્થાન નથી.) વળી ગ્રીક ફિલસૂફ પ્લેટોની માન્યતાવાળો 'મૃત્યુનો રાજા' પણ અહીં દર્શાવ્યો નથી. 'મૃત્યુ' અને 'હાડેસ' (મૃત્યુલોક), બાઇબલ પ્રમાણે ઈશ્વરના હાથમાં છે (પ્રકટી. ૧:૧૮. ૨૦:૧૪).

અહીં **'ભય'** એટલે માણસને લાશ કરી નાખે એવો ભયંકર રોગ થાય છે. આ 'ભયંકર રોગ' તે મૃત્યુરૂપી રાજાનો ચાકર છે, અને આ 'ચાકર' ધીમે ધીમે માણસને એના પોતાના (ચાકરના) રાજાની પાસે લાવે છે.

**'હજૂરમાં લાવવામાં આવશે'** : હિબ્રૂમાં એનો એવો અર્થ નીકળે છે કે માણસને 'ધીમે ધીમે અને ગંભીર રીતે મૃત્યુ સમીપ લાવવામાં આવશે.' ઈશ્વર વિનાના માણસની આંખો આગળ ભયભરેલું મૃત્યુ લાંબા સમયથી હોય છે.

## ૨૯ બેલ્યાલ !

(૨ કોરિંથી ૬:૧૫) : અત્યાર અગાઉનાં ગુજરાતી બાઇબલોમાં જૂના કરારમાં પુનર્નિ. ૧૩:૧૩. ન્યાયા. ૧૯:૨૨. ૨૦:૧૩. ૧ શમુ. ૧:૧૬. ૧૦:૨૭ વગેરે સ્થળે **'બલીયઆલપુત્રો'** કે 'બલીયઆલ પુત્રી' શબ્દો હતા. એમની જગાએ હવે 'નકામા' કે 'નકામી' શબ્દો છે. આ 'બલીયઆલ પુત્રો/પુત્રી' એ કોઈ વિશેષનામ નથી કે કુળસંજ્ઞા નથી. એનો અર્થ માત્ર 'નકામા' ('નકામી') અથવા 'તોફાની' કે 'અંધાધૂંધી ફેલાવનારા' થાય છે. પણ નવા કરારમાં (૨ કોરિંથી ૬:૧૫ માં) 'બેલ્યાલ' વાપર્યું છે, તે ખરેખર 'શેતાન' માટે વપરાયું છે. શેતાનમાં સર્વ પ્રકારની ભૂંડાઈ પરિપૂર્ણ રીતે સમાયેલી છે.

## ૩૦ તામ્મૂઝ !

(હઝકિયેલ ૮:૧૪) : "ત્યારે તે (આકાશી પ્રતિમા) મને યહોવાના મંદિરના ઉત્તર તરફના દરવાજાના બારણા પાસે લાવ્યો; તે જુઓ, ત્યાં તો સ્ત્રીઓ તામ્મૂઝને માટે રડતી બેઠેલી હતી...આ કરતાં પણ અધિક ધિક્કારપાત્ર કૃત્યો તારા જોવામાં આવશે."

આ તામ્મૂઝ એ મૂળ અક્કાદી પ્રજાનો દેવ અને એની પૂજાભક્તિ તે જમાનામાં શેમવંશી પ્રજાઓમાં ખૂબ વિસ્તરેલી હતી. આ તામ્મૂઝ તો ઇસ્તાર દેવીનો પતિ અને ભાઈ થતો હતો. ઇસ્તાર દેવી બાબિલની પ્રજનન દેવી ગણાતી. તે સંતાનો બક્ષનાર દેવી ગણાતી. બાબિલની દંતકથા પ્રમાણે પાનખર અને શિયાળામાં જ્યારે બધી વનસ્પતિ અને ખેતરનો પાક સુકાઈ જતાં ત્યારે તામ્મૂઝ દેવ પણ મૃત્યુ પામતો, અને વસંતમાં પાછો જીવતો થતો. તામ્મૂઝના મૃત્યુ વખતે ઇસ્તાર દેવીના રુદનથી અને પૂજારણ સ્ત્રીઓના રુદનથી તામ્મૂઝ વસંતકાળે જીવતો થતો. એટલે જ અહીં હઝકિયેલ ૮:૪ માં તામ્મૂઝને માટે સ્ત્રીઓ રડતી હતી. આ સ્ત્રીઓ યહૂદી હતી, અને જીવતા પ્રભુના પવિત્ર મંદિરમાં રડતી હતી! એ કેવી મૂર્તિપૂજા! ઇશ્વરની નજરમાં એ ધિક્કારપાત્ર હતું. આ ઉપરાંત તામ્મૂઝ (ફળદ્રુપતાનો દેવ) અને ઇસ્તાર (પ્રજનન દેવી) ની પૂજાભક્તિમાં ભયંકર અનીતિભરી ભ્રષ્ટતા ચાલતી હતી.

બાબિલમાં ચોથા મહિનાનું નામ (આપણા જુલાઈ માસનો સમય) તામ્મૂઝ હતું. અને એ ઉપરથી યહૂદીઓના ચોથા મહિનાનું નામ પણ 'તામ્મૂઝ' પડ્યું હતું.

## ૩૧ ખોળો ખંખેરી નાખવો!

(નહેમ્યા ૫:૧૩): "મેં (નહેમ્યાએ) મારો ખોળો ખંખેરી નાખીને કહ્યું, કે જે કોઈ આ વચન ન પાળે તે દરેકનો: ધંધો તોડી પાડીને તેના ઘરને ઇશ્વર આ પ્રમાણે ખંખેરી નાખો; એમ જ તે ખંખેરી નંખાઈને ખાલી થઈ જાઓ."

તે જમાનામાં લોકોનાં વસ્ત્રોને ખિસ્સાં નહોતાં, એટલે કમરે અથવા કેડે વીંટાળેલા લૂગડાના પટકાએ કે એની અંદર બધું ખોસવામાં આવતું. આપણે ખોળો ખંખેરી નાખીએ, એવી રીતે આ યહૂદીઓ પેલો પટકો છોડી નાખીને ખંખેરી નાખતા. એ ખંખેરવાનો અર્થ એ થતો કે "મેં બધું ખોઈ નાખ્યું છે, કે જતું કર્યું છે."

## ૩૨ માહેર-શાલાલ-હાશ-બાઝ!

(યશાયા ૮:૧,૩): "વળી યહોવાએ મને કહ્યું, તારે સારુ મોટી પાટી લઈને તે પર સાધારણ લિપિમાં 'માહેર-શાલાલ-હાશ-બાઝને સારુ' લખ." એ પછી યશાયાની પત્નીને પુત્ર જન્મ્યો. પ્રભુએ યશાયાને કહ્યું, "તેનું નામ 'માહેર-શાલાલ-હાશ-બાઝ' પાડ, કેમ કે તે છોકરામાં 'મારા બાપ', ને 'મારી મા', એમ કહેવાની સમજણ આવશે તે પહેલાં, દમસ્કનું દ્રવ્ય તથા સમરૂનની લૂંટ આશ્શૂરના રાજાની પાસે લઈ જવામાં આવશે."

"માહેર-શાલાલ-હાશ-બાઝ"નો અર્થ છે: "ઝડપી લૂંટ, ત્વરિત લૂંટ." યશાયાનો આ દીકરો બોલતો થાય એવામાં જ સમરૂન એટલે ઇઝરાયલનું રાજ્ય, અને દમસ્ક એટલે સિરિયા(અરામ)નું રાજ્ય આશ્શૂરના રાજાથી પરાજય પામશે, અને એ બંને દેશોનું દ્રવ્ય આશ્શૂરનો રાજા લઈ જશે. આમ, પ્રભુએ યશાયાને એના પુત્રનું નામ ખાસ ભવિષ્યવાણીરૂપ પાડવા કહ્યું હતું.

# ૩૩ શું પ્રભુની ઇચ્છા પ્રમાણેની જ પ્રાર્થના સાંભળવામાં આવે છે?

**પ્રશ્ન :** બાઇબલમાં ૧ યોહાન ૫:૧૪ માં આપ્યું છે, "જો આપણે તેની (એટલે કે 'ઈશ્વરની') ઇચ્છા પ્રમાણે કંઈ માગીએ, તો તે આપણું સાંભળે છે." તો આસ્થાવાન પ્રાર્થના અને વિશ્વાસીની પ્રાર્થના ઈશ્વરની ઇચ્છા પ્રમાણેની ના હોય? અથવા ઈશ્વરેચ્છા પ્રમાણેની એ પ્રાર્થના ના હોય, તો ઈશ્વર ન જ સાંભળે?

**જવાબ :** ઈશ્વર તો સર્વની પ્રાર્થના સાંભળે છે! તે હકારમાં જવાબ આપે – ન આપે, એ જુદી વાત છે. ઉપર દર્શાવેલી કલમમાં "**સાંભળે છે**"નો અર્થ 'તે એ પ્રમાણે આપે છે' એમ થાય છે. પૃથ્વી પરના પિતાઓ પોતાનાં સંતાનોની વિનંતીઓ સાંભળે છે, પણ સંતાનોની બધી જ માગણીઓ પ્રમાણે તેઓ આપતા નથી. એમ જ ઈશ્વરપિતા પણ દરેકની બધી જ પ્રાર્થનાઓ સાંભળે છે, પણ બધાંને બધાંની માગણીઓ પ્રમાણે નથી આપતા. ઈશ્વર આપણી પ્રાર્થનાઓના પ્રત્યુત્તર ત્રણ રીતે આપે છે:

(૧) જ્યારે આપણી પ્રાર્થનાઓ પ્રભુની ઇચ્છા પ્રમાણેની હોય છે, એટલે કે આપણા ઉચ્ચતમ હિત માટે હોય છે, ત્યારે તે 'હા' કહે છે, અને આપણી માગણી પ્રમાણે આપે છે. (૨) કોઈ વખતે પ્રભુ આપણને 'ના' પણ કહે છે. જેમ કે પાઉલે "દેહમાંથી કાંટો દૂર કરવા" માગ્યું, ત્યારે પ્રભુએ ના પાડી. (૨ કોરીંથી ૧૨:૭–૯). એવે વખતે ઈશ્વર આપણું અધિકતર સારું આપવા માગતા હોય છે. (૩) કોઈ વખતે વળી પ્રભુ એમ કહેવા માગે છે : "હમણાં થોભો." "પછીથી આપીશ, હમણાં નહિ", અને પાછળથી આપણી વિનંતી પ્રમાણે આપે છે. આપવાનો યોગ્ય સમય પ્રભુ જાણે છે. દાખલા તરીકે, મૂસાની વિનંતી છતાં પ્રભુએ તેને કનાનમાં પ્રવેશ ના આપ્યો.

પણ પાછળથી ઈસુ ખ્રિસ્તના જમાનામાં કનાનમાં આવેલા રૂપાંતરના પહાડ પર મૂસા અને એલિયા આવ્યા.

આપણે રાજીખુશીથી પ્રભુની ઇચ્છાને આધીન થવું, અને પ્રભુ ઈસુએ કહ્યું તેમ કહેવું કે "મારી ઇચ્છા નહિ, પણ તમારી ઇચ્છા પ્રમાણે થાઓ." એમાં જ આપણું પરમસુખ છે. કદાચ આપણા અતિ આગ્રહને કારણે, પોતાની ઇચ્છા ન હોય તોયે, પ્રભુ આપણને આપે, તો તે આપણે માટે નુકસાનકારક બને છે. ગણના ૧૧મા અધ્યાયમાં આપ્યું છે તેમ લોકોની માગણી પ્રમાણે ઈશ્વરે તેમને માંસ ખાવા આપ્યું, અને એ દ્વારા ઈશ્વરનો કોપ તેમના પર આવ્યો (ગણના ૧૧:૪, ૧૩, ૧૮, ૨૦, ૩૩, ૩૪). વળી ગીતશાસ્ત્ર ૧૦૬:૧૫ માં પણ એ વિષે આ પ્રમાણે લખ્યું છે : "તેણે તેઓની માગણી પ્રમાણે તેમને આપ્યું, પણ તેઓને આધ્યાત્મિક નુકસાન થયું." લાંબા સમય સુધી જો આપણે પ્રભુને એમ નથી કહેતા કે "પ્રભુ, તમારી ઇચ્છા પ્રમાણે થાઓ," ત્યારે પ્રભુ આપણને જાણે કહે છે કે, "વારુ, ત્યારે, તારી ઇચ્છા પૂરી થાઓ." અને એ આપણે માટે ખતરનાક બની જાય છે.

## ૩૪ સર્વ ઈસુને નામે ક્યારે ઘૂંટણે પડશે, અને દરેક જીભ ક્યારે કબૂલ કરશે કે 'ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે'?

**પ્રશ્ન :** ફિલિપીઓના પત્રમાં ૨:૧૦,૧૧માં લખ્યું છે કે "આકાશમાંનાં, ભૂમિ પરનાં તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે; અને ઈશ્વરબાપના મહિમાને અર્થે દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે." આ વાત ક્યારે, ક્યા સંજોગોમાં, અને ક્યા સ્થળે પરિપૂર્ણ થશે?

**જવાબ :** પત્રમાં પ્રશ્ન પૂછ્યા પછી તમે પોતે જે ખુલાસો એ પ્રશ્નના અનુસંધાનમાં કર્યો છે, તે ખુલાસો બરાબર છે.

"રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ." પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ્યારે પૃથ્વી પર પાછા આવશે ત્યારે ઉપરોક્ત કલમમાં લખ્યા પ્રમાણે બનશે; મંડળીને લેવા પ્રભુ ઈસુ ગગનમાં ઊતરશે ત્યારે નહિ, કારણ કે "મંડળી" એટલે ખ્રિસ્તના લોકો તો પ્રભુ ઈસુને અર્પાયેલા અને ચરણે નમેલા જ છે, અને તેમની જીભોએ તો પ્રભુ ઈસુને કબૂલ કર્યા છે કે 'તે ખ્રિસ્ત પ્રભુ છે.' એટલું જ નહિ, પણ એ રીતે તેઓએ પ્રભુ ઈસુને સુવાર્તાપ્રચારમાં સાક્ષી દ્વારા પ્રગટ કર્યું છે.

પણ પૃથ્વી પરના પુનરાગમન વખતે એ વખતે એ વાત પૂરી થશે: પ્રભુ ઈસુ પૃથ્વી પર, યરુશાલેમમાંથી, સર્વ ઉપર રાજ્ય કરશે ત્યારે, એ પૂર્ણ થશે. અને એ પછી "બાકી રહેલાં મૂએલાં" એક હજાર વર્ષના રાજ્ય પછી જીવતાં થશે, અને તેઓનો ન્યાય કરવામાં આવશે, ત્યારે સૌ કોઈ પ્રભુ ઈસુને નમશે અને કબૂલ કરશે, પણ એથી તેઓ મુક્તિ પામશે નહિ, કેમ કે એ તક તેમને માટે રહી નથી; તેઓને શિક્ષા જ થનાર છે.

વળી ૧ કોરીંથી ૧૫:૨૫, ૨૬ માં આપ્યું છે તેમ "તે પોતાના સર્વ શત્રુઓને પગ તળે નહિ દાબે,..." "કેમ કે ઈશ્વરે સઘળાંને તેના પગ તળે આધીન કર્યાં." એટલે આકાશ તથા પૃથ્વીનાં તથા ભૂમિ તળેનાં, એટલે કે દૂતો, ખ્રિસ્તના લોકો, નર્કમાં નંખાયેલા લોકો, તેમ જ શેતાન અને તેના સર્વ અપદૂતો બધા જ ઈસુને કબૂલ કરશે.

## ૩૫. જો ઈશ્વર દુષ્ટતા જોઈ શકતા નથી, તો શેતાન કેવી રીતે તેમની હજૂરમાં જાય ?

**પ્રશ્ન :** હબાકકુક ૧:૧૩ માં ઈશ્વર માટે લખ્યું છે કે "તારી આંખો એવી પવિત્ર છે કે તું દુષ્ટતાને જોઈ શકતો નથી." વળી એઝરા ૯:૧૫ માં લોકોની વતી એઝરા કબૂલ કરે છે કે, "અમે

અપરાધી છીએ, તેથી અમારામાંનો કોઈ તારી (ઈશ્વરની) સન્મુખ ઊભો રહી શકતો નથી." આ બંને અને બીજાં કેટલાંક વચનો પરથી જણાય છે કે જે દુષ્ટ છે તે ઈશ્વરની સમક્ષ ઊભો રહી શકે જ નહિ. તો પછી શેતાન ઈશ્વરના દરબારમાં (એમની સમક્ષ) કેમ કરીને પ્રવેશી શકે? પણ અયૂબ ૧:૬ માં તો લખ્યું છે કે "દેવદૂતો પ્રભુની સમક્ષ હાજર થયા, અને તેમની સાથે શેતાન પણ આવ્યો." એ કેવી રીતે બને?

**જવાબ :** પ્રશ્નનો જવાબ હું ચાર ભાગમાં આપીશ :

(૧) પ્રશ્નમાં રજૂ કરેલી પહેલી બે કલમોમાં એવી રજૂઆત જોકે છે કે પવિત્ર ઈશ્વર દુષ્ટને જોઈ શકતા નથી, પણ એ બધી જ કલમોના પાછળના ભાગોમાં તો આપ્યું છે કે ઈશ્વર એવાઓને જુએ છે, જેમ કે હબાકકુક ૧:૧૩માં જ પાછલા ભાગમાં આપ્યું છે : "તું એવો છતાં કપટીઓને કેમ દેખી ખમે છે, જ્યારે દુષ્ટ માણસો પોતાના કરતાં વધારે નેક પુરુષોને ગળી જાય છે, ત્યારે તું કેમ છાનો રહે છે?" વળી એઝરા ૯:૧૫ માં જોકે લખ્યું છે કે "અમે અપરાધી છીએ, તેથી અમારામાંનો કોઈ તારી સન્મુખ ઊભો રહી શકતો નથી." છતાં એ જ કલમની શરૂઆતનો ભાગ બતાવે છે કે એઝરા પવિત્ર ઈશ્વરની સન્મુખ ઊભો રહીને (અથવા બેસીને કે નમીને) આ આખી પ્રાર્થના રજૂ કરે છે, એમ તે ઈશ્વરની સન્મુખમાં છે. અને અયૂબ ૧:૬ તો જણાવે જ છે કે દેવદૂતોની સાથે શેતાન પણ ઈશ્વરની સમક્ષ આવી ઊભો એટલે પ્રશ્નમાં વાપરેલી ત્રણેય કલમ બતાવે છે કે પાપી જન કે શેતાન ઈશ્વરની હજૂરમાં ઊભો રહી શકે છે. હા, ઈશ્વર તેમની પાપી કે દુષ્ટ હાલતનો સ્વીકાર કરતા નથી.

(૨) ઈશ્વર કાંઈ સ્વર્ગના કોઈ એક દૂર દૂરના ખૂણામાંના દરબારમાં એકલા બેસી રહ્યા હોય એવા ચિત્રનો ખ્યાલ બાંધવાની જરૂર નથી,

અને એ ખૂણામાં પાપી કે દુષ્ટ જઈ શકે જ નહિ, એવો પણ ખ્યાલ બાંધવાની જરૂર નથી. ઈશ્વરના ગુણોમાં આ પણ આવે છે કે ઈશ્વર **સર્વત્ર** છે (કોઈ સ્થળ એવું નથી જ્યાં ઈશ્વરની હાજરી ન હોય); અને ઈશ્વર સર્વજ્ઞ છે (એટલે કે તેમની આંખ આગળ જ બધું બની રહ્યું હોય, એમ તે બધું જાણી શકે છે, અને જોઈ શકે છે). ભવિષ્યકાળને પણ તે વર્તમાનકાળની જેમ અત્યારે જ જોઈ શકે છે. દાઉદ ભક્ત કહે છે: "અંધકાર પણ મને તારાથી સંતાડતો નથી" (ગી. શા. ૧૩૯ : ૧૧). જો ઈશ્વરની હાજરી બધે જ છે, તો પાપી જન કે દુષ્ટ શક્તિ ઈશ્વરની આગળ જ ઊભેલી છે, અને સર્વજ્ઞ ઈશ્વર તેની હાલત અંદરથી તથા બહારથી જાણે છે.

(૩) આ ત્રીજો મુદ્દો સમજવો જરા અઘરો છે, પણ એ નમ્ર સત્ય છે. ઈશ્વરના ત્રિએકપણામાંની પહેલી વ્યક્તિ (ઈશ્વરપિતા) સૃષ્ટિ કે માનવી સાથે સીધેસીધો વ્યવહાર કરી શકે જ નહિ. એમનો સૃષ્ટિ કે માનવી સાથેનો બધો વ્યવહાર ત્રિએકપણાની બીજી વ્યક્તિ (એટલે કે પુત્ર) દ્વારા જ થાય છે. જૂના કરારમાં માણસની સાથે થતો બધો વ્યવહાર તે 'પુત્ર' દ્વારા જ થયો હતો, જેમ કે "આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં" (ઉત્પ. ૧:૧). પણ એનું સ્પષ્ટીકરણ યોહાન ૧:૩ માં છે કે "**તેનાથી** ('શબ્દ'થી અથવા 'પુત્રથી') ઉત્પન્ન થયું, એટલે જે કંઈ થયું છે તે તેના (શબ્દ કે પુત્ર) વિના ઉત્પન્ન થયું નહિ." 'યહોવા' શબ્દ જ પ્રભુપુત્ર માટે વપરાયો છે (ઝખાર્યા ૧૪:૫, ૯). "સૃષ્ટિના મંડાણથી મારી નંખાયેલા હલવાનના (પ્રકટી. ૧૩:૮) રક્ત દ્વારા જ એ બધો વ્યવહાર ચાલે છે.

(૪) શેતાન ઈશ્વરની હજૂરમાં અયૂબના વખતમાં જતો હતો, અને આજે પણ જાય છે, અને જેમ અયૂબ સામે તેમ આજે પણ પ્રભુના લોકોની સામે દોષારોપણ કરે છે. શેતાનની એ પ્રવૃત્તિ ચાલુ જ છે. પણ પ્રભુ ઈસુ ગગનમાં ઊતરીને પોતાની મંડળીને ઊંચકી લેશે,

એ પછીનાં સાત વર્ષની અધવચમાં (મંડળીના **ગગનગમન** પછી સાડાત્રણ વર્ષે) શેતાનનો એ હક્ક લઈ લેવામાં આવશે. એ પછી કદી તે સ્વર્ગમાં પ્રભુની હજૂરમાં જઈ શકશે જ નહિ. તેને પૃથ્વી પર નાખી દેવામાં આવશે. (જુઓ, પ્રકટી. ૧૨:૭–૧૨માં કેટલું સ્પષ્ટ લખેલું છે!)

ઈશ્વરની અકળ યોજના અને વ્યવસ્થામાં શેતાન વપરાય છે. શેતાન તરફથી લાવવામાં આવતાં કસોટી, પ્રલોભનો અને પરીક્ષણો દ્વારા માણસ ઈશ્વરનો "નીવડેલો" અથવા પરખાઈ ચૂકેલો માણસ બને છે, એટલે અંશે ઈશ્વરી યોજનામાં શેતાન વપરાય છે. ખુદ ઈશ્વરપુત્ર પ્રભુ ઈસુનું શેતાનથી પરીક્ષણ થાય એ જરૂરી હતું. એટલે જ લખેલું છે કે ત્યાર પછી ઈસુનું પરીક્ષણ શેતાનથી થાય એ માટે આત્મા (પ્રભુનો આત્મા) તેને (ઈસુને) રાનમાં લઈ ગયો" (માથ્થી ૪:૧). "લઈ ગયો" માટે અસલ ભાષા ગ્રીકમાં વાપરેલો શબ્દ એવું દર્શાવે છે કે જાણે 'આત્મા તેને **ધકેલીને** રાનમાં લઈ ગયો.'

પણ, ઉપર જણાવ્યું તેમ, પ્રભુના પુનરાગમન પછી શેતાનને અને સર્વ પાપીઓને અગ્નિની ખાઈમાં નાખી દીધા પછી, આકાશ અને પૃથ્વી નવાં થશે, અને સર્વ પ્રકારનું પાપ અને એનો શાપ દૂર કરી દેવાશે. એ પછી "જે કંઈ અશુદ્ધ છે, અને જે કોઈ ધિક્કારપાત્ર કૃત્યો કરે છે તથા અસત્ય આચરે છે, તે તેમાં (પ્રભુના ધામમાં–નવા યરુશાલેમમાં) –કદી પ્રવેશ કરશે જ નહિ..." (પ્રકટી. ૨૧:૨૭ તેમ જ જુઓ ૨૨:૧૫).

## ૩૬ ઈશ્વરની પ્રતિમામાં સંતોષ!

**પ્રશ્ન :** ગીતશાસ્ત્ર ૧૭ : ૧૫ ના છેલ્લા વાક્યનો અર્થ શો થાય છે? "હું જાગીશ ત્યારે તારી પ્રતિમાથી સંતોષ પામીશ." —એટલે ભક્ત દાઉદ શું કહેવા માગે છે?

**જવાબ :** (આ કોઈનો પૂછેલો પ્રશ્ન નથી. હું જાતે જ ખુલાસા માટે રજૂ કરું છું.) **"હું જાગીશ,"** એટલે રાતની ઊંઘમાંથી જાગીશ, એમ નહિ, પણ પુનરુત્થાનની પ્રભાતે મરણની ઊંઘમાંથી હું જાગીશ,—અથવા પુનરુત્થાનમાં ઊઠીશ, ત્યારે તારી પ્રતિમાથી સંતોષ પામીશ. "પ્રતિમા"=ઈશ્વરના જેવા. પ્રભુએ જ્યારે માણસને (આદમને) બનાવ્યો, ત્યારે પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે ઈશ્વરે તેને બનાવ્યો (ઉત્પ. ૧ : ૨૬). પાપ-પ્રવેશને લીધે માણસમાંની ઈશ્વરની પ્રતિમા નષ્ટ થઈ. પણ ઈશ્વરને સોંપાયેલા માણસમાં ઈશ્વરની પ્રતિમા ઊઠે છે, અને પુનરુત્થાન વખતે એ પ્રતિમા ફરીથી પૂર્ણપણે ખીલી ઊઠે છે. ફિલિપી ૩ : ૨૦-૨૧ "આપણી નાગરિકતા આકાશમાં છે; ત્યાંથી પણ આપણે તારનારની, એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તની, રાહ જોઈએ છીએ. તે, જે સામર્થ્યથી સર્વને પોતાને આધીન કરી શકે છે, તે પ્રમાણે આપણી અધમાવસ્થામાંના શરીરનું એવું રૂપાંતર કરશે કે તે તેના મહિમાવાન શરીરના જેવું થાય." વળી ૧ યોહાન ૩ : ૨ "આપણે એટલું તો જાણીએ છીએ કે જ્યારે તે પ્રગટ થશે, ત્યારે **તે(ખ્રિસ્ત)ના જેવા આપણે થઈશું."** એટલે આ કલમને વધારે સ્પષ્ટ ગુજરાતીમાં આ પ્રમાણે મૂકી શકાય : "હું તારી પ્રતિમામાં જાગીશ, ત્યારે હું સંતોષ પામીશ." અત્યારના ગુજરાતીમાં એ જ અર્થ છે, પણ સ્પષ્ટ નથી,—બીજો અર્થ થવા સંભવ છે.

ભક્ત દાઉદ આગલી ચૌદમી કલમનાં બીજાં જગિક માણસો સાથે પોતાની સરખામણી કરે છે. "આ જગતનાં (જગતી માણસો) માણસોથી મારા જીવને છોડાવ, કે જેઓનો ભાગ આ જિંદગીમાં છે (જેઓ માત્ર આ જિંદગીનાં વાનાંમાં જ આનંદ માને છે), જેઓનું પેટ તું તારા દ્રવ્યથી ભરે છે ("ઉદર તેઓનો દેવ" ફિલિ. ૩ : ૧૯), અને તેઓ છોકરાં વડે સંતુષ્ટ થાય છે (સંતાનોથી ભર્યુંભાદર્યું ઘર—એમાં જ તેઓને સંતોષ છે), અને પોતાની બાકી

રહેલી મિલકતનો વારસો પોતાનાં બાળકોને માટે મૂકી પણ જાય છે. (સંતાનોને માટે મોટો વારસો મૂકતાં જવું)." આ બાબતોમાં જ જગિક માણસોનો આનંદ છે. ભરપૂર રોટલો અને દ્રવ્ય એકઠું કરવું; સંતાનોથી ભર્યું ભાદર્યું કુટુંબ હોવું, અને પોતાની પાછળ સંતાનો માટે મોટો વારસો મૂકી જવો.

પણ ભક્ત દાઉદ કહે છે કે "મારો આનંદ તો આમાં છે કે દરરોજ હું પ્રભુની ઇચ્છામાં રહીને ચાલ્યા કરું, આકાશમાંના પિતાના જેવો બનવા દરરોજ કોશિશ કરું, જેથી પુનરુત્થાન સમયે (પેલી પારના જીવનમાં), જેવા પ્રભુ પોતે છે તેવો હું બનું."

## ૩૭ મૃત્યુ પછી સુવાર્તા સાંભળવાની તક મળે ખરી?

**પ્રશ્ન :** ૧ પીતર ૩ : ૧૯ તથા ૧ પીતર ૪ : ૬ ઉપરથી શું એમ સમજવું કે મર્યા પછી સુવાર્તા સાંભળવાની તથા સ્વીકારવાની તક છે? શું રોમન કૅથોલિક મંડળીનો સિદ્ધાંત આ કલમોને આધારે જ સ્થાપિત થયો હશે?

**જવાબ :** પ્રથમ તો ઉપર જણાવેલી બંને કલમો ટાંકું છું : ૧ પીતર ૩ : ૧૯—"તે [આત્મા]માં પણ તેણે (મૃત્યુ પામેલા ખ્રિસ્તના આત્માએ) જઈને બંદીખાનામાં (શેઓલમાં અથવા હાડેસમાં) પડેલા આત્માઓને ઉપદેશ કર્યો." એ જ પ્રમાણે ૧ પીતર ૪ : ૬ જોઈએ: "કેમ કે મૂએલાંને પણ સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી કે જેથી દેહમાં રહેનાર માણસોના જેવો ન્યાય થયા પછી તેઓ દેવના જેવા આત્મામાં જીવે."

હવે, ૧ પીતર ૩ : ૧૯ વિષે બાઇબલ-અભ્યાસ ભાગ ૧ લો, પ્રશ્ન ૩૦, પૃ. ૬૩–૬૪ માં સમજાવવામાં આવ્યું છે. એ વિષે ફરી અહીં વિસ્તારથી નથી લખતો. 'શેઓલ' (હિબ્રૂ શબ્દ) અથવા 'હાડેસ' (ગ્રીક શબ્દ) એ સ્થળ છે જ્યાં મરેલાંના આત્મા જાય છે. એ સ્થળના બે ભાગ છે, અને વચ્ચે મોટી ખાઈ છે. અબ્રાહમ, યૂસફ, મૂસા, અને પ્રભુના એવા ખ્રિસ્તીઓના આત્મા "અબ્રાહમ પિતાની ગોદમાં, અથવા પારાદૈસમાં જાય છે, અને બાકીના ભૂંડા લોકોના આત્માઓ બીજા ભાગમાં પીડા ભોગવતા રહે છે. શેઓલ (હાડેસ) પુનરુત્થાન સુધીની હંગામી (ટેમ્પરરી, કામચલાઉ) વ્યવસ્થા છે. પ્રભુ ઈસુના આત્માએ ત્યાં જઈને તેઓને "ઉપદેશ" (સુવાર્તા) કર્યો નહોતો. ગુજરાતી તરજુમો બરાબર નથી. પ્રભુ ઈસુના આત્માએ તો શેઓલના "અબ્રાહમ પિતાની ગોદમાં" કે "પારાદૈસ" માં જઈને તેમને જાહેરાત કરી, એ વિભાગમાં વિશ્વાસ કરનાર લોકોના આત્માઓ રાખવામાં આવ્યા. તેઓના આત્માઓ માટે ઈશ્વરના ખરા હલવાનનું રક્ત મુક્તિ-મૂલ્ય તરીકે આપવામાં આવે એટલે મુક્ત થાય, એની તેઓ રાહ જોતા હતા. પ્રભુ ઈસુનો આત્મા ત્યાં જઈને તેઓને જાહેરાત કરે છે : "મેં તમારા મુક્તિમૂલ્ય તરીકે ક્રૂસ પર મારું રક્ત વહેવડાવ્યું છે, અને મારું શરીર ભાંગ્યું છે." એ પછી પોતાના પુનરુત્થાન પછી પ્રભુ ઈસુ આ વિભાગના સર્વ સંતોના પારાદૈસને ઉપર સ્વર્ગધામે લઈ ગયા. એફેસી ૪ : ૮–૯ : ના, પ્રભુ ઈસુએ શેઓલમાં 'ઉપદેશ' નથી કર્યો, સુવાર્તા નથી સંભળાવી.

હવે બીજી કલમ જોઈએ : ૧ પીતર ૪ : ૬—"કેમ કે મૂએલાંને પણ સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી" એનો અર્થ એમ નથી થતો કે આ અમુક લોકો મરી ગયા એ પછી એમને સુવાર્તા સંભળાવવામાં આવી. એ કલમનો અર્થ માત્ર એટલો જ થાય છે કે આ અમુક લોકો જે હાલ મરી ગયેલા છે તેમને, **તેઓ જ્યારે જીવતા**

હતા ત્યારે તેમને સુવાર્તા સંભળાવવામાં આવી હતી. કલમનો બીજો ભાગ ઉપલા ભાગને જરા વધુ સ્પષ્ટ કરે છે. 'ન્યૂ ઇન્ટરનૅશનલ આવૃત્તિ' આ કલમને વધારે સ્પષ્ટ કરે છે: **"For this is the reason the gospel was preached even to those who are now dead."**—"ત્યારે તેઓને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી, જેઓ હાલમાં મૃત્યુ પામ્યા છે."

સિદ્ધાંત નક્કી કરવા માટે એકલદોકલ કલમનો આશરો ન લેવો, પણ બાઇબલનો મોટો ભાગ, અથવા અન્ય કલમો શું શીખવે છે, તે જોઈ-તારવીને પછી પેલી શંકાસ્પદ લાગતી કલમનો સાચો અર્થ શોધવો.

## ૩૮ અબ્રાહમનાં સંતાન આકાશના તારાઓ અને રેતીના કણ જેટલાં હતાં ખરાં?

**પ્રશ્ન:** "યરુશાલેમનું મંદિર બંધાશે? ક્યાં? ક્યારે? કેમ?" તેમાં આપે જણાવેલ છે કે "જૂના કરારનાં ભવિષ્યવચનોનો શાબ્દિક અર્થ જ લેવાનો છે." ઉત્પત્તિ ૨૨:૧૭માં યહોવા અબ્રાહમને આપેલા આશીર્વાદમાં તે કહે છે કે 'તારાં સંતાન આકાશના તારા અને સમુદ્રની રેતી જેટલાં કરીશ'; એટલે કે તેની ગણતરી થઈ શકે નહિ. પણ આજે તો આપણી પાસે યહૂદી પ્રજાની વસતીના ચોક્કસ આંકડા છે; તેઓ અગણ્ય નથી. તો આ બાબતમાં ભવિષ્યવચન શાબ્દિક રીતે કેવી રીતે પૂરું થયું તે જણાવશો.

**જવાબ:** (આ પ્રશ્ન ૧૯૮૧નો છે. શરતચૂકથી રહી ગયો હતો; ક્ષમા.) મારા ઉપરોક્ત પુસ્તકમાં ૮૫મા પૃષ્ઠ ઉપર એક મથાળા તરીકે મેં આમ લખ્યું છે: **"ખ. જૂના કરારનાં ભવિષ્યકથનો શાબ્દિક અર્થમાં જ લેવાયાં છે."** (નહિ કે "શાબ્દિક અર્થમાં લેવાનાં છે." જોકે એ પણ સાચું છે.) એ બંને પૃષ્ઠ (૮૪–૮૫)

ઉપર મેં એ બતાવ્યું છે કે આ ભવિષ્યકથનોમાં જે "ઇઝરાયલીઓ" વિષે લખ્યું છે તે ખરેખર યહૂદીઓ માટે જ લખેલું છે. કારણ, કેટલાયે ખ્રિસ્તીઓ એમ કહે છે કે "મંદિરની જરૂર નથી; મંડળી એ જ આત્મિક યહૂદીઓ છે." તેઓ એમ પણ કહે છે કે અબ્રાહમનાં સંતાનો તે યહૂદીઓ નહિ, પણ આત્મિક અર્થમાં ખ્રિસ્તીઓ—આ મંડળી છે. એટલે મેં ત્યાં લખ્યું છે કે "જૂના કરારનાં ભવિષ્યકથનો શાબ્દિક અર્થમાં લેવાયાં છે." અને એ સાચી વાત છે, કેમ કે ઘણાં બધાં ભવિષ્યકથનોનો આત્મિક અર્થ નહિ, પણ શાબ્દિક અર્થ લેવાનો છે.

જેમ કે 'પ્રભુના પુનરાગમન' સંબંધી પણ કેટલાક ખ્રિસ્તીઓ કહે છે કે પ્રભુ ઈસુનું શારીરિક પુનરાગમન થવાનું જ નથી. એ તો આત્મિક અર્થમાં લેવાનું છે. એમ જ ૧૦૦૦ વર્ષનું ખ્રિસ્તનું રાજ્ય પણ આત્મિક અર્થમાં લેવાનું છે. આવું અનેક ભવિષ્યકથનો વિષે કેટલાક ખ્રિસ્તીઓ કહે છે. એટલે જ સાચા સુવાર્તિક બાઇબલ-અભ્યાસીઓ કહે છે કે બધાં ભવિષ્યકથનો શાબ્દિક અર્થમાં લેવાનાં છે.

જ્યારે "આકાશના તારાઓ અને રેતીના કણ જેટલાં તારાં સંતાન વધારીશ" એવું અબ્રાહમને પ્રભુ તરફથી કહેવામાં આવ્યું, એમાં આત્મિક અર્થ કે શાબ્દિક અર્થની વાત જ નથી. એ તો ભાષાનો એક અલંકાર છે. ગુજરાતી ભાષામાં "અતિશયોક્તિ" અથવા અલંકાર છે. "ઉત્પ્રેક્ષા", "અતિશયોક્તિ" અલંકારના અનેક પ્રકારો છે. અંગ્રેજીમાં પણ "અતિશયોક્તિ" (હાઇપરબોલે–**hyperbole**) અલંકાર છે. દુનિયાની મોટાભાગની ભાષાઓમાં આ "અતિશયોક્તિ" અલંકાર છે. આ અલંકાર બાઇબલમાં અનેક સ્થળે વપરાયો છે: દાખલા તરીકે, માર્ક ૧ : ૩૩ "અને બારણા આગળ આખું શહેર એકઠું થયું." માથ્થી ૨૩ : ૨૪ "ઓ આંધળા દોરનારાઓ, તમે મચ્છરને ગાળી કાઢો છો, પણ ઊંટને ગળી જાઓ છો." યોહાન ૧૨ : ૧૯ "જુઓ, આખું જગત તેની પાછળ ગયું

છે." વગેરે. (વળી જુઓ ઉત્પ. ૧૫:૫. ૨૨:૧૭. ૨૬:૪. ૩૨:૧૨. ૪૧:૪૯. નિર્ગ. ૩૨:૧૩. પુન. ૬:૧૦. ૧૦:૨૨. ૨૮:૬૨. ૧ કાળવૃ. ૨૭:૨૩. નહે. ૯:૨૩. નાહૂમ ૩:૧૬. યહોશુ. ૧૧:૪. ન્યાયા. ૭:૧૨. ૧ શમુ. ૧૩:૫. ૨ શમુ. ૧૭:૧૧. ૧ રાજા ૪:૨૦, ૨૯. અયૂબ ૨૯:૧૮. ગી.શા. ૧૩૯:૧૮. યશા. ૧૦:૨૨. ૪૮:૧૯. હોશિ. ૧:૧૦. હબા. ૧:૯. પ્રે.કૃ. ૨૦:૮. રોમન ૯:૨૭.

અબ્રાહમને આપેલું એ વચન પણ પૂરું થયું એ વિષે હિબ્રૂ ૧૧ : ૧૨ માં એવા જ શબ્દોમાં લખવામાં આવ્યું છે : "એ માટે એકથી, અને તે પણ વળી મૂએલા જેવો તેનાથી, આકાશમાંના તારા જેટલા અસંખ્ય તથા સમુદ્રના કાંઠા પરની રેતી જેટલા અગણિત લોક ઉત્પન્ન થયા." અને આજે તો એ સંખ્યા એથીયે વધુ મોટી થઈ છે.

## ૩૯ "ઈશ્વરનું રાજ્ય" અને "આકાશનું રાજ્ય" એ બે એક જ કે અલગ અલગ ?

**પ્રશ્ન :** નવા કરારમાં ઉપરનાં બંને શીર્ષક વપરાયાં છે. કેટલીક વખતે તદ્દન સરખી બાબતો માટે અરસપરસ વપરાયાં છે. તો એ બે એક જ છે કે અલગ અલગ ?

**જવાબ :** (પ્રશ્ન પૂછનારે "દેવનું રાજ્ય" એવો શબ્દ વાપર્યો છે. અને નવા કરારમાં પણ "દેવનું રાજ્ય" એવો શબ્દ વાપર્યો છે. પણ નવા તરજુમાઓમાં "દેવ" શબ્દને બદલે "ઈશ્વર" શબ્દ વપરાયો હશે. એટલે અહીં "ઈશ્વરનું રાજ્ય" શબ્દ વાપર્યો છે.)

'ઈશ્વરનું રાજ્ય' અને 'આકાશનું રાજ્ય' એ બંને એક જ નથી. અલગ અલગ છે. 'આકાશનું રાજ્ય' એ મર્યાદિત છે, અને 'ઈશ્વરના રાજ્ય' માં એનો સમાવેશ થઈ શકે ખરો. પણ એ બંને એક નથી. એને લીધે જ માથ્થીની સુવાર્તામાં અને ખાસકરીને એના ૧૩ મા અધ્યાયમાં,

આકાશનું રાજ્ય મર્મોમાં આપવામાં આવ્યું છે, એ જ વાતોમાંની કેટલીક લઈ ને માર્ક અને લૂક એને માટે 'ઈશ્વરનું રાજ્ય' શબ્દ વાપરે છે.

'ઈશ્વરનું રાજ્ય' એ સંજ્ઞા વધુ વિશાળ છે, અને એમાં ઘણું બધું સમાઈ શકે છે. આકાશમાં અને પૃથ્વી પર ઉત્પન્ન કરાયેલા સર્વ બુદ્ધિજીવીઓ જે બધા રાજીખુશીથી અથવા સ્વેચ્છાપૂર્વક ઈશ્વરને આધીનવશ રહે છે, અને ઈશ્વરની સાથે સુસંગતિમાં છે તે બધા ઈશ્વરના રાજ્યના નાગરિકો છે, અને ઈશ્વરનું રાજ્ય તેઓનું બનેલું છે. ઈશ્વરની ઇચ્છા તેઓ મધ્યે પૂરી થાય છે.

પણ 'આકાશનું રાજ્ય' એ મર્યાદિત સંજ્ઞા છે. લડાઈ દ્વારા જીતેલાં કે વારસામાં મેળવેલાં માનવી રાજાઓ કે અધિકારીઓનાં રાજ્યોથી 'આકાશનું રાજ્ય' ઊલટું છે. ઇતિહાસના કોઈ તબક્કામાં ઈશ્વર પોતે પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે માનવીઓ મધ્યે પૃથ્વી પર (આખી પૃથ્વી પર કે એના અમુક ભાગ કે લોકોમાં રીતસરનું રાજ્ય કરે કે હકૂમત ચલાવે તેને બાઇબલમાં 'આકાશના રાજ્ય' તરીકે ઓળખવામાં આવે છે. બાઇબલમાં આપ્યું છે તેમ ઈશ્વર પોતે "ન્યાયાધીશો" ની મારફતે ઇઝરાયલ લોકો પર રાજ્ય કરતા હતા. પણ શમુએલના પાછલા સમયમાં તેમણે રાજા માગ્યો. "બીજી સર્વ પ્રજાઓની જેમ અમારો ન્યાય કરવા માટે અમને રાજા ઠરાવી આપ" (૧ શમુ. ૮:૫,૬). એ વાતથી શમુએલને માઠું લાગ્યું. ત્યારે ઈશ્વરે તેને કહ્યું, "તને જે કહે છે તે સર્વમાં તું તેમનું કહેવું સાંભળ; કેમ કે તેઓએ તને નકાર્યો નથી, પણ હું તેઓ પર રાજ ન કરું માટે મને નકાર્યો છે" (૧ શમુ. ૮:૭). અત્યાર સુધી યહૂદીઓ પર ઈશ્વર પરોક્ષ રીતે ન્યાયાધીશોની મારફતે રાજ્ય કરતા હતા. એ પછી શાઉલ પહેલો રાજા નિમાયો, અને માનવી હકૂમત કે રાજ્ય શરૂ થયું.

બાઇબલનાં ભવિષ્યકથનો પ્રમાણે "આકાશનું રાજ્ય" એક વિશિષ્ટ સ્વરૂપ પકડે છે. ઈશ્વરપુત્ર અને દાઉદપુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્ત

પોતે પૃથ્વી પર આવીને "દાઉદની ગાદી" ફરી સ્થાપશે, અને યરુશાલેમમાંથી આખી દુનિયા પર રાજ્ય કરશે. જૂના કરારમાં એ વિષે અનેક ભવિષ્યવચનો છે (ઝખાર્યા ૯:૯,૧૦). યોહાન બાપ્તિસ્તે એનો છડીપોકાર કર્યો હતો: "પસ્તાવો કરો, કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે" (માથ્થી ૩:૨). પ્રભુ ઈસુએ પોતે પણ એ પ્રચારઘોષણા કરી હતી: "ત્યારથી ઈસુ પ્રગટ કરવા તથા કહેવા લાગ્યો, કે 'પસ્તાવો કરો; કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે'" (માથ્થી ૪:૧૭). વળી પ્રભુ ઈસુએ બાર શિષ્યોને "રાજ્યની સુવાર્તા" ફેલાવવા માટે મોકલ્યા ત્યારે તેમને કહ્યું, "અને તમે જતાં જતાં એમ પ્રસિદ્ધ કરો, કે "આકાશનું રાજ્ય પાસે આવ્યું છે" (માથ્થી ૧૦ : ૭).

અને એમ પ્રભુ ઈસુ 'રાજા' તરીકે આવ્યા (માથ્થી ૨૧:૧–૧૧), પણ યહૂદીઓએ રાજાનો નકાર કર્યો, રાજ્ય મોકૂફ રખાયું, અને ખ્રિસ્તે કહ્યું, 'જુઓ, તમારે સારુ તમારું ઘર ઉજ્જડ મુકાયું છે,' (માથ્થી ૨૩:૩૮). હવે તો પ્રભુ ઈસુનું પૃથ્વી પર પુનરાગમન થશે ત્યારે તે એક હજાર વર્ષ સુધી યરુશાલેમથી આખી પૃથ્વી પર રાજ્ય કરશે. એ વિષે જૂના કરારમાં ભરપૂર ભવિષ્યકથનો છે, અને નવો કરાર પણ એ વિષેનાં ભવિષ્યકથનો આપે છે (દા. ત. પ્રકટી. ૨૦:૪). નબૂખાદનેસ્સાર રાજાને જે ભવ્ય મૂર્તિનું દર્શન થયું, તેમાં દુનિયાનાં સામ્રાજ્યોના જમાનાઓ પછી: "આપ જોતા હતા, એટલામાં [કોઈ માણસના] હાથ અડક્યા વગર એક શિલા કાપી કાઢવામાં આવી, અને તેણે તે મૂર્તિના ભાંગીને ટુકડેટુકડા કર્યા,... અને શિલાનો મોટો પર્વત થઈ ગયો, ને તેથી આખી પૃથ્વી ભરાઈ ગઈ" (દાનિ. ૨ : ૩૪, ૩૫, ૪૪, ૪૫). માણસોના હાથો વગર એટલે માણસોથી જિતાયેલું કે સોંપાયેલું રાજ્ય નહિ, પણ આકાશનું રાજ્ય આખી પૃથ્વીને ભરી દેશે.

અત્યારે આકાશનું રાજ્ય મર્મોમાં છે, અને દશ્ય રીતે મોકૂફ રખાયું છે. એક વાત સ્પષ્ટ સમજી લેવાની કે 'મંડળી' એ આકાશનું

રાજ્ય નથી. આ વાત અગાઉ આપણે જોઈ ગયાં છીએ. માથ્થી ૧૩:૩૮ જણાવે છે કે "સારું બી રાજ્યનાં છૈયાં (છોકરાં) છે," અને તેમને "કડવા દાણા" એટલે કે "શેતાનનાં છૈયાં યા સંતાનથી જુદાં પાડવામાં આવશે, અને સારાં બી અથવા ઘઉં અથવા 'મંડળી' તેમને પ્રભુ ઈસુ ખ્રિસ્તની સમીપમાં વખારોમાં ભરવામાં આવશે." ઈશ્વરના રાજ્યોને એ વાત લાગુ પડતી નથી.

## ૪૦ સાત મંડળીઓનાં નામનો અર્થ શો ?

**પ્રશ્ન :** પ્રકટીકરણના ૨ જા અને ૩ જા અધ્યાયમાં જણાવેલી સાત મંડળીઓનાં નામનો અર્થ જણાવશો ?

**જવાબ :** તમારો પ્રશ્ન હું બરાબર સમજ્યો નથી. તમે જો માત્ર સાત મંડળીઓનાં નામોનો શબ્દાર્થ જાણવા માગતા હો, તો તે નીચે પ્રમાણે છે :

૧. એફેસસ—ઇચ્છિત
૨. સ્મર્ના—છુંદાયેલું અથવા સતાવણી પામેલું
૩. પેર્ગામમ—વિવાહિત
૪. થુઆતૈરા—સતત બલિદાનો
૫. સાર્દિસ—"જે શેષ રહે છે તે" અથવા "શેષ"
૬. ફિલાદેલ્ફીઆ—બંધુપ્રેમ
૭. લાઓદીકીયા—વમન કરાવે તેવું અથવા હૂંફાળું.

## ૪૧ બાઇબલમાં આપેલા ત્રણ પ્રકારના દિવસોનો શો અર્થ થાય છે ?

**પ્રશ્ન :** બાઇબલમાં ત્રણ પ્રકારના દિવસો આપ્યા છે, જેમ કે "પ્રભુનો દિવસ", "ખ્રિસ્તનો દિવસ" અને "યહોવા(ઈશ્વર)નો દિવસ". એ પ્રત્યેક શું સૂચવે છે ?

**જવાબ : "ખ્રિસ્તનો દિવસ"** ૧ કોરીંથી ૧:૮ "વળી તમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને દિવસે નિર્દોષ માલૂમ પડો, એ માટે તે તમને અંત સુધી દૃઢ રાખશે." પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમન સમયે તેમના લોકો એટલે મંડળી ખ્રિસ્તની સાથે થશે, અને ખ્રિસ્ત તેમને ઇનામો અને આશીર્વાદ આપશે, એ સમયને 'ખ્રિસ્તના દિવસ' તરીકે ઓળખવામાં આવે છે. નવા કરારમાં ૧ કોરીંથી ૧:૮. ૫:૫. ૨ કોરીંથી ૧:૧૪. ફિલિપી ૧:૬,૧૦. ૨:૧૬ માં એ નામ વપરાયું છે. મંડળીને માટે એ આશીર્વાદનો દિવસ હશે.

**"પ્રભુનો દિવસ"** યશાયા ૨:૧૨. યોએલ ૧:૧૫. સફાન્યા ૩:૮–૨૦. ૨ થેસ્સા ૨:૨. અને પ્રકટી. ૧૯:૧૧–૨૧. ઈશ્વર સીધી રીતે માણસોનાં જીવનોમાં સીધી દરમિયાનગીરી કરે છે. મહાવિપત્તિના એ દિવસો છે. ગુજરાતી જૂના કરારમાં એને "યહોવાનો દિવસ" કહ્યો છે, અને ગુજરાતી નવા કરારમાં "પ્રભુનો દિવસ" કહ્યો છે. એ બંને એક જ સંજ્ઞા છે.

## ૪૨ હિબ્રૂ ૬ : ૧–૨ નો શો અર્થ થાય ?

**પ્રશ્ન :** હિબ્રૂ ૬:૧–૨ નો અર્થ શો થાય છે ? ત્યાં લખેલું છે : "એ માટે, ખ્રિસ્ત વિષેનાં મૂળતત્ત્વોનો ઉપદેશ પડતો મૂકીને આપણે સંપૂર્ણતા સુધી આગળ વધીએ; અને નિર્જીવ કામો સંબંધીના પસ્તાવાનો તથા દેવ પરના વિશ્વાસનો, તથા બાપ્તિસ્માઓ સંબંધીના ઉપદેશનો તથા હાથ મૂકવાનો તથા મરી ગયેલાંઓના પુનરુત્થાનનો તથા અનંતકાળના ન્યાયકરણનો ફરીથી પાયો ન નાખીએ." શું પાઉલ આ બધી બાબતોને પડતી મૂકવાની કહે છે ?

**જવાબ :** સંત પાઉલ એ બધાંને પડતાં મૂકવાનું કે વિસારી દેવાનું નથી શીખવતો. પણ તેનું કહેવું છે કે માત્ર એટલી જ બાબતોમાં અટવાઈ જવા કરતાં આપણે ખ્રિસ્તી જીવનમાં આગેકૂચ કરીએ. ઉપર જણાવેલા બધા સિદ્ધાંતો કે માન્યતાઓ અગત્યનાં છે, પણ તેટલા સિદ્ધાંતોને માનીને બેસી રહેવા કરતાં, ખ્રિસ્તી જીવનમાં આગેકૂચ કરીએ. પાઉલ કહે છે, "આપણે સંપૂર્ણતા સુધી આગળ વધીએ" (હિબ્રૂ ૬:૧).

## ૪૩ ફિલિપી ૩ : ૧૭–૨૦માં જણાવેલા બધા ખ્રિસ્તીઓ તારણ પામશે ?

**પ્રશ્ન :** આપની **"પુનરાગમન ગ્રંથાવલી નં. ૨"** માં લખ્યું છે કે પાઉલ પ્રેરિતના પત્રો ખ્રિસ્તી મંડળીને લખાયેલા છે, નહિ કે દુનિયાના સર્વ લોકોને; તો ફિલિપી ૩ : ૧૭–૨૦ માં જેમના વિષે ઉલ્લેખ છે તે બધા ખ્રિસ્તીઓ જ છે ને ? અને ખ્રિસ્તીઓ તરીકે તેઓ 'ઉદ્ધાર' પામેલા જ છે, અને તેઓ અંદર કલમોમાં જણાવેલું વર્તન કરે તોયે તેઓ ઉદ્ધાર ખોવાના નથી ? ખુલાસો કરશો.

**જવાબ :** સંત પાઉલના બધા પત્રો ખ્રિસ્તની મંડળીને કે ખ્રિસ્તી વ્યક્તિ (તીમોથી, તીતસ, ફિલેમોન)ને સંબોધાયેલા છે એ ખરું, પણ એમાં જગિક, સાંસારિક અને અખ્રિસ્તીઓનો ઉલ્લેખ આપવામાં આવ્યો છે. ફિલિપી ૩ : ૧૭–૨૦ માં જેઓ વિષે ઉલ્લેખ છે, તેઓ ખ્રિસ્તીઓ નથી. તેઓ માત્ર "નામધારી ખ્રિસ્તીઓ" છે. તેઓ "વિશ્વાસી ખ્રિસ્તીઓ નહિ હોવાથી તેઓનો ઉદ્ધાર થયો જ નથી." છેલ્લે સમયે ખ્રિસ્ત તેઓને કહેશે, "હું તમને ઓળખતો નથી. તમે મારી આગળથી બહારના અંધકારમાં જાઓ."

એક વાત યાદ રાખવી રહી તે એ કે વિશ્વાસી ખ્રિસ્તીઓ જ ખરી મંડળી છે. બાકીના નામધારી ખ્રિસ્તીઓ તે **"ખ્રિસ્તી સમાજના"** સભ્યો છે, મંડળીના નહિ. "ખ્રિસ્તનું અનુકરણ કરનારાઓથી તેઓ ઊલટા જ છે."

## ૪૪ પીતરના પહેલા પત્રના ૧ : ૪માં આપેલા 'વતન'નો અર્થ શો ?

**પ્રશ્ન :** ૧ પીતર ૧ : ૪માં "કરમાઈ ન જનાર વતન" વિષે લખ્યું છે, તો તે કયું 'વતન'? વળી લખ્યું છે કે "વતન તમારે સારુ આકાશમાં રાખી મૂકેલું છે," તો આ વતન કયું ?

**જવાબ :** આ કલમમાં અને માથ્થી ૫ : ૫ માં "વતન" ("પૃથ્વીનું વતન પામશે") શબ્દ વાપર્યો છે. મૂળ ગ્રીક 'ક્રિયાપદ' (ક્લેરોનોમીઓ) અને ગ્રીક 'નામ' (ક્લેરોનોમિયા) નવા કરારમાં ઓછામાં ઓછી વીસ વખત વપરાયો છે, અને આ ઉપર જણાવી તે બે કલમો સિવાય બીજી બધી જગાએ એનો ગુજરાતી અર્થ **'વારસો'** (નામ) અથવા **'વારસો પામવો'** (ક્રિયાપદ) કરવામાં આવ્યો છે. અને તે બરાબર છે. ઉપર જણાવેલી બે કલમોમાં 'પૃથ્વીનું વતન પામશે' ને બદલે 'પૃથ્વીનો વારસો પામશે' (માથ્થી ૫ : ૫), એમ તરજુમો કર્યો હોત તો વધારે સારું થાત; કેમ કે ગુજરાતીમાં 'વતન' શબ્દનો અર્થ સહેજ જુદો થાય છે. અહીં "અવિનાશી, નિર્મળ તથા કરમાઈ ન જનારા **વતનને માટે** આપણને પુનર્જન્મ આપ્યો છે, **તે વતન** તમારે સારુ આકાશમાં રાખી મૂકેલું છે" (૧ પીતર ૧ : ૪). એને બદલે "વારસો" શબ્દ વાપર્યો હોત તો વધારે બંધબેસતો થાત. એનાં બે કારણો : (૧) વતન 'કરમાઈ જતું નથી' જ્યારે અમુક પ્રકારનો વારસો ચીમળાઈ, સડી જાય. (૨) આપણું આખરે વતન 'નવું'

યરુશાલેમ' આકાશમાં રાખી મૂકેલું નથી, પણ પ્રભુ ઈસુ 'તૈયાર કરી રહ્યા છે' (યોહાન ૧૪ : ૨, ૩), અને તે તૈયાર થતાં પૃથ્વી પર ઉતારવામાં આવશે (પ્રકટી. ૨૧ : ૨), જ્યારે ૧ પીતર ૧ : ૪નું 'વતન' (વારસો) આકાશમાં રાખી મૂકેલું છે. (૩) રોમન કૅથોલિક તરજુમામાં વાજબી રીતે આમ તરજુમો કર્યો છે : "એ આશા તમારે માટે સ્વર્ગમાં સાચવી રાખેલા અવિનાશી, નિર્મળ અને અક્ષય **વારસાની** છે."

અંગ્રેજીમાં આ ગ્રીક શબ્દનો તરજુમો 'ઇન્હેરિટન્સ' (=વારસો) કર્યું છે. ગુજરાતીમાં આ બે સિવાય બધે 'વારસો' કર્યું છે. (જુઓ ગલાતી ૪ : ૩૦. હિબ્રૂ ૧ : ૪, ૧૪. ૬ :૧૨. ૧૨ : ૧૭, ૧ પીતર ૩:૯. માથ્થી ૧૯:૨૯. ૨૫:૩૪. માર્ક ૧૦:૩૦. લૂક ૧૮:૧૮–૩૦. ૧ કરીંથી ૬ : ૯, ૧૦ વગેરે.)

## ૪૫ ઘંટી કે ગધેડાઘંટી ?

**પ્રશ્ન :** આજથી સત્તર-અઢાર વર્ષો ઉપર તમે એક સ્થળે કહેલું કે પ્રભુ ઈસુએ "ઘંટીના પડ"નો ઉલ્લેખ કર્યો છે તે સામાન્ય ઘંટી નહિ, પણ 'ગધેડાઘંટી'ના પડ વિષે છે. તો તે વિષે વિસ્તારપૂર્વક ખુલાસો કરશો તો આભાર.

**જવાબ :** બરાબર છે. ઈસુએ માથ્થી ૧૮ : ૬માં 'ગધેડાઘંટી'નો ઉલ્લેખ કર્યો છે. આમ તો યહૂદીઓની ઘંટી આપણે ત્યાં વપરાય છે તેવી જ ઘંટી હતી, અને સ્ત્રીઓ જ અનાજ દળતી હતી. કોઈ વખત એક સ્ત્રી અને કોઈ વખત બે સ્ત્રીઓ : આપણે ત્યાં થાય છે તેમ જ; એટલે જ પ્રભુ ઈસુએ કહ્યું છે કે "બે સ્ત્રીઓ ઘંટીએ દળતી હશે;

એક લેવાશે ને બીજી પડતી મુકાશે" (માથ્થી ૨૪ : ૪૧). પણ આ જગાએ ઈસુએ સામાન્ય ઘંટી (ગ્રીક : મ્યુલો = ઘંટી) વિષે ઉલ્લેખ કર્યો છે; જ્યારે માથ્થી ૧૮ : ૬ માં પ્રભુ ઈસુએ જે શબ્દ વાપર્યો છે તે "ગધેડા વડે ચલાવાતી ઘંટીનું પડ" છે (ગ્રીક : મ્યુલોસ = ઘંટીનું એક પડ; ઓનીકોસ = ગધેડાવાળી, અથવા ગધેડાથી ચલાવાતી). જોકે તરજુમામાં 'ગધેડા વડે ચલાવાતી' એ ખુલાસો મૂક્યો નથી.

ગધેડાથી ચલાવાતી ઘંટી બહુ વજનદાર પથ્થરની હતી. પ્રભુ ઈસુએ જાણીબૂજીને આ શબ્દ વાપર્યો છે. પ્રભુ ઈસુના કહેવાનો ભાવાર્થ આવો છે કે "પણ આ નાનાઓ જેઓ મારા પર વિશ્વાસ કરે છે, તેઓમાંના એકને જે કોઈ ઠોકર ખવડાવશે તે કરતાં તેની કોટે ઘંટીનું પડ બંધાય, ને તે સમુદ્રના ઊંડાણમાં ડુબાડાય એ તેને માટે સારું છે." એટલે કે સામાન્ય ઘંટીનું પડ નહિ, પણ ગધેડાથી ખૂબ ચલાવાતી વજનદાર ઘંટીનું પડ એની કોટે બંધાય, જેથી સમુદ્રના ઊંડાણમાંથી તે કદી પાછો ઉપર ન આવે.

## ૪૬ સાપ ધૂળ ખાય છે?

**પ્રશ્ન :** ઉત્પત્તિકાળે માણસના પતન સમયે ઈશ્વરે સાપને શાપ આપ્યો કે "...તું પેટે ચાલશે, અને પોતાના સર્વ દિવસ લગી ધૂળ ખાશે;..." (ઉત્પત્તિ ૩ : ૧૪), તો શું સાપ ધૂળ ખાય છે?—અને સાપનો ખોરાક ધૂળ છે?

**જવાબ :** શાપની અસર અગાઉ સાપ કોઈ સુંદર પ્રાણી કદાચ હશે. પણ શાપને કારણે સાપ ઘૃણાજનક લાગે છે, અને પેટે ચાલે છે. સાપને અન્ય સરીસૃપવંશી જીવોની જેમ પગ નથી, પણ એની

પાંસળીઓ જમીન સાથે અટકાવમાં આવતાં તેનું શરીર આગળ વધે છે; એમ તે પગથી નહિ, પણ પેટથી ચાલે છે.

સાપનો ખોરાક આમ તો ઉંદર, દેડકાં, વગેરે પ્રકારના જીવ છે. લગભગ બધા જ સાપ માંસાહારી છે. પણ સાપની એક વિચિત્ર પ્રકૃતિ છે. સાપની જીભ ફાટેલી હોય છે, અને સાપ પોતાની જીભને સ્પર્શેન્દ્રિય તરીકે વાપરે છે, અને તેની જીભ વારંવાર લપકારા લે છે.

સાપની જીભ લપકારા લે છે એનું એક બીજું અને અગત્યનું કારણ છે. સાપ પોતાની જીભ વારંવાર બહાર કાઢીને ધૂળના કણોને ચાટી લે છે. પછી સાપ જીભે ચોંટેલા ધૂળકણોને તાળવે લગાડે છે. પછી એના મોંમાં એક પ્રકારનો મિશ્રિત પદાર્થ એકત્ર થાય છે. આ પદાર્થ અતિ જલદી ઊડી જાય એવો હોય છે. (આપણા નાકની અંદર પણ આવી જ કંઈક પ્રક્રિયા થતી હોય છે.) જીભે અંદર આણેલા ધૂળના કણ પેલા પદાર્થના સંસર્ગમાં આવે છે. સાપના તાળવામાં આવેલા કાણામાં પેલા મિશ્રણને (ધૂળકણો અને ઊડણ પદાર્થના મિશ્રણને) સાપ લગાડે છે. અને એ ઉપરથી સાપનું મગજ ગંધના પ્રકાર પારખી કાઢે છે. આમ સતત ધૂળ ખાવા દ્વારા સાપ અનેક પ્રકારની ગંધનાં પારખાં લે છે. એ એના ખોરાકની શોધના કામમાં તથા સ્વરક્ષણના કામમાં આવે છે; જેમ માણસ તમાકુ કે અફીણ ખાય છે, પણ એ એનો ખોરાક નથી, પણ અમુક ઉત્તેજનાને માટે ખાય છે, એમ સાપ ધૂળ ખાય છે, પણ ખોરાક માટે નહિ, પણ ગંધપારખની ઉત્તેજના માટે તે ધૂળ ખાય છે. (વળી સરખાવો મીખાહ ૭ : ૧૭. યશાયા ૬૫ : ૨૫).

સાપની આંખોની પાસેના બે નાના ખાડા દ્વારા સાપ સામે આવતી ચીજવસ્તુ કે જીવજંતુ, ઉંદર વગેરેની ગરમી માપે છે. એ ગરમી-પારખ ખાડા દ્વારા સાપ મરેલા કે જીવતા ઉંદરને ગાઢ અંધારમાં પણ પારખી કાઢે છે. (સાપ ગરમ લોહીવાળા જીવોને ખાય છે.) વળી

આ ખાડાઓની ઉત્તેજના દ્વારા ખોરાકની ચીજ (ઉંદર વગેરે) નું કદ કેટલું છે, કેટલું ગરમ છે, વગેરે જાણી લે છે.

## ૪૭ પ્રકટીકરણના બે સાક્ષીઓ કોણ ?

**પ્રશ્ન :** પ્રકટીકરણના પુસ્તકના અગિયારમા અધ્યાયમાં જે બે શાહેદો વિષે લખવામાં આવ્યું છે તે કોણ કોણ હશે ?

**જવાબ :** પ્રકટી. ૧૧ : ૩–૧૨ સુધીમાં ઈશ્વરના બે શાહેદો (સાક્ષીઓ) વિષે આપવામાં આવ્યું છે. તેઓ સાડાત્રણ વર્ષ, અથવા ૪૨ મહિના, અથવા બારસો સાઠ દિવસ સુધી તાટ પહેરીને પ્રબોધ કરશે. આ બે પ્રબોધકો અથવા સાક્ષીઓ કોણ હશે એ વિષે ઘણાંને પ્રશ્ન થાય છે.

કેટલાક એમ કહે છે કે એલિયા અને હનોખ મૃત્યુ પામ્યા વગર ઉપર સ્વર્ગે લઈ લેવાયા હતા. અને તેઓ જ મરવાને માટે પાછા આવશે. તેઓ હિબ્રૂ ૯ : ૨૭ને આગળ ધરે છે. એ કલમમાં લખ્યું છે કે "માણસને એક જ વાર મરવાનું, અને ત્યાર પછી તેમનો ન્યાય થાય એવું નિર્માણ થયેલું છે." એટલે જેઓએ મરણ ચાખ્યું નથી, એવા આ બે સંતો (હનોખ અને એલિયા) પાછા આવશે, અને સાડાત્રણ વર્ષની સાક્ષી બાદ તેઓ મારી નંખાશે, અને સાડાત્રણ દિવસ પછી તેઓ પાછા જીવતા થશે. પણ આ મતવાળાની દલીલ ખરી નથી, કેમ કે પ્રભુ ઈસુના પુનરાગમન (પહેલા પગથિયા **આગનગમન**) સમયે હજારો કે લાખો જીવતા સંતો મૃત્યુને ચાખ્યા વગર મહિમાવંત શરીર ધારણ કરીને ગગનમાં ઊંચકાઈ જશે. હિબ્રૂ ૯ : ૨૭ પ્રમાણે તેઓ "એક વાર મરવાના" નથી. એટલે આ માન્યતા ધરાવનારનો તર્ક વ્યાજબી નથી લાગતો.

બીજો એક પક્ષ એમ કહે છે કે આ બે શાહેદો તે મૂસા અને એલિયા હશે. આ મત માનનારા બેત્રણ દલીલો રજૂ કરે છે. એક દલીલ આ કે તેઓ બંને પોતાની સેવાઓ પૂર્ણ કર્યા વગર જ લઈ લેવાયા. મૂસાએ ખડકને હુકમ કરવાને બદલે લાકડીથી માર્યો, એટલે પ્રભુએ તેને કનાન પહોંચવા ન દીધો. એની સેવા અધૂરી રહી. ગણના ૨૦:૧૨માં આ પ્રમાણે લખ્યું છે: "અને યહોવાએ મૂસાને તથા હારુનને કહ્યું, મારા પર વિશ્વાસ ન કરતાં ઇઝરાયલપુત્રોની દૃષ્ટિમાં તમે મને પવિત્ર મનાવ્યો નહિ, માટે જે દેશ મેં આ મંડળીને આપ્યો છે, તેમાં તમે તેઓને પહોંચાડશો નહિ." એમ મૂસાની સેવા અધૂરી રહી, તે પૂરી કરવા મૂસા પાછો આવશે.

વળી એલિયાની સેવા પણ અધૂરી રહી, એવું પણ આ મત માને છે. બાલના ચારસો પૂજારીઓ આગળ કાર્મેલ પર્વત ઉપર એલિયાએ કેવી બહાદુરી બતાવી હતી! પણ એ પછી રાણી ઇઝબેલથી તે ડરી ગયો, જંગલમાં નાસી ગયો, અને ત્યાં સંતાઈ ગયો, અને ઈશ્વરની પાસે મોત માગ્યું. પ્રભુએ એને બીજી વખત પ્રશ્ન પૂછ્યો ત્યારે પણ એલિયાએ નિરાશાભર્યો જ ઉત્તર આપ્યો. એટલે પ્રભુએ તેને કહ્યું, "આબેલ-મહોલાહવાસી શાફાટના દીકરા એલિશાનો અભિષેક કરીને તેને તારી જગાએ પ્રબોધક ઠરાવજે" (૧ રાજા ૧૯:૧૬). એ પછી થોડા જ સમયમાં ઈશ્વરે એલિયાને અગ્નિરથમાં ઉપર લઈ લીધો. એમ એની સેવા અધૂરી રહી. આ બંને જણની અધૂરી સેવાઓ પૂરી કરાવવા પ્રભુ તેમને પૃથ્વી પર સાડાત્રણ વર્ષ માટે લાવશે.

વળી આ સાડાત્રણ વર્ષ દરમિયાન તેઓ જે ચમત્કારો કરશે, તે અગાઉ તેઓએ કર્યા તેવા જ હશે. પ્રકટી. ૧૧:૬ જણાવે છે કે "તેઓને આકાશ બંધ કરવાની સત્તા છે, કે તેઓના પ્રબોધ કરવાના સમયમાં વરસાદ વરસે નહિ (એલિયાએ સાડાત્રણ વરસ સુધી

વરસાદ બંધ રાખ્યો હતો (યાકૂબ ૫ : ૧૭), અને તેઓને પાણીનુ લોહી કરવાની સત્તા છે (મૂસાએ પાણીનું રક્ત બનાવી દીધું હતું (નિર્ગ. ૭ : ૧૭–૨૫). એટલે આ બે શાહેદો મૂસા અને એલિયા જ હશે.

વળી રૂપાંતરના પહાડ ઉપર તેઓ જ બે જણ આવ્યા હતા: મૂસા અને એલિયા.

વળી માલાખી ૪ : ૫, ૬માં કહ્યું છે કે "જુઓ, યહોવાનો મહાન તથા ભયંકર દિવસ આવે તે પહેલાં હું તમારી પાસે એલિયા પ્રબોધકને મોકલી દઈશ." પ્રભુના પુનરાગમન (બીજા પગથિયા પ્રકટીકરણ અગાઉનાં સાડાત્રણ વર્ષ તે જ યહોવાનો મહાન તથા ભયંકર દિવસ છે તે) સમયે આ એલિયા અને મૂસા આવશે. પણ એલિયાના આવવા સંબંધી જુઓ મારાં બે પુસ્તકો (બાઇબલ–અભ્યાસ, ભાગ ૪ થો, પૃષ્ઠ ૫૮–૬૦; અને ભાગ ૨ જો, પૃષ્ઠ ૩૪–૩૬).

ત્રીજી માન્યતા ધરાવનારા કહે છે કે આ શાહેદો તે હનોખ, મૂસા કે એલિયા એમાંથી કોઈ જ નહિ, પણ બીજા જ કોઈ બે પ્રબોધકો કે શાહેદો હશે, કે જેઓ અગાઉ કદી હયાત હતા જ નહિ કે જન્મ પામ્યા જ નહોતા. પ્રભુ પોતે આ ખાસ સેવા માટે કોઈ નવા જ પ્રબોધકો ઊભા કરશે.

આ માન્યતા ધરાવનારા અભ્યાસકોનું કહેવું છે કે હનોખ, મૂસા અથવા એલિયા ફરીથી માના પેટે જન્મ લઈને પૃથ્વી પર આવી શકે જ નહિ, કારણ, બાઇબલ પુનર્જન્મની હિન્દુ માન્યતા શીખવતું નથી. વળી જો તેઓમાંથી બે જણ સીધા આકાશમાંથી જ ઊતરી આવી પ્રબોધ કરવા લાગે, તો તેઓ તો આકાશી વ્યક્તિઓ ગણાય, અને તેઓ મૃત્યુ પામી શકે જ નહિ. જો તેઓ પ્રભુ ઈસુની જેમ માનવી શરીરે જન્મેલા (માનવી જન્મ પ્રમાણે જન્મેલા) હોય તો જ મૃત્યુ પામે; પણ આકાશથી ઊતરેલી વ્યક્તિ મૃત્યુ પામે જ નહિ.

એલિયા અને હનોખ ઉપર લઈ લેવાયા અને આત્મિક શરીર ધારણ કર્યાં કે જે મરી શકે નહિ.

પ્રકટીકરણના પુસ્તકમાં એવો કોઈ જ ઉલ્લેખ નથી કે આ બે શાહેદો સ્વર્ગેથી ઊતરી આવશે. પ્રકટીકરણના પુસ્તકની અન્ય વ્યક્તિઓ (ખ્રિસ્તવિરોધી, જૂઠો પ્રબોધક, અન્ય શ્વાપદો, વગેરે) જેમ તે સમયે જન્મેલી વ્યક્તિઓ હશે, એમ આ બે શાહેદો પણ તે સમયે જન્મશે.

## ૪૮ સાત વર્ષના વિપત્તિકાળમાં પૃથ્વી પર પવિત્ર આત્મા હશે? અને ખ્રિસ્તને અનુસરનારા લોકો હશે?

**પ્રશ્ન :** ખ્રિસ્ત ગગનમાં ઊતરશે, અને મંડળી ગગનમાં ઊંચકાઈ જશે એ પછી સાત વર્ષના વિપત્તિકાળમાં પવિત્ર આત્મા પૃથ્વી પર હશે? અને તે સમયે લોકો ખ્રિસ્તનો સ્વીકાર કરશે? કેવી રીતે કરશે?

**જવાબ :** પવિત્ર આત્માનું હાલતું કાર્ય પ્રભુ ઈસુ ખ્રિસ્ત વરરાજાને માટે મંડળીરૂપી કન્યા તૈયાર કરવાનું છે. પ્રભુ ઈસુ ગગનમાં ઊતરશે અને મંડળી ખ્રિસ્તને મળવા ગગનમાં ઊંચકાઈ જશે, એ પછી પવિત્ર આત્મા પૃથ્વી પર હશે, અને તે સમયના લોકોને ખ્રિસ્તની પાસે લાવવામાં ખૂબ કામગીરી કરશે. એમાંના ઘણા બધા યહૂદીઓ હશે. યોએલ પ્રબોધકે છેક પાછલા કાળ સંબંધી આ પ્રમાણે ભવિષ્યવાણી કહી છે: "ત્યાર પછી એવું થશે કે હું સર્વ મનુષ્યો પર મારો આત્મા રેડી દઈશ; અને તમારા દીકરા તથા તમારી દીકરીઓ પ્રબોધ કરશે, અને તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે, તમારા જુવાનોને સંદર્શનો થશે. વળી તે સમયે દાસો તથા દાસીઓ પર હું મારો આત્મા રેડી દઈશ. વળી હું આકાશોમાં તથા પૃથ્વી પર અદ્દભુત કામો દેખાડીશ, એટલે લોહી, અગ્નિ તથા ધુમાડાના સ્તંભો,

યહોવાનો મોટો તથા ભયંકર દિવસ આવે તે પહેલાં સૂર્ય અંધકારરૂપ તથા ચંદ્ર લોહીરૂપ થઈ જશે. તે સમયે એમ થશે કે જે કોઈ યહોવાને નામે વિનંતિ કરશે, તે તારણ પામશે…" (યોએલ ૨ : ૨૮–૩૨).

વળી જે ૧,૪૪,૦૦૦ સાક્ષીઓ વિષે પ્રકટીકરણ ૭:૪–૮ અને ૧૪ : ૩–૫ આપ્યું છે, તેઓ બધા યહૂદીઓ હતા અને તેમણે ખ્રિસ્તનો સ્વીકાર આ સાત વર્ષના ગાળામાં કર્યો હતો. અને આ ૧,૪૪,૦૦૦ સાક્ષીઓ આખી દુનિયામાં જઈને ગજબ ખ્રિસ્તપ્રચાર કરશે. અને તેમના પ્રચાર દ્વારા અસંખ્ય લોકો ખ્રિસ્તનો સ્વીકાર કરશે. પ્રકટીકરણ ૭:૯–૧૭માં "સર્વ દેશોમાંથી આવેલા, સર્વ કુળના, લોકના તથા ભાષાના, કોઈથી ગણી શકાય નહિ એટલા માણસોની એક મોટી સભા!" વિષે આપ્યું છે, તેઓ માત્ર આ વિપત્તિકાળનાં સાત વર્ષમાં જ ખ્રિસ્તની પાસે આવેલા છે. એની સાબિતી આ છે: "તેઓ મોટી વિપત્તિમાંથી આવ્યા છે" (પ્રકટીકરણ ૭:૧૪).

## ૪૯ શા માટે પ્રભુ મૂસાને મારી નાખવા ઇચ્છે છે?

**પ્રશ્ન:** નિર્ગમન ૪:૨૪–૨૬માં એક ન સમજાય તેવી વાત આવે છે. તે આ પ્રમાણે છે: "અને માર્ગમાં ઉતારાની જગાએ એમ બન્યું કે યહોવાએ તેને (મૂસાને) મળીને મારી નાખવાનું ધાર્યું. ત્યારે સિપ્પોરાહે ચકમકનો એક પથ્થર લઈને પોતાના પુત્રની સુન્નત કરી, ને પેલી (ચામડી) તેણે (સિપ્પોરાહે) તેના (મૂસાના) પગ પાસે નાખીને કહ્યું, કે 'નિશ્ચે તું તો મારે સારુ રક્તનો વર છે.' માટે તેણે (ઈશ્વરે) તેને (મૂસાને) છોડ્યો. ત્યારે તેણે (સિપ્પોરાહે) કહ્યું, કે "સુન્નતના કારણથી તું તો મારે સારુ રક્તનો વર છે.'" તો પ્રભુ શા કારણે મૂસાને મારી નાંખવા ઇચ્છે છે? આખી વાત સમજાવશો તો આભાર.

**જવાબ :** (ઉપર જે બાઇબલ-પાઠ આપ્યો છે, એમાં કૌંસમાં શબ્દો મેં મૂક્યા છે. બાઇબલમાં એ શબ્દો નથી. અર્થ સ્પષ્ટ થાય માટે મેં મૂક્યા છે.)

ઈશ્વરે અબ્રાહમની સાથે કરાર કર્યો ત્યારે ઈશ્વરે એક શરત મૂકી હતી કે "ઈશ્વરે અબ્રાહમને કહ્યું, કે તું તો મારો કરાર પાળ, એટલે તું તથા તારા પછી તારો વંશ પેઢી દરપેઢી પાળો...તે એ જ કે તમારામાંનો જે દરેક પુરુષ તેની સુન્નત કરવી જોઈએ. અને તમારે તમારી ચામડીની સુન્નત કરાવવી; અને એ મારી તથા તમારી વચ્ચેના કરારનો નિશાનો છે. અને તમારામાં આઠ દિવસના હરેક છોકરાની... તેની પણ સુન્નત કરવી .....અને સુન્નત વગરનો પુરુષ......પોતાના લોકોમાંથી કપાઈ જશે; તેણે મારો કરાર તોડ્યો છે" (ઉત્પત્તિ ૧૭ : ૯–૧૪).

આ કરાર પ્રમાણે મૂસાના દીકરાની સુન્નત થવી જોઈતી હતી. વળી મૂસા તો યહૂદી પ્રજાનો આગેવાન અને દોરનાર હતો. એના પુત્રની તો સુન્નત થવી જ જોઈતી હતી. પણ આજ સુધી તે થઈ નહોતી. મૂસા પોતાની મિદ્યાની પત્ની સિપ્પોરાહને લીધે પુત્રની સુન્નત કરાવતો નહોતો. સિપ્પોરાહની ઇચ્છા નહોતી. એટલે ઈશ્વર મૂસા પર કોપાયમાન થાય છે, અને તેને મારી નાખવા ઇચ્છે છે. કદાચ કોઈ મૃત્યુજનક માંદગી પ્રભુએ મૂસા પર આણી એટલે સિપ્પોરાહે પોતે ચકમકનો પથ્થર લઈ પુત્રની સુન્નત કરી દીધી. એટલે ઈશ્વરે મૂસાને છોડ્યો, યા માંદગીમાંથી ઉગારી લીધો. સિપ્પોરાહની ઇચ્છા નહોતી, છતાં સુન્નત કરવી પડી, તેથી સિપ્પોરાહે મૂસાને કહ્યું, "સુન્નતના કારણથી તું તો મારે સારુ રક્તનો વર છે."

સિપ્પોરાહ અને તેનો પિતા યિથ્રો મિદ્યાનીઓ હતાં. કેટલાક અભ્યાસકોનું માનવું છે કે મિદ્યાનીઓમાં સુન્નત છોકરો યુવાન થાય

એટલે કે બાર વર્ષનો થાય ત્યારે કરવામાં આવતી. અબ્રાહમને પ્રભુએ પુત્રના જન્મના આઠમા દિવસે સુન્નત કરવા ફરમાવેલું. બીજો કોઈ દિવસ કેમ નહિ ને આઠમો જ દિવસ! નીચેનો ખુલાસો મારા પુસ્તક "અનોખી ઇઝરાયલ પ્રજા"માંથી ઉતારું છું:

સ્ત્રીઓને થતા અનેક પ્રકારના કેન્સરમાં ચોથા ભાગના કેન્સર ગર્ભાશયદ્વારના કેન્સર છે. અને જનનેંદ્રિયના બધા પ્રકારના કેન્સરમાં ગર્ભાશયના દ્વારના મુખના કેન્સરનો આંક ૮૦ ટકા છે. પુરુષની સુન્નત કરવાથી તેમની પત્નીઓને આ પ્રકારના કેન્સર ભાગ્યે જ થાય છે. સને ૧૯૦૦માં ડૉ. હિરામ એન. વાઇનબર્ગે ન્યૂયોર્કની માઉન્ટ સિનાઈ હૉસ્પિટલના નોંધણીપત્રકોનો અભ્યાસ કરતાં જોયું કે યહૂદી સ્ત્રીઓમાં આ પ્રકારના કેન્સરના કેસ તદ્દન નજીવા હતા. ("ધી રેર અકરન્સ ઑફ કેન્સર ઑફ ધ વુમ્બ અમન્ગ જ્યુઇસ વીમન." બૂલેટીન ઑફ માઉન્ટ સિનાઈ હૉસ્પિટલ, ૧૯૧૯).

પછી તો ન્યૂયોર્કની બેલેવ્યૂ હૉસ્પિટલનાં નોંધણીપત્રકોનો અભ્યાસ ત્યાંના ડૉ. ઈરા આઈ. કેપ્લાન અને તેમના સાથીદારોએ કર્યો. અને ત્યાં પણ એ જ પરિણામ જોવામાં આવ્યું. (અમેરિકન જર્નલ ઑફ રૅાન્ટજેનોલૉજી—જૂન ૧૯૪૭—પૃ. ૬૫૯–૬૬૪. આઈ. કેપ્લાન અને આર. રોશ). સને ૧૯૪૯માં મેયો ક્લિનિકના સ્ત્રીરોગ નિષ્ણાતોએ એ દવાખાનામાં આવેલા સળંગ ૫૬૮ ગર્ભાશયદ્વારના કેન્સરના કેસોનો અભ્યાસ કરતાં જોયું કે એમાં એક પણ યહૂદી સ્ત્રીનો કેસ નહોતો. જોકે એ દવાખાનામાં આવનારામાં સાત ટકા યહૂદી સ્ત્રીઓ હોય છે, છતાં તેઓમાં આ પ્રકારનો કેન્સર નહોતો. ("કેન્સર ઑફ સરવીક્સ ઍન્ડ નોન–જ્યુઝ", જર્નલ ઑફ ધ અમેરિકન મેડિકલ એસોસિયેશન—જુલાઈ ૨૩, ૧૯૪૯, પૃ. ૧૦૬૯) જુદાં જુદાં શહેરોમાં આવી અનેક તપાસનું પરિણામ ઉપર જેમ જ આવ્યું! યહૂદી સ્ત્રીઓના ખોરાક, રહેણીકરણી વગેરે બધાનો અભ્યાસ

કરવાથી નિદાન થયું કે યહૂદી પુરુષોની સુન્નત કરવામાં આવતી હોવાથી યહૂદી સ્ત્રીઓમાં આ પ્રકારના કેન્સર નહિવત્ છે.

ભારતમાં પણ એ પ્રકારનો અભ્યાસ હાથ ધરવામાં આવતાં એ જ પરિણામ જોવામાં આવ્યું. ભારતમાં અન્ય ધર્મી સ્ત્રીઓ કરતાં મુસ્લિમ સ્ત્રીઓમાં ગર્ભાશયદ્વારનું કેન્સર તદ્દન ઓછું—નહિવત્ જેવું છે. કેમ કે મુસ્લિમોમાં સુન્નતનો રિવાજ છે. (એ. સિમિયોનીદિસ, "એકટા યુનિયન ઇન્ટરનેશનલે કોન્ત્રે લે કાન્સર", બૂલેટીન ઑફ યુ. એસ. પબ્લિક હેલ્થ સર્વિસ,—વોલ્યુમ ૭, નં. ૧.—પૃ. ૧૨૭. વળી પી. એસ. રાવ, આર. એસ. રેડ્ડી, એન્ડ ડી. જે. રેડ્ડી, "એ સ્ટડી ઑફ ધી એટીઓલોજિકલ ફેક્ટર્સ ઇન ગંતૂર", જર્નલ ઑફ ધી અમેરિકન મેડિકલ એસોસિયેશન—નવેમ્બર ૭, ૧૯૫૯,—પૃ. ૧૪૨૧).

ફીજી ટાપુઓમાં પણ જે જાતિઓમાં સુન્નતનો રિવાજ છે ત્યાં આ પ્રકારનું કેન્સર નહિવત્ છે. (એસ. એલ. ઇઝરાયલ, "રીલેટિવ ઇન્ફ્રીક્વન્સીઝ ઑફ સરવીકલ કાર્સિનોમા ઇન જ્યુઇસ વીમન: ઇઝ ધી એનીગ્મા સોલ્વડ?"—અમેરિકન જર્નલ ઑફ ઑબ્સ્ટેરીક્સ ઍન્ડ ગાયનેકોલોજી, માર્ચ ૧૯૫૫, પૃ. ૩૫૮–૩૬૦).

એટલું જ નહિ, પણ પુરુષોની જનનેંદ્રિય પર થતો અમુક કેન્સર અગાઉથી સુન્નત કરવાથી નથી થતો. સુન્નતવાળી પ્રજાઓમાંથી પુરુષની જનનેંદ્રિયના કેન્સરનો માત્ર ચોથો જ કેસ વૈદકીય ઇતિહાસમાં ઈ.સ. ૧૯૫૫ માં જોવા મળ્યો હતો! (એ. જે. પેકવીન, જુ., એન્ડ જે. એમ. પિયર્સ, "જર્નલ ઑફ યુરોલોજી", નવેમ્બર ૧૯૫૫, પૃ. ૬૨૬–૬૨૭).

વિજ્ઞાને હમણાં હમણાં જ શોધ્યું કે સ્ત્રીઓના ગર્ભાશયદ્વારનું અને પુરુષની જનનેંદ્રિયનું કેન્સર થતું અટકાવવા માટે અગાઉથી સુન્નત કરવી એ જ માત્ર એક ઇલાજ છે! જ્યારે ઈશ્વરે તો આજથી ૪,૦૦૦ વર્ષ પૂર્વે આ ઇલાજ વિધિરૂપે ઇબ્રાહિમ અને તેના વંશજોને

(યહૂદીઓ અને આરબોને) આપ્યો હતો. આ અગાઉ અબ્રાહમના પૂર્વજોમાં કે આસપાસની કોઈ પ્રજામાં સુન્નતનો રિવાજ હતો જ નહિ.

હવે પ્રશ્ન રહે છે કે બીજા કોઈ દિવસે નહિ, પણ આઠમે જ દિવસે સુન્નત કરવાનું અબ્રાહમને કેમ ફરમાન કરવામાં આવ્યું હતું? આઠમો દિવસ સૂચવવામાં પણ ઈશ્વરનો જ હાથ જોવા મળે છે.

ઈ. સ. ૧૯૪૬ અને તે પછી વૈદકીય વિજ્ઞાને ખોળી કાઢ્યું કે બાળકના જન્મ પછી પહેલા પાંચથી સાત દિવસમાં એના લોહીમાં થીજવાનો ગુણ તદ્દન ઓછો હોય છે. (એલ. એમ્મેટ હોલ્ટ અને રસ્ટીન મેકીનટોશ, "હોલ્ટ પેડિયાટ્રીક્સ" ૧૨ મી આવૃત્તિ, ન્યૂયોર્ક, એપલ્ટન —સેન્ટ્યુરી—ક્રોફટસ, ઇન્ક, ૧૯૫૩, પૃ. ૧૨૫-૧૨૬). કારણ, લોહીનો જામવાનો ગુણ વિટામિન 'કે'ને લીધે હોય છે, અને બાળકના પહેલા પાંચથી સાત દિવસ સુધી વિટામિન 'કે' પૂરતા પ્રમાણમાં રચાયું હોતું નથી. આઠમા દિવસે જ એ પદાર્થ પૂરતા પ્રમાણમાં હોય છે, અને તેથી બાળકના લોહીમાં જામવાનો ગુણ પૂરેપૂરો આઠમા દિવસે ખીલે છે. તેથી માણસના જીવનમાં એની જિંદગીનો આઠમો દિવસ ખૂબ સહીસલામત દિવસ હોય છે. અને ઈશ્વરે સુન્નત માટે એ જ દિવસ સૂચવ્યો હતો. જેથી વાઢકાપ દરમિયાન કે પછી બાળકનું લોહી ન જામતાં વહી જઈ બાળકનું મૃત્યુ નીપજે નહિ.

વળી, માણસના લોહીને જામવા માટે બીજા એક પદાર્થની પણ એના લોહીમાં જરૂર હોય છે. એ છે પ્રોથ્રોમ્બીન. બાળકના લોહીમાં આ પ્રોથ્રોમ્બીન તત્ત્વ તદ્દન નહિવત્ હોય છે. એ દિવસોમાં એના શરીર પર કંઈ પણ ઘા થાય કે વાઢકાપ કરવામાં આવે તો લોહી અટક્યા વગર ખૂબ વહી જવાની મોટી શક્યતા હોય છે, અને એમ એ ઘા અગર વાઢકાપ જીવલેણ પણ બની જાય! બાળકના ત્રીજા દિવસે જરૂરી પ્રમાણના માત્ર ૩૦ ટકા જ જથ્થો આ તત્ત્વનો હોય છે. પરંતુ ખૂબીની વાત એ છે કે બાળકની જિંદગીના આઠમા દિવસે

એના લોહીમાં પ્રોથ્રોમ્બીન તત્ત્વનો પુરવઠો એટલો બધો (૧૧૦ ટકા જેટલો) વધી ગયેલો હોય છે કે તે પછી જિંદગીના કોઈ પણ દિવસે ફરી કદી એટલો થતો નથી,–માત્ર ૧૦૦ ટકા અથવા ઓછો હોય છે. આમ, વાઢકાપ માટે આખીયે જિંદગીભરમાં આઠમો દિવસ સૌથી સાનુકૂળ અને સહીસલામતીભર્યો હોય છે. ઈશ્વરે એ આઠમો દિવસ જ સુન્નત માટે સૂચવ્યો હતો.

જે વાત વિજ્ઞાને માત્ર હજી હમણાં જ શોધી કાઢી તેની જાણ અબ્રાહમના જમાનાના લોકોને નહોતી. અબ્રાહમ કે ખાલદીઓના ઉર શહેરની કે આસપાસની પ્રજા સુન્નત કરનારી પ્રજા જ નહોતી. એટલે આ કાયદો માનવી ભાન-જ્ઞાન દ્વારા રચાયેલો નહોતો, પણ ઈશ્વરે જ ૪,૦૦૦ વર્ષ અગાઉ અબ્રાહમને સુન્નત માટે આઠમો દિવસ ઠરાવી આપ્યો હતો. આમ, આ નિયમનો આપનાર ઈશ્વર સિવાય બીજો કોણ સંભવી શકે ? (આ આખો મુદ્દો ડૉ. એસ. આઈ. મેકમીલેનના "નન ઑફ ધીઝ ડીઝીઝીઝ", પૃ. ૧૯–૨૩ ને આધારે રજૂ કર્યો છે).

## ૫૦ ગેથસેમાનેમાં પિતાના હાથે પ્યાલો અને પ્રભુ ઈસુનું કષ્ટ !

**પ્રશ્ન :** ગેથસેમાને બાગમાં પ્રભુ ઈસુ આટલું બધું કેમ કષ્ટાય છે કે એમનો પરસેવો લોહીનાં ટીપાંરૂપે ટપક્યો ! પિતાએ ધરેલા પ્યાલામાં શું હતું ?

**જવાબ :** પાપ અતિ ભયંકર રીતે ઘૃણાજનક અને ખતરનાક છે, એટલે જ ગેથસેમાને બાગમાં છેલ્લી રાતે પ્રાર્થના કરતાં પ્રભુ ઈસુ એટલું બધું કષ્ટાય છે ! પ્રભુ ઈસુ શિષ્યોને કહે છે : "મારો જીવ મરવા જેવો ઘણો શોકાતુર છે" (માથ્થી ૨૬:૩૭,૩૮). અહીં

"ઘણો શોકાતુર" માટે અસલ ભાષા ગ્રીકમાં 'પેરીલુપોસ' શબ્દ વાપર્યો છે. એનો અર્થ થાય છે કે ભારે શોક કે યાતનાએ તેમને ચારેબાજુથી ઘેરી લીધા છે. જેમ પાણીનાં મોજાં માણસની આસપાસ ફરી વળે, એમ ભયંકર શોકનાં મોજાં તેમના પગથી માથા સુધી સર્વત્ર ફરી વળ્યાં છે, જાણે કે શ્વાસ પણ ન લેવાય. 'હું શોકમાં ડૂબી ગયો છું" એમ કહીએ તો ચાલે. 'શુભસંદેશ'માં એ શબ્દો આવી રીતે આપ્યા છે : "મને એટલો બધો શોક થાય છે કે જાણે મારા પ્રાણ ચાલ્યા જશે." વળી અન્ય ઠેકાણે લખ્યું છે : "તેમણે (ઈસુએ) કષ્ટ સાથે વિશેષ આગ્રહથી પ્રાર્થના કરી; અને તેમનો પરસેવો ભોંય પર પડતાં લોહીનાં ટીપાં જેવો થયો" (લૂક ૨૨:૪૪). વળી "તેમના (ઈસુના) દેહધારીપણાના સમયમાં તેમને (ઈસુને) મરણથી છોડાવવાને જે શક્તિમાન હતો, તેની પાસે તેમણે ઊંચા અવાજે અને આંસુ સહિત પ્રાર્થના તથા કાલાવાલા કર્યા, અને તેમણે ઈશ્વરનો ડર રાખ્યો, માટે તેમની પ્રાર્થના સાંભળવામાં આવી" (હિબ્રૂ ૫:૭).

## ગેથસેમાનેમાંના પ્યાલામાં શું હતું?

આથેન્સના કારાવાસમાં સૉક્રેટિસને ઝેરનો પ્યાલો ધરવામાં આવ્યો, અને સૉક્રેટિસ શાંતિથી—કોઈ જાતના ઉચાટ વગર—એ ગટગટાવી ગયો! કેવી ગર્વીલી શહીદી! મેવાડના મહેલમાં મીરાંને રાણાએ ઝેરનો કટોરો ભરી દીધો. મીરાં જાણે રાણાના ગ્રીષ્મગૃહમાં મીઠા શરબતનો જામ પીતી હોય એમ ગટગટાવી ગઈ! તો અહીં ગેથસેમાનેમાં ઈસુ મૃત્યુ-પ્યાલો લેતાં કેમ કષ્ટાય છે?—કેમ મરવા જેવા શોકાતુર બને છે?

## ૧. પ્યાલામાં માનવજાતનાં પાપ હતાં

સૉક્રેટિસના, મીરાંના, અને ઈસુના—એ ત્રણે પ્યાલામાં મોત હતું એ ખરું, પણ પિતાએ ઈસુને ધરેલા પ્યાલામાં તફાવત હતો. પોતાના

આગામી મૃત્યુ વિષે બોલતાં પ્રભુ ઈસુ પોતે કહે છે: "નવા કરારનું એ મારું લોહી છે, જે પાપોના માફીને અર્થે ઘણાઓને માટે વહેવડાવવામાં આવે છે" (માથ્થી ૨૬:૨૮). એ પ્યાલામાં માણસોનાં પાપ ધોવાયાં હતાં. પયગંબર અગમવાણી દ્વારા સાચું જ કહે છે કે "આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો...ઈશ્વરે તેના પર આપણ સર્વનાં પાપનો ભાર મૂક્યો છે...તેણે તો ઘણાંનાં પાપ માથે લીધાં" (યશાયા ૫૩ : ૫,૬,૧૨).

આદિ માતપિતા આદમ–હવાથી માંડીને જગતના સૌ લોકોનાં તમામ પાપ ઈસુએ વધસ્તંભે પોતા પર લીધાં. ગલાતીઓના ધર્મસંઘને પાઉલે લખેલા પત્ર પર ભાષ્ય લખતાં માર્ટીન લ્યુથર ઈસુને સંબોધીને લખે છે: ઓ ઈસુ, નકાર કરનાર પીતર તું થા; સતામણી કરનારો પાઉલ તું બન. જાણે કે તેં જ નકાર કર્યો છે, જાણે કે તેંજ સતાવણી કરી છે, એવો તું થા. ટૂંકામાં સઘળી માનવજાતનાં સઘળાં પાપ જાણે તેં જ કર્યાં છે તેવો તું બન. જાણે કે તેં જ ખૂન કર્યું છે એમ ખૂનીનાં પાપ તું લે. જાણે તેં જ વ્યભિચાર કર્યો છે, તેં જ અદેખાઈ, ચોરી કર્યાં છે એમ તું વ્યભિચારીની, અદેખાની, ચોરની જગા લે. મારું એકેએક પાપ તેં જ કર્યું હોય એમ મારાં પાપ તું તારે શિરે લે.

અતિ પવિત્ર પ્રભુ માટે આ કેટલું ઘૃણાજનક! લાખોલાખ સૂર્યોના સમગ્ર તેજ કરતાં જેની પવિત્રાઈનાં તેજ–તાપ અદકાં છે, એવો પવિત્ર પ્રભુ બધાં માનવીનાં નરકશાં પાપ પોતાને માથે લેતાં કેમ ધ્રૂજી ન ઊઠે! પાપને જરાયે સાંખી ન લેનાર, પાપ સામે નજર સરખી પણ ન કરનાર એ પ્રભુ માનવીનાં પાપ પોતાને શિરે લેતાં કેમ મરવા જેવો શોકાતુર ન બને! બાઇબલમાં લખ્યું છે કે "જેણે પાપ જાણ્યું નહોતું તેને ઈશ્વરે આપણે માટે પાપ(રૂપ) કર્યો" (૨ કોરિંથી ૫:૨૧). ગુજરાતીમાં

'પાપરૂપ' મૂક્યું છે, પણ ગ્રીક તથા અંગ્રેજીમાં માત્ર 'પાપ' છે. "...તેને પાપ કર્યો." માનવીઓનાં પાપ અને મુક્તિદાતા એકાકાર બની જાય! આ કેટલું ભયંકર! આ કેવી યાતના! રે મારા ભાઈ, રે મારી બહેન, આ ગહન દુઃખ, આ ગુહ્ય એકાકારીતો ખ્યાલ તને આવે છે? બધાં પતિયાં જનોનાં સડી-ગળી ગયેલાં અંગોએથી પતની બદબો ભરી રસી કાઢી કોઈ માણસ બુંદેબુંદ ગટગટાવી જાય એના કરતાંયે લોકોનાં પાપ પોતાના પર લેવાનું ઈશ્વર માટે અધિક ઘૃણાજનક હતું. એટલે જ પાપની કડવાશનો પ્યાલો લેતાં ઈસુ ધ્રૂજી ઊઠે છે.

ખેડા જિલ્લાનું એક ગામ છે. નાનું છે. બારૈયાની વસ્તીવાળું. આજથી લગભગ ચાલીસેક વર્ષ ઉપર ત્યાં એક ગમખ્વાર બનાવ બની ગયો. બારૈયાના એક કુટુંબમાં કુંવારી દીકરી પાપમાં પડી. બારૈયો ધૂવાંપૂવાં થઈ ગયો. મારા ઘરમાં આવું પાપ! કાળઝાળમાં એણે દીકરીને હણી નાખવા નિશ્ચય કર્યો. પણ બાપ પોતાની જ દીકરીને કેવી રીતે સંહારી શકે? એટલે એ કામ એણે દીકરીના મામાને સોંપ્યું.

ઠરાવેલે દિવસે દીકરીને ભાવતાં ભોજન પીરસ્યાં, સુંદર શણગાર સજાવ્યો, અને વાજતેગાજતે ગામની ભાગળે આવેલા તળાવને તીરે માતાની દેરીએ દીકરીને લઈ ગયા. દીકરી જાણતી હતી કે એની આખરી ઘડી આવી પહોંચી. એ શું રડી છે, રડી છે! અને મામાના પગોમાં પડી છે! પણ કંઈ ફાયદો નહિ. માતાની દેરી આવી. મામા બોલ્યા, "બેટા, માતાને પગે લાગો." દીકરીએ માતાને પાયે લાગવા શિર ઝુકાવ્યું. અને મામાના ધારિયાએ દીકરીનું ડોકું ઉડાવી દીધું!

એક પાપી સ્વભાવવાળો આ માણસ પોતાની એકની એક દીકરીનું પાપ સાંખી શક્યો નહિ, અને એના પર ત્રાટકી પડ્યો, તો અતિ પવિત્ર અને પરમ શુદ્ધ ઈશ્વર પાપની સામે કેવી રીતે નજર કરી શકે? – કેવી રીતે પાપને સાંખી શકે? અને આ તો દુનિયાનાં બધાં જ પાપ પોતાને શિરે લેવાનાં! પોતે જ જાણે કે એ બધાં પાપ કરનારો છે એમ અવેજી

બની જવાનું! આ કેટલું ઘૃણાજનક! કેટલું ભયંકર! એટલે જ ઈસુ ગેથસેમાનેનો પ્યાલો લેતાં કમકમી ઊઠે છે, ધ્રૂજી ઊઠે છે!

## ૨. એ પ્યાલામાં પિતાથી ત્યજાવું હતું

આ પ્યાલામાં બીજું પણ કંઈક હતું. પરમ પિતાથી ત્યજાયેલા બનવાનું! પરમ પવિત્ર પરમેશ્વર પિતા પાપને સાંખી શકે જ નહિ, —પાપની સામે નજર પણ કરી શકે નહિ. પરમ પવિત્રતા અને શેતાનિયતને શો સંબંધ? પણ જુઓ તો ખરા, અહીં પ્રભુ ઈસુ પોતે ક્રૂસ પર આખી દુનિયાનાં પાપ પોતાને શિરે લઈ પાપમય બની જવાના છે! અને એટલે જ ઈશ્વર પિતાથી તે ત્યજાયેલા અને વિમુખ બનવાના છે! આ વિચાર તેમને મૃત્યુ કરતાંય કપરો લાગે છે. ડરામણો લાગે છે.

પાપીમાં પાપી માણસને પણ ઈશ્વરે કદી તજી દીધો નથી. માણસ ઈશ્વરને ત્યાગે છે, પણ ઈશ્વર કોઈને કદી ત્યાગતો નથી. એથી ઊલટું, પ્રભુ ઈસુએ કોઈ કાળે પણ ઈશ્વર પિતાની સંગત છોડી નથી. પિતાની સંગતમાંથી પળ વારેય અળગા બનવું એ ઈસુને કારમું લાગે. આખા દિવસના કપરા શ્રમ પછી પણ તેઓ રાતોની રાત પહાડો પર એકાંતમાં પિતાની સંગત સેવતા હતા. પિતાની સંગત એમને મન જીવન કરતાંયે અધિક હતી. પોતે પાપો લઈને ક્રૂસે ચડશે, ત્યારે શું પિતા પોતાનું મુખ અવળું ફેરવી લેશે? કેવો મહા શોકભર્યો વિચાર!

પણ એમ જ બન્યું ને! તમારાં અને મારાં પાપો લઈને, હા, પાપરૂપ બનીને, પ્રભુ ઈસુ ક્રૂસે ચડ્યા, એ જ ટાણે પિતાએ પોતાનું મુખ અવળું ફેરવી લીધું. એટલે તો ઈસુ પારાવાર માનસિક વેદનામાં પોકારી ઊઠે છે, "મારા દેવ, મારા દેવ, તેં મને કેમ ત્યજી દીધો છે?" "આ મારો પ્રિય પુત્ર છે," શું એવું પિતાએ અગાઉ નહોતું કહ્યું? તો આ લાડીલો પુત્ર જ પિતાથી ત્યજાયો? ગેથસેમાનેના પ્યાલામાં આ કારમી વેદના પણ ભરેલી હતી!

# ૫૧ માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરા?

**પ્રશ્ન :** માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરા?

**જવાબ :** દુઃખમય માનવી જીવન! માનવીનું જીવન દુઃખોથી ભરપૂર ભરેલું છે. જીવનના ઝંઝાવાતો, જીવનનો સંઘર્ષ, સંસારનો ભય, ખેંચ, ચાપ, ઇચ્છેલી વસ્તુઓની અપ્રાપ્તિ, કે કમપ્રાપ્તિ, તુચ્છકાર, બહિષ્કાર, માંદગી, મૃત્યુ, એવાં એવાં પારાવાર દુઃખોના વંટોળિયામાં પોતે સતત ફંગોળાયા કરતો હોય એવું તેને લાગે છે.

પોતાનાં દુઃખ એને પીડે છે, અને આપ્તજનોનાં પણ. આપ્તજનોમાં કોઈ વાર કુટુંબીજનોનો સમાવેશ થાય છે, તો કોઈ વાર મિત્રમંડળનો, અને ધર્મમંડળનોય; અને કોઈ વાર સમાજનોયે થાય, અને દેશનો પણ થાય.

બીજા એક પ્રકારની યાતના પણ માનવીને સતત પીડતી રહે છે. એ યાતનાનું મૂળ કે ખરું કારણ શું છે એની માનવીને મોટે ભાગે ખબર પડતી નથી. કોઈ વાર ખભા અને હાથમાં તીક્ષ્ણ દુખાવો થાય ત્યારે આપણે માનીએ કે ખભા અને હાથમાં કંઈક નુકસાન થયું અથવા રોગ પેઠો. પણ દાક્તર જ પારખે કે ખભા કે હાથમાં ઊપડતી આ વેદના તો હૃદયરોગની સૂચક છે. કેન્સરમાં પણ દરદી કેન્સરનો જીવલેણ રોગ થયો છે એમ સ્વીકારવાને બદલે, મને તો આ દરદ થયું છે, કે પેલું દરદ થયું છે, અને આમ દવા કરીશ કે તેમ ઇલાજ કરીશ એટલે મટી જશે, એવાં ભ્રામક કારણો અને ભ્રામક આશાઓની ભ્રમણામાં અટવાયા કરે છે. એમ જ માનવીને સતત પીડતી આ એક આંતરિક યાતનાના મૂળની માનવીને સમજણ પડતી નથી, અને એનાં બીજાં બીજાં મૂળ તથા કારણો તે કલ્પી કાઢે છે.

એ યાતના છે આત્માના અજંપાની. માણસનો અંતરાત્મા ઊંડે ઊંડે કંઈક ઝંખે છે, પણ એ એને પ્રાપ્ત થતું નથી. માણસ ઇચ્છે છે કંઈક, અને કરી બેસે છે બીજું જ કંઈક. દુર્યોધને સાચું જ કહ્યું છે:

जानामि धर्मं न च मे प्रवृत्ति।
जानाम्यधर्मं न च मे निवृत्तिः ॥

(ધર્મ શું છે એ હું જાણું છું, પણ તેને આચરણમાં મૂકી શકતો નથી. અને અધર્મ શું છે તેયે હું જાણું છું, પણ તેનો ત્યાગ કરી શકતો નથી.) બાઈબલમાં સંત પાઉલ એવું જ લખે છે: "જે સારું હું ઇચ્છું છું તે હું કરતો નથી, પણ જે ભૂંડું હું ઇચ્છતો નથી તે હું કર્યા કરું છું!...હું કેવો દુર્ભાગી માણસ છું!" (રોમન ૭:૨૦).

પુરાણા સમયના રોમન કવિ ઓવિદનો પણ એ જ અનુભવ છે. એ લખે છે: "હું એક માર્ગ જોઉં છું જે પર મારે ચાલવું જોઈએ; પરંતુ એની પર હું ચાલી શકતો નથી. બીજો માર્ગ પણ જોઉં છું જેની પર મારે ન ચાલવું જોઈએ; પણ કોણ જાણે કેમ, તેની પર જ ચાલ્યે જાઉં છું!" ગુજરાતના મરહૂમ કવિશ્રી કરસનદાસ માણેકે પણ પોતાના કાવ્ય "એક સપનું મુજ ખોવાઈ ગયું"માં આવું જ લખ્યું છે:

કોઈ શત શત યુગથી નીકળ્યા'તા
નન્દનની શોધ મહીં યાત્રી,
અહીં અનાયાસ રમતાં રમતાં
દોજખ જોને શોધાઈ ગયું!

મૂં આવત છોડીશ ત્યારે હું
આશિષ જગત પે ઉતારીશ–
મનમાં તો એ નિર્ણીત હતું–
પણ શાપ-વચન બોલાઈ ગયું!

સમજાતું નથી! સાચું કહું છું!
આ માનવતું મન કે પારો,
જ્યાં હોમવું'તું નિજતું મસ્તક
ત્યાં પરનું શેં હોમાઈ ગયું!

અમેરિકાના લિંકન ( નેબ્રાસ્કા ) શહેરના 'બ્રોડવે' પર વાગતી એક રેકર્ડમાં કોઈ છોકરી એવું જ ગાતી હતી : "હાવ કેન આઈ બી વ્હૉટ આઈ એય'ટ ?" "હું જે નથી તે હું કેવી રીતે બની શકું ? જે મારા સ્વભાવમાં નથી તે હું કેવી રીતે કરી શકું ? પરીક્ષણ આવે ત્યારે સામે ઝઝૂમવાનું મન મારામાં રહેતું નથી; હું લપસી જ પડું છું." માનવ જાતની સર્વ સ્થળે અને સર્વ સમયે આ જ બૂમ છે. માનવમાત્રનો સ્વભાવ પતિત થયેલો હોઈને એની વૃત્તિ પાપ તરફ જ વળેલી રહે છે.

અને આ અનુભવ કોને નથી થયો ? આત્માનું પતન એ જ માનવીના આ અજંપા અને આંતરિક વિભાજિતપણાનું એકમાત્ર કારણ છે. પણ માનવી એ સમજી શકતો નથી, અને સતત અજંપો અનુભવ્યા કરે છે. માનવી પોતે પાપી છે, અને એની વૃત્તિ પાપને વરેલી છે. એનું ભાન માણસને નથી. માત્ર તે આંતરિક અજંપો ઉરના એકાંતમાં રાતદિન અનુભવ્યા કરે છે. અને એ અંદરનો અજંપો શાંત પાડવા માનવી બાહ્ય અને ભૌતિક વાનાંમાંથી આનંદ મેળવવા અનેક મથામણો અને પ્રવૃત્તિઓ આદરે છે. પણ એ મૃગજળ પાછળ સતત દોડતા રહ્યા પછી એની આંતરિક નિરાશા અને વેદના વધતી જ જાય છે, ભલે માનવીને એની સમજણ પડતી ન હોય.

## માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો ?

આ દુઃખી માનવજાતમાં ઈશ્વરને કંઈ રસ છે કે કેમ ? માણસનાં દુઃખ જોઈને તે દુઃખની લાગણી અનુભવે છે કે કેમ ? ઈશ્વર માનવીનાં બધાં કષ્ટો, દિલદર્દો અને વેદનાઓ જુએ છે ખરો, પણ એ માટે એને કોઈ લાગણી થાય છે કે કેમ ? કે પછી એમાં ઈશ્વરને કોઈ નિસ્બત જ નથી ?

[૧] ભારતનાં દર્શનશાસ્ત્રો અને ઉપનિષદો આ પ્રશ્નને જુદી જુદી રીતે છણે છે. અને એનો પડઘો ગાજી રહે છે : ઈશ્વર સગુણ છે કે નિર્ગુણ ?

વેદાંતધર્મ જવાબ વાળે છે : ઈશ્વર તો સત, ચિત્ અને આનંદ (સચ્ચિદાનંદ) છે. એવો બ્રહ્મ સુખ કે દુઃખની કોઈ પ્રકારની લાગણી અનુભવી શકે નહિ. બ્રહ્મ તો અનુભવ અને લાગણીથી પર છે. વેદાંતનો સમર્થ મીમાંસક શ્રીમદ્ શંકરાચાર્ય કહે છે, બ્રહ્મમાં કોઈ અતૃપ્ત અભિલાષા નથી. એટલે તેનામાં કોઈ પણ પ્રકારની લાગણીનો તરંગ ઊઠતો નથી. છલોછલ ભર્યાં સરોવરમાં કોઈ તરંગો ઊઠતા નથી, તેમ જ સંપૂર્ણ સચ્ચિદાનંદ બ્રહ્મમાં લાગણી કે ભાવનાનો કોઈ તરંગ ઊઠતો નથી.

એવા ઉર્મિરહિત બ્રહ્મને માનવીનાં સુખદુઃખમાં કંઈ જ રસ નથી કે નિસ્બત નથી. ઊલટું, વેદાંત તો શીખવે છે કે સંસાર માત્ર સત્ય નથી પણ માયા છે. માનવી હસ્તી ધરાવતો નથી, અને સુખદુઃખની પણ હયાતી નથી. પાપ-પુણ્ય નથી, અને એનો બદલો પણ નથી. એ બધું સત્યને ઢાંકી દેતું માયા – એ જ્ઞાનનું આવરણ છે. પણ પાપને અને તેથી પરિણમતા દુઃખને માયા નામ આપી ઢાંકપિછોડો કરવો એ ભીંત ભૂલ્યા બરાબર છે. જંગલને માર્ગે જતાં સામો વાઘ મળે, ને આપણી ઉપર તરાપ ટાંપતો હોય, ત્યારે એ તો માત્ર માયા છે, – વાઘ નથી, એમ મન સંતોષવાથી પરિણામ શું આવે એ સમજી શકાય તેમ છે. માયાનો ઢાંકપિછોડો એવો જ ખતરનાક છે.

આ વીસમી સદીનું માનસશાસ્ત્ર પણ એવા જ ઢાંકપિછોડા ધરે છે. કેટલાક ઉપરછલ્લા માનસશાસ્ત્રીઓ નૈતિક અધઃપતનને હળવાં હળવાં નામ આપી પાપના ડંખને સંતાડી દે છે. પાપી સ્થિતિને તેઓ 'ન્યુરોસીસ,' 'કોમ્પ્લેક્સોઝ,' 'વિભાજિત વ્યક્તિત્વ' (ડિવાઇડેડ પર્સનાલિટી), 'ગુરુગ્રંથિ,' (સુપીરિઓરિટી કોમ્પ્લેક્સ), 'લઘુગ્રંથિ' (ઇન્ફીરિયોરિટી કોમ્પ્લેક્સ) એવાં એવાં નામ આપે છે. પણ ન્યુમોનિયાને માત્ર શરદી એવું નામ આપવાથી ન્યુમોનિયાનું ખતરનાક પરિણામ ઓછું થાય ખરું ?

[૨] 'કર્મ અને જન્માંતર'ના સિદ્ધાંતનું શિક્ષણ પણ કંઈક અંશે એવું જ છે. માણસે કરેલાં કર્મનું ફળ તેણે પોતે અટલ ભોગવવું જ રહ્યું, – આ જન્મમાં, કે આવતા જન્મમાં, કે એના પછીના જન્મોમાં. એનાં પાપ–પુણ્યોનાં કર્મનું ફળ ભોગવવા અન્ય કોઈ ભાગીદાર બની શકે નહિ. એણે, એણે, અને એણે એકલાએ જ એ ભોગવવું રહ્યું. કર્મફળના બંધનમાંથી એને અન્ય કોઈ છોડાવી શકે જ નહિ, – માણસેય નહિ, અને ઈશ્વર પણ નહિ. આ શિક્ષણ પ્રમાણે ઈશ્વર માણસનાં દુઃખોમાં દુઃખી થતો નથી, કે એનાં સુખોમાં પ્રસન્ન થતો નથી. મતલબ કે ઈશ્વર માનવીના જીવનમાં સંડોવાતો જ નથી.

[૩] પરમાત્મા અને જીવાત્મા–ઈશ્વર અને માણસ–અલગ અલગ છે એવું શીખવનાર દ્વૈતવાદ જરા જુદો સૂર કાઢે છે. એ કહે છે : ઈશ્વર સગુણ છે; ભક્તની ભક્તિથી ઈશ્વર પ્રસન્ન થાય છે. ઈશ્વર વર (વરદાન) આપે છે, ભક્તના જીવનમાં તે રસ ધરાવે છે, પણ તે માણસનાં દુઃખોમાં દુઃખી થઈને પોતે માણસના જીવનમાં સંડોવાય, એનાં દુઃખો ઉઠાવે, એ અસંભવિત છે.

તત્ત્વજ્ઞાન અને દર્શનશાસ્ત્રો મનન કરી કરીને મેળવેલા ઊંડા જ્ઞાનના મહાસાગરો છે એ વાત તદ્દન ખરી, પણ માનવ ઇતિહાસમાં ઈશ્વરે માણસજાત માટે કંઈ કર્યું છે કે નહિ, એ વિષે ત્યાં શબ્દ સરખોયે નથી. માણસના દુઃખમાં ઈશ્વર દુઃખી થયો હોય, એમાં પોતાને સંડોવ્યો હોય એવું એકાદ વાક્ય પણ એ દર્શનશાસ્ત્રોમાં ક્યાંયે નોંધેલું નથી. માણસનાં દુઃખ ઉઠાવતો હોય, માણસને બદલે વેઠતો હોય, એવા ઈશ્વરને એમાં ચીતર્યો નથી.

[૪] બૌદ્ધ મત પણ માણસના ઉદ્ધારમાં વચ્ચે ઈશ્વરને સંડોવતો જ નથી. દુઃખનું કારણ 'અજ્ઞાન' અને ઇચ્છા જ છે, અને આ બે અનિષ્ટોમાંથી મુક્ત થઈ જવામાં જ 'નિર્વાણ' સમાયેલું છે, એવું તે

શીખવે છે. અને માણસે જાતે જ આ નિર્વાણ મેળવી લેવાનું છે. ઈશ્વરને એમાં સ્થાન જ નથી. બૌદ્ધમાર્ગી ચિંતનમાં ઈશ્વરને ક્યાંયે દર્શાવ્યો નથી, અને માણસના જીવનમાં સંડોવાયેલો કે રસ લેતો બતાવ્યો નથી.

[૫] 'અલ્લાહો અકબર' – ઈશ્વર મહાન છે, એવું ઇસ્લામી માન્યતામાં શીખવવામાં આવે છે. અલ્લા સર્વનું મહાન 'કારણ' છે; પોતાની ઇચ્છા પ્રમાણે તે સર્વ પર શાસન કરનાર ન્યાયાધીશ છે! તે પોતાની આપખુદ ઇચ્છા પ્રમાણે પ્રત્યેક માનવીના હક્કમાં કરે છે. કોઈ તેને 'હા' કે 'ના' કહી શકે નહિ. હા, અલ્લા રહેમાણુ છે એવું ધર્મના વિશ્વાસનામામાં કહ્યું છે. કોઈ ચક્રવર્તી રાજાધિરાજ પેઠે તે ચાહે તેની ઉપર રહેમ રાખે છે, અને ચાહે તેને દંડ દે છે.

પણ શું આ અલ્લા પોતે બનાવેલા જીવોના હક્કમાં દુઃખ ઉઠાવે? બિલકુલ નહિ. એવો પ્રશ્ન કરવો એ જ ઈશ્વરનિંદા સમાન છે. ઈશ્વર દુઃખ ઉઠાવી શકે જ નહિ. એટલે તો ઇસા આલેસલામ વધસ્તંભે મર્યા જ નહોતા એવું તેઓ કહે છે. તેમને ક્રૂસની વાત મૂર્ખતારૂપ લાગે છે. ઈશ્વર દુઃખ ભોગવી શકે જ નહિ, મૃત્યુ સહે જ નહિ, માણસોનાં સુખદુઃખમાં તે સંડોવાઈ શકે જ નહિ. કુરાને શરીફમાં અલ્લાહના ૯૯ ગુણ ગણાવ્યા છે, પણ એમાં પ્રેમનો ગુણ સમાવેલો નથી.

[૬] નસીબવાદ, પ્રારબ્ધવાદ કે કિસ્મતવાદ કહે છે કે ઈશ્વર સૃષ્ટિનો સૃજનહાર ખરો, પણ હવે એની પોતાની સૃષ્ટિ સાથે એને કંઈ સંબંધ નથી. એણે સૃષ્ટિ સરજીને એનાં ચક્કરો ગતિમાન કરી દીધાં છે. સૃષ્ટિ હવે એ યોજાયેલાં ચક્કરો પ્રમાણે જ ચાલ્યા કરે છે. ઈશ્વર હવે એમાં રસ લેતો નથી, સંડોવાતો નથી, કે કોઈ દરમિયાનગીરી કરતો નથી. ઘડિયાળીએ ઘડિયાળ બનાવ્યું, અને ચક્કરોને ગતિમાન

કર્યાં – કોઈને આમ ફરતાં અને કોઈને તેમ ફરતાં બનાવ્યાં. હવે એમાંનાં કોઈ ચક્કર ઊલટી દિશામાં ફરવા ઇચ્છી શકે નહિ, કે ફરી શકે પણ નહિ. એમ જ, વિધિએ નસીબમાં, કિસ્મતમાં નોંધ્યું–ઠરાવ્યું હોય એમ જ બધું ચાલ્યા કરે. આ જડ યંત્રવાદમાં માણસ માત્ર એક યંત્ર બની રહે છે, અને ઈશ્વર માણસના સુખદુઃખથી નિરાળો, અલિપ્ત રહે છે, જેમ ઘડિયાળી ઘડિયાળથી અલિપ્ત છે તેમ.

[૭] આજનો જડવાદ અને ઉત્ક્રાંતિવાદ ન તો ઈશ્વરમાં માને છે, ન તો આત્મામાં માને છે. આ મત પ્રમાણે પાપ કે પુણ્યકર્મો જેવું કંઈ છે જ નહિ. માણસ થોડી વાર માટે આ દુનિયામાં હયાત છે, અને પછી તે કુદરતનાં તત્ત્વોમાં ભળી જશે, અને એનું અસ્તિત્વ કાયમ માટે લોપ થશે. મૃત્યુ એ જ એનો આખરી છેડો છે.

[૮] આ બધાથી ઊલટું, બાઇબલમાં ઈશ્વરને શરૂઆતથી માંડીને માનવજાતમાં રસ લેતો અને પોતાને સંડોવતો વર્ણવ્યો છે. સ્વયંભૂ ઈશ્વર સૃષ્ટિનો સર્જનહાર છે; માનવીનો બનાવનાર પણ તે જ છે. પણ તેથી આગળ વધીને એ ઈશ્વર માણસના જીવનમાં રસ લેતો આવ્યો છે, માણસના જીવનમાં એના સુખદુઃખમાં પોતાને સંડોવતો આવ્યો છે. બાઇબલમાં જૂનો કરાર કહે છે : "તેમનાં સર્વ દુઃખોમાં તે (ઈશ્વર) દુઃખી થયો" (યશાયા ૬૩:૯). દુનિયાની જે દુર્દશા છે, તે જોઈને સાચો પ્રેમ દુઃખી થાય જ થાય.

## બાઇબલમાં ઈશ્વરનું પ્રકટીકરણ

બાઇબલ એ ઈશ્વરનું પોતાનું પ્રકટીકરણ છે. પાપી અને દુઃખી માનવજાતને મુક્તિ બક્ષવા ઈશ્વરે પોતે પોતાને પ્રગટ કર્યો. ઈશ્વરની શોધ કરતી, ઝંખતી માનવજાતને ઈશ્વરે પોતે પોતાની ઓળખ આપી. માનવજાતે ફંફોસી ફંફોસીને ઈશ્વરને શોધી કાઢ્યો, એમ તો નહિ, પણ ઝંખતી–ઢૂંઢતી માનવજાતને ઈશ્વરે પોતે પોતાની ઓળખ આપી. બાઇબલ

ઈશ્વરે આપેલી આ ક્રમશઃ ઓળખનો ઇતિહાસ છે. અને સમયની સંપૂર્ણતાએ ઈશ્વરે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં પોતાની પૂરી ઓળખ આપી દીધી. વધસ્તંભમાં તો ઈશ્વરના જાણે કે ખુલ્લા હૃદયને આપણે જોઈ–ઓળખી લીધું. ઈશ્વરના સનાતન હૈયામાં માણસ માટે કેવી લાગણીઓ અને ભાવનાઓ હતી તે આપણે વધસ્તંભે જોઈ શકયા : "ઈશ્વરે જગત ઉપર એટલો પ્રેમ કર્યો કે તેણે પોતાનો એકમાત્ર પુત્ર આપી દીધો, એ માટે કે જે કોઈ તેના ઉપર શ્રદ્ધા લાવે તેનો નાશ ન થાય, પણ તે શાશ્વતજીવન પામે" (યોહાન ૩ : ૧૬).

### ઈશ્વર સદેહ થયા

પાપ અને અનિષ્ઠે આપણા ઉપર એવી તો સત્તા જમાવી છે કે આપણે તેમાંથી ચસકવા તદ્દન અશક્તિમાન છીએ. આપણું જીવન જાણે ખતરામાં છે. એવી આશાહીન દુર્દશામાં ન તો કોઈ ધર્મ–કર્મ કે ન તો કોઈ સદ્‌વિચાર કામ લાગવાનો. આવે વખતે તો કોઈ મહા-શક્તિશાળી અને નિષ્કલંક વ્યક્તિ વચ્ચે પડીને અપૂર્વ કાર્ય વડે આપણી દશા પલટી નાખે એ જ જરૂરનું છે. અને એમ જ બન્યું. માનવજાતની આવી બિલકુલ અસાધ્ય દુર્દશામાં ખુદ ઈશ્વરે જાતે દરમિયાનગીરી કરી, અને મુક્તિના મહાકાર્ય દ્વારા માનવીની દુરાવસ્થાને જળમૂળથી પલટી નાખી.

ઇતિહાસની એક પરમ ઘડીએ ઈશ્વર આ અવનિમાં અવતર્યો, માનવદેહધારી બન્યો અને માણસને પાપના બોજમાંથી તથા પાપના સામ્રાજ્યમાંથી મુક્તિ આપવા વધસ્તંભે મર્યો. એ જ બાઇબલનો શુભ-સંદેશ છે. બાઇબલ સદ્‌વિચારો અને ધર્મસિદ્ધાંતોનો શુભસંગ્રહ નથી, પરંતુ મુક્તિના એક અજોડ મહાકાર્યની વધામણીની વાત છે, શુભ સમાચાર છે, ખુશ ખબર છે. એટલે જ ખ્રિસ્તી સંદેશો કોઈ તત્ત્વજ્ઞાનની આસપાસ વણાયેલી વાત નહિ, પણ જીવંત વ્યક્તિના એટલે કે દેહધારી ઈશ્વરના અપૂર્વ બલિદાનની આસપાસ–વધસ્તંભની આસપાસ-

કેન્દ્રિત એવો શુભ સંદેશ છે. બાઇબલને પાનેપાને આ જ શુભ સંદેશ છે. માણસજાતના ઇતિહાસમાં ઈશ્વરે દરમિયાનગીરી કે અંતરાગમન કર્યું.

## ઈશ્વર માનવી જીવનમાં પોતાને સંડોવે છે

પશ્ચિમના દેશોમાં 'રોબોટ' નામનું ઇલેકટ્રોનિક યંત્ર બનાવવામાં આવે છે. એને મનુષ્યના આકારનું બનાવાય છે. આ યંત્ર માણસની જેમ પ્રશ્નોના જવાબ આપે છે, ગણિતના દાખલા ગણે છે. કહો તો કવિતા પણ બનાવી શકે છે. માણસના જેવી ઘણી બધી કામગીરી આ 'રોબોટ' બજાવી શકે છે. પણ શું કોઈ યુવતી આવા યંત્ર–માનવ 'રોબોટ'ની સાથે પ્રેમમાં પડે ખરી ? ના, કદીયે નહિ. કેમ ? કારણ, યુવતીના ધબકતા હૈયા જેવું હૈયું આ યંત્ર–માનવને નથી. યુવતીના પ્રેમના પરછંદા ઝીલી શકે એવું આ યંત્રને હૈયું ક્યાં છે ? યુવતીના સુખમાં કે દુઃખમાં ધબકી ઊઠે એવું હૃદય એને ક્યાં છે ? પ્રેમ તો એકતારે ધબકતાં હૃદયો વચ્ચે જ હોય.

જો ઈશ્વર માનવીનાં સુખદુઃખમાં લાગણી નથી અનુભવતો, જો તે માનવજાતના જીવનમાં પોતાને નથી સંડોવતો, તો ઈશ્વર પણ આવા સર્વસમકક્ષ પણ લાગણીહીન યંત્ર જેવો જ ગણાય ને ! એવા લાગણી-હીન ઈશ્વરને કોણ પોતાનું જીવન સમર્પે ? એની સાથે કોણ પ્રેમમાં પડે ? પણ વાસ્તવમાં ઈશ્વર કંઈ રોબોટ જેવો યંત્રવત્ નથી. ઊલટું, બાઇબલમાં તો ઈશ્વરને માનવીનાં સુખદુઃખમાં ઊંડો રસ ધરાવતો, અને માનવજાતના જીવનમાં પોતાને સંડોવતો બતાવ્યો છે.

પ્રભુ ઈસુ પોતાનો જીવનહેતુ જણાવતાં કહે છે, "ખોવાયેલું શોધવા તથા તારવા સારુ મનુષ્યપુત્ર (પોતે) આવ્યો છે." (લૂક ૧૯:૧૦). એ સમજાવવા તેમણે 'ખોવાયેલી અધેલી', 'ખોવાયેલું ઘેટું', અને 'ખોવાયેલા દીકરા'નાં દૃષ્ટાંત આપ્યાં.

દશમાંથી ખોવાયેલી એક અધેલીને શોધતી પેલી સ્ત્રીની માફક, હા, સોમાંથી ખોવાયેલા એક ઘેટાને શોધવા નીકળેલા ભરવાડની માફક, અને ભટકેલા પુત્રને ઝંખતા પિતાની માફક, પ્રભુ ઈસુ પાપના બિયાબાંમાં ખોવાયેલાં માનવીને શોધવા અને મુક્તિ પમાડવા આવ્યા. આ કેવો અજાયબ શુભસંદેશ ! આ કેવી આનંદની વાત !

ખોવાયેલી અધેલી જડતાં એટલા પૂરતી પેલી સ્ત્રીની મિલકત વધી ગઈ ! ખોવાયેલા ઘેટાને શોધી લાવતાં ભરવાડનું એટલું પશુધન વધી ગયું ! ભટકેલા–ખોવાયેલા પુત્રને પાછો મેળવતાં પિતા લાભ્યો જ. પણ જે એક જ શબ્દથી હજારો સૃષ્ટિ બનાવી શકે, અને જેને કોઈ પ્રકારની કશી ખોટ નથી, એવો ઈશ્વર શા માટે માણસને ઝંખે ? શા માટે માણસને શોધવા અને બચાવવા તે નીકળે ? શા માટે માણસ-જાતને બદલે તે વધસ્તંભના કારુણ્યભર્યાં મોતે મરે ? એ જ કારણે કે તે પોતે પ્રેમ છે. 'ઈશ્વર પ્રેમ છે' (૧ યોહાન ૪:૮).

સારુંયે સ્વર્ગ અને આખુંયે વિશ્વ ઈશ્વરનાં જ છે. તોયે તેનું પ્રેમાળ હૈયું માનવને માટે ઝંખે છે. જાણે ભર્યાં ભર્યાં સ્વર્ગ, અને સુમાર વિનાનાં વિશ્વો ભટકેલા–ખોવાયેલા માણસને પાછો ઘેર લાવ્યા વગર ઈશ્વરને ઠાલાં ઠાલાં લાગતાં ન હોય ! અહા, આ પ્રેમ ! એટલે જ એદન બાગમાંની પેલી બૂમ : "આદમ, આદમ, તું ક્યાં છે ?" એ ગુનેગારને શોધી ધરપકડ કરવા નીકળેલા પોલિસ અફસર જેવી નહિ, પણ છાપામાં જાહેરખબરો આવે છે તેમ, નાસી ગયેલા પુત્રને ઝંખતા પિતાની વાણી જેવી છે, 'પુત્ર, મારા પ્યારા પુત્ર, તું ક્યાં છે ? તું જલદી પાછો ઘેર આવ.' અને ઈશ્વર પિતા ખોવાયેલા–ભટકેલા માનવીને શોધવા અને તારવા છેક કાલવરીની ટેકરી સુધી આવ્યા, તે પર લટકાઈ ગયા.

જાણે મા પોતાના તાવથી તરફડતા બાળકને છાતી સરસું ચાંપી દે, અને આંસુભરી આંખે બાળકના ખોવાયેલા મોં સામે જોઈ કહે,

'બેટા, મારા લાડકા દીકરા, તારું દુઃખ મારા પર આવી જાય તો કેવું સારું !' લાખ મથામણ અને હૈયાભર્યો પ્રેમ છતાં મા બાળકનું દુઃખ પોતાના પર લઈ શકતી નથી. પણ ઈશ્વરે તો વધસ્તંભે જાણે કે તમને અને મને, હા, આખી માનવજાતને પ્રેમથી છલકાતી છાતીએ ચાંપી દીધી, અને આપણો શાપ અને દંડ પોતાના પર લઈ લીધા !

અમેરિકી પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકને દેશને માટે અને નીગ્રોને માટે ઘણું ઘણું કર્યું હતું. એને કોઈએ ગોળીએ માર્યો. લિંકનના શબને ખાસ રેલવે ટ્રેઈનમાં દેશમાં ફેરવવામાં આવ્યુ. એક રેલવે સ્ટેશને આ શબ-ટ્રેઈન થોભી અને શબને બહાર લાવવામાં આવ્યું, ત્યારે એક નીગ્રો માતા ભારે મેદનીમાં પોતાના બાળકને ઊંચું ધરે છે અને આંખમાં આંસુ સાથે કહે છે : "બેટા, જો, તારો તારણહાર !" અને ઓ તમે પાપની ગુલામીમાંથી છુટકારો પામેલા બધા, જુઓ, વધસ્તંભે આ તમારો તારણહારો ! આવો, એના ચરણે શીશ નમાવો.

અને ઈશ્વર પિતા ખોવાયેલા–ભટકેલા માનવીને શોધવા અને તારવા છેક કાલવરીની ટેકરી સુધી આવ્યા, તે પર લટકાઈ ગયા.

બાઇબલ શીખવે છે કે ઈશ્વર પ્રેમી અને પવિત્ર પિતા છે. અને તેણે પ્રેમ તથા પવિત્રાઈના ધોરણે આખું વિશ્વ સૃજ્યું છે, અને સર્વ માણસો સ્વર્ગીય કુટુંબમાં ભાંડુઓ છે. એટલે જ જેમ કુટુંબમાં એકની ભૂલ બધાંને ખિન્ન કરે છે, અસર પહોંચાડે છે, તેમ આ સ્વર્ગીય કુટુંબમાં એક જણનું પાપ એનું એકલાનું રહેતું નથી, અને એનું પરિણામ એણે એકલાએ જ ભોગવવાનું રહેતું નથી. એકના પાપે આપણ બધાંને કોઈક રીતે દુઃખ ભોગવવું પડે છે, એટલું જ નહિ, પણ એના પાપનું પરિણામ એના અધિકારની બહાર દૂર દૂર અસરો ફેલાવે છે, – હા, ભૌતિક વિશ્વની બહાર ઠેઠ ઈશ્વર સુધી પહોંચે છે, અને વિશ્વના પિતા તરીકે ઈશ્વરને પણ એથી દુઃખ વેઠવું પડે છે. ખરેખર, માણસ પોતાનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરવાને બિલકુલ અશક્ત છે.

એટલે જ પાપી માણસના અવેજી બનીને માણસને બદલે નિષ્કલંક ઈશ્વરે પોતાની જાતનું બલિદાન આપ્યું. આત્મિક દુનિયામાં માણસના પાપને કારણે ઊભું થયેલું ભંગાણ, અવ્યવસ્થા અને એનાં પરિણામ કોઈ કે સરભર કરવાં રહ્યાં; એ બધું એમ તે એમ સરભર ન થાય. એટલે જ ઈશ્વરપુત્ર પોતે આત્મિક દુનિયાનું ભંગાણ, અવ્યવસ્થા અને એનાં પરિણામ દૂર કરવા છેક મૃત્યુ સુધીનું પરિણામ ભોગવે છે. પાપ અને એનાં પરિણામ એટલાં ખતરનાક છે.

## મૃત્યુંજય પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને માણસનું નવું જીવન

મૃત્યુને વરેલા પ્રભુ ઈસુને વહાલાંઓએ વધસ્તંભથી ઉતારીને કબરમાં દફનાવ્યા. પણ સનાતન ઈશ્વરને કબર જકડી રાખી શકે નહિ. પ્રભુ ઈસુ ત્રીજે દિવસે પ્રભાત ઊગે તે પહેલાં મૃત્યુંજય બનીને પાછા સજીવન બનીને ઊઠયા. ચાળીસ દિવસ પૃથ્વી પર રહ્યા. એ પછી એમનું સ્વર્ગારોહણ થયું. મૃત્યુંજયી નવલા મહિમાવંત માનવદેહ સહિત તેઓ સ્વર્ગે સિધાવ્યા.

માનવતી પાપમુક્તિના મહાકાર્ય ઉપર પ્રભુ ઈસુએ મૃત્યુમાંથી પુનર્જીવિત બનીને મહોર-મુદ્રા મારી છે. અને હવે જે કોઈ તેમની ઉપર શ્રદ્ધા લાવે અને તેમણે સિદ્ધ કરેલી પાપ-માફીનો સ્વીકાર કરે તેને પાપમુક્તિ તથા શાશ્વતજીવન તે બક્ષે છે. આમ ખ્રિસ્ત કેવળ ભૂતકાળની જ ઐતિહાસિક વ્યક્તિ નથી; તે વર્તમાનકાળમાં પણ ખરેખર જીવંત હોઈને હાજર છે. મૃત્યુમાંથી પાછા ઊઠી મૃત્યુંજય બનેલા ખ્રિસ્ત સદાકાળ માટે જીવંત પ્રભુ છે, અને પોતા પર વિશ્વાસ કરનારાંમાં પવિત્રાત્મા દ્વારા નિરંતર નિવાસ કરતા રહે છે. તેમણે પોતાના શિષ્યોને આ અભયવચન આપ્યું છે કે, "જુઓ, જગતના અંત સુધી હું તમારી સાથે છું" (માથ્થી ૨૮ : ૨૦).

પ્રભુ ઈસુના ક્રૂસ ઉપરના ઉદ્ધારક મહાકાર્ય દ્વારા શ્રદ્ધાળુને ત્રણે પ્રકારના ત્રિકાળી ઉદ્ધાર કે મુક્તિનો સાક્ષાત્કાર થાય છે.

(૧) **પાપના દોષ તેમ જ પાપની શિક્ષા યા નરકની શિક્ષામાંથી છુટકારો :** મનુષ્યને માટે એનાં પાપનાં પરિણામરૂપે ઊભી થયેલી શિક્ષા અને નરકની યાતનાને પ્રભુ ઈસુએ પોતે વધસ્તંભ પર સહી લીધી. અને એમ એ બધાંમાંથી મનુષ્યને છુટકારો પમાડ્યો. પાપનાં ઘારાં તેમણે દૂર કરી દીધાં છે. પાપનો દોષ પણ આપણા પરથી દૂર થઈ ગયો. તમારાં અને મારાં પાપ બે હજાર વર્ષ પૂર્વે પ્રભુ ઈસુએ વધસ્તંભ પર દૂર કર્યાં. "એ માટે જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે તેઓને હવે દંડાજ્ઞા નથી" (રોમન ૮ : ૧). પાપનો દંડ, નરકની શિક્ષા આપણે બદલે ઈસુએ વધસ્તંભ પર ખમી લીધાં. હવે આપણે મુક્ત થયા (લૂક ૭ : ૫૦. ૧ કોરિંથી ૧ : ૧૮. ૨ કોરિંથી ૨ : ૧૫. એફેસી ૨ : ૧૮. યશાયા ૫૩ : ૫).

(૨) **પાપની પકડમાંથી મુક્તિ :** માણસના આત્મા પર પાપની પકડ અને પાપનું બળ જેવાં તેવાં નથી ! પ્રભુ ઈસુ પોતાના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા હવે આપણને નવું જીવન બક્ષે છે. આ નવા જીવનમાં પાપના બળમાંથી, પાપના રાજમાંથી અને પાપની પકડમાંથી આપણે માટે મુક્તિ સમાયેલી છે. પ્રભુ ઈસુ તેમણે મોકલેલા પવિત્ર આત્મા દ્વારા આપણને દરરોજના જીવનમાં પાપ, પ્રલોભન અને કસોટી પર વિજય પમાડે છે. જંગલી ફળના ઝાડને રસદાર અને મીઠા વૃક્ષ સાથે કલમ કરવાથી નવી જાતનાં મીઠાં અને સરસ ફળ આવે, એમ આપણને ખ્રિસ્તમાં જાણે કે કલમ કરવામાં આવ્યાં છે. આ આપણા માટે દરરોજના નવા સામર્થ્યનો અનુભવ હોઈને એ વર્તમાનની વાત બને છે. આ અનુભવ દરરોજ સતત અનુભવવાનો છે. આપમેળે જે આપણે કરી શકતા નહોતા તે બધું પ્રભુ ઈસુ ખ્રિસ્તના આત્મા દ્વારા કરી શકીએ છીએ. કેવા આનંદની વાત ! કેવી પરમમુક્તિ ! (રોમન ૬ : ૧૪. ૮ : ૨. ૨ કોરિંથી ૩ : ૧૮. ગલાતી ૨ : ૧૯–૨૦. ૨ થેસ્સા ૨ : ૧૩).

(૩) **પાપભર્યા વાતાવરણમાંથી મુક્તિ અને મહિમાવંતા શરીરની પ્રાપ્તિ :** શ્રદ્ધાળુને મૃત્યુ પછી સ્વર્ગમાં વાસ મળશે, જ્યાં પાપ, દોષ, અપરાધ એવું કંઈ જ નહિ હોય, અને વાતાવરણ પાપ રહિત હશે. પ્રલોભનકારી અને ભમાવનારી શેતાનીય અસરો ત્યાં જરાયે નહિ હોય. બધું જ વાતાવરણ પાવનકારી અને પવિત્ર હશે. ઉદ્ધાર યા મુક્તિનો આ ત્રીજો તબક્કો અથવા ભવિષ્યકાળ છે (પ્રકટી. ૨૧ : ૨૭).

વળી આ ત્રીજા તબક્કામાં એટલે કે મૃત્યુ પછી શ્રદ્ધાળુઓને મહિમાવંતાં શરીર પ્રાપ્ત થશે. યુગને અંતે પાપ અને શાપની અસરો દૂર થવાથી ચૈતન્યમયી તેમ જ રોગ, જરા, અને મૃત્યુ રહિત એવું અજરામર, મહિમાવંતું શરીર પ્રાપ્ત થશે (રોમન ૮:૧૮–૨૩. ૧ કોરિંથી ૧૫ : ૪૨–૪૪. પ્રકટી. ૨૧ : ૧–૫).

આ પરમમુક્તિ અને શાશ્વતજીવન પામવા પ્રભુ ઈસુ તમને બોલાવે છે. આવો, તેમનું શરણું સ્વીકારી લો.

## લેખકનાં પુસ્તકો

* બાઇબલના આંકડા (અનુવાદ)
* શામગુફાનો શહીદ (અનુવાદ)
* ગાંધીજીને ગમતાં ગીતો
* વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ)
* ગુજરાતી બાઇબલનો ઇતિહાસ
* બાઇબલ કોણે લખ્યું ? (ડ્રામા)
* ખ્રિસ્તી શિષ્યપણું-કઠણ માર્ગે (અનુવાદ)
* ચોથા માગીની કથા (અંગ્રેજીને આધારે)
* ઈસુ જીવનદર્શન (બાળકો માટે સચિત્ર)
* અનોખી ઇઝરાયલ પ્રજા (ચાર આવૃત્તિ)
* બાઇબલ-અભ્યાસ ભાગ ૧ લો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* બાઇબલ અભ્યાસ ભાગ ૨ જો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* બાઇબલ-અભ્યાસ ભાગ ૩ જો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* બાઇબલ અભ્યાસ ભાગ ૪ થો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* બાઇબલ-અભ્યાસ ભાગ ૫ મો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* બાઇબલ-અભ્યાસ ભાગ ૬ ઠ્ઠો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* માનવીનાં દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો ? (ટ્રાક્ટ)
* યરુશાલેમનું મંદિર બંધાશે ? કયારે ? કયાં ? કેમ ?

(બીજી આવૃત્તિ તૈયાર થાય છે)

* અજાયબ ભવિષ્યવચનો-(મુક્તિયોજનાનાં સાત પર્વ)
* દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન : પુનરા. ગ્રંથાવલી-૧
* પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન : પુનરા. ગ્રંથાવલી-૨
* રશિયા, ઇઝરાયલ અને બાઇબલ : પુનરા. : ગ્રંથાવલી-૩
* મૂળભૂત હક્કો પર તરાપ મારતું બિલ (ટ્રાક્ટ)
* અન્ય ટ્રાક્ટો
* ચાર્ટો દ્વારા સળંગ બાઇબલ શિક્ષણ (પ્રેસમાં છપાય છે)

## આગામી પુસ્તકો

* પ્રકટીકરણનું પુસ્તક અને પુનરાગમન : પુનરા. ગ્રંથાવલી-૪
* વિશ્વ બનાવો અને પ્રભુ ઈસુનું પુનરાગમન : પુનરા. ગ્રંથાવલી ૫
* મૃત્યુને પેલે પાર
* બાઇબલ અને સાયન્સ : ઉત્પત્તિના પહેલા ૧૧ અધ્યાય પર વિવરણ
* દુઃખનો પ્રશ્ન

- પ્રાપ્તિસ્થાન -

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

તેમ જ

**ગુજરાતના ખ્રિસ્તી પુસ્તક-ભંડારો**